સરસ્વતી વિદ્યામંડળ
સ્થાપના : ૧૯૪૪

આપણા કૌટુંબિક જીવનની માવજત કરી
આપણાં સંસ્કૃતિ અને સંસ્કારને વ્યક્તિ ઘડતર દ્વારા
સમૃદ્ધ કરવાની ઝંખના સેવતું માસિક...

છૂટક કિંમત : રૂ. ૨૦/- ● વાર્ષિક લવાજમ: રૂ. ૧૫૦/-
PUBLICATION : 2ND DATE OF MONTH

# ઘરશાળા

વર્ષ : ૪૧ | સળંગ અંક : ૪૯૮ | અંક : ૮ | નવેમ્બર - ૨૦૧૮

## દિપાવલીની શુભેચ્છાઓ...
## નૂતન વર્ષાભિનંદન














# શતાબ્દી વંદના

## મુ. શ્રી જશીબેન નાયક

જન્મ તા. ૧૮ નવેમ્બર ૧૯૧૮ ઉછેર ભાવનગરની સાદી છતાં ભવ્ય સંસ્થા દક્ષિણામૂર્તિ સંકુલમાં. સંસ્થાના બધા જ પરિવારો વિશાળ પરિવારની ભાવનાથી રહેતા. છાત્રાલયનાં બાળકો પણ તેમાં ભળી જતાં વાનરસેના થતી. વિરાટ હોળી હોય કે દિવાળી, ઢળતી બપોર હોય કે ઘેરાતી સાંજ, હરભાઈ નામના વિશાળ વડલાની છાયામાં ટણક ટોળી ગાજ્યા કરતી આ ટોળીના એક સભ્ય હુતુતુ અને કબ્બડીના મહિલા ખેલાડી, સંગીતપ્રેમી અને સંગીતાચાર્ય મુ.શ્રી જશીબેન આજે ૧૦૦ વર્ષ પૂરા કરી ૧૦૧ના વર્ષમાં પ્રવેશ કરે છે ત્યારે વૈચારિક યુવાન માતૃતુલ્ય મુ.શ્રી જશીબેનને શત્ શત્ વંદન.

**સરસ્વતી વિદ્યામંડળ પરિવાર**















# ઘરશાળા

**નવેમ્બર - ૨૦૧૮**

**વર્ષ : ૪૧ સળંગ અંક : ૪૯૮**

સ્થાપક તંત્રીઓ : **હરભાઈ ત્રિવેદી**
**રઘુભાઈ નાયક**

તંત્રીઓ : **જશીબહેન નાયક**
**જ્યોતીન્દ્રભાઈ દવે**
**સજુભા ઝાલા**

પરામર્શ : **મૃદુલાબહેન ત્રિવેદી**
**અમીતાબહેન પાલખીવાલા**
**અશોકભાઈ સોમપુરા**
**હેતલબહેન શાસ્ત્રી**

લે-આઉટ - ડિઝાઈન : **મનીષ પટેલ**

**આ માસિકમાં પ્રગટ થતા અભિપ્રાયો સાથે તંત્રી મંડળની સહમતી ના પણ હોઈ શકે. લેખ, લવાજમ, અંક ન મળવાની ફરિયાદ, કેળવણી વિષયક સમાચાર વગેરે કાર્યાલયના સરનામે મોકલવા વિનંતી છે. છપાનાર સામગ્રી પાછી મેળવવા જરૂરી પોસ્ટલ ટિકિટો મોકલવી.**

**શિક્ષણ-કેળવણી, બાળઉછેર, કૌટુંબિક જીવન, શિક્ષક-શિષ્યના સંબંધો, પ્રયોગાત્મક અહેવાલ, બાળ માનસશાસ્ત્ર આધારિત લેખો આવકાર્ય છે.**

**"ઘરશાળા" માસિકના એજન્ટ થવા ઈચ્છનારે કાર્યાલય સાથે પત્ર વ્યવહાર કરવો.**

**પત્ર વ્યવહારમાં ગ્રાહક નંબર અચૂક લખવો. સરનામામાં ફેરફાર થાય તો કાર્યાલયને તુરંત જાણ કરવી.**

| લવાજમ : | ભારત | પરદેશ | |
|---|---|---|---|
| વાર્ષિક : | ૧૫૦/- | ૪૦ $ | ૨૫ ¤ |
| આજીવન (૨૦ વર્ષ) | ૨,૦૦૦/- | ૨૦૦ $ | ૧૦૦ ¤ |



**કાર્યાલય :**
**'ઘરશાળા' શૈક્ષણિક માસિક**
**સરસ્વતી વિદ્યામંડળ**
**ડો. રઘુભાઈ નાયક શિક્ષણ સંકુલ,**
**સરસપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૮.**
**ફોન : ૨૨૯૨૦૫૩૭, ૨૨૯૨૫૫૭૦**
Email : gharashala@saraswatividyamandal.org
website : saraswatividyamandal.org


## અનુક્રમ


| | |
|---|---|
| મારી શૈક્ષણિક વિભાવનાઓ | ડૉ. મોહનભાઈ પંચાલ / ૪ |
| સંપાદકીય | જ્યોતીન્દ્રભાઈ દવે / ૫ |
| સ્મરણયાત્રા | જશીબહેન નાયક / ૬ |
| 'સરસ્વતી'ના અત્તર જેવા '૭૫' વર્ષ | ઉપેન્દ્રભાઈ પટેલ / ૧૦ |
| વૈદ્ય ડી. પી. મહેતા - દરદી જેનાં દેવ ! | પરિચાયક : ઈશ્વર પરમાર / ૧૧ |
| **HARBHAI TRIVEDI : A GLEAMING STAR OF TRUTH & FEARLESSNESS** | **Prof. P. M. Bhuptani / 15** |
| "મિલકત અને પાગલપન" | જશીબહેન નાયક / ૨૦ |
| "શિક્ષણના સામ્પ્રત પ્રવાહો" | પ્રા. દિનુભાઈ એસ. ચુડાસમા / ૨૨ |
| ધીરજનાં ફળ મીઠાં | રણછોડ શાહ / ૨૫ |
| માજીની અગાશી | હરિત પંડ્યા / ૨૭ |
| પંડિત જવાહરલાલ નહેરુ : સમાજ પરિવર્તનમાં શિક્ષણની ભૂમિકા | પ્રવીણ કે. મકવાણા / ૨૮ |
| શિક્ષકના સ્ટેથોસ્કોપમાં વિદ્યાર્થીપીડા પડઘાય તો...!?!! | તખુભાઈ સાંડસુર / ૨૯ |
| દીપોત્સવ | મિતલ પટેલ "પરિભાષા" / ૩૦ |
| કાબેલિયત | ડૉ. હિતેશ બી. શાહ / ૩૧ |
| દિવાળી | રાજેશ બારૈયા "વનવાસી" / ૩૩ |
| પરમવીર ચક્ર - ભારતીય સૈન્યનું સર્વોચ્ચ શૌર્ય સન્માન | પાલખીવાલા અમિતા મનુભાઈ / ૩૪ |
| અદ્દભુત શિક્ષિકા, અદ્દભુત લિસ્ટ | / ૪૦ |
| શિક્ષણ સમાચાર | અશોક સોમપુરા / ૪૧ |


# "ઘરશાળા" શૈક્ષણિક માસિક

**લેખક જોગ - વાચકો જોગ**

**માહિતી મોકલવા માટે ઈ-મેઈલ**

**gharashala@saraswatividyamandal.org**

**વાંચવા માટે**

**www.saraswatividyamandal.org/publication**

# મારી શૈક્ષણિક વિભાવનાઓ

**ડૉ. મોહનભાઈ પંચાલ**

મંથન, ૪૦, જનવિશ્રામ સોસાયટી, સહજાનંદ કૉલેજ પાછળ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫.

## બાળકોમાં લાગણીઓનો વિકાસ

શિક્ષણ અને લાગણીઓ (emotions) વચ્ચે અતૂટ સંબંધ હોઈ માબાપ અને શિક્ષકો બંનેએ બાળવિકાસ અને શિક્ષણ બંને પ્રત્યે ઊંડી સમજ કેળવવી જોઈએ.

આમ તો બાળકના જન્મ સાથે જ તે એક પ્રકારની લાગણી લેતું આવે છે. મનોવિજ્ઞાનીઓ, ખાસ કરીને બાળમનોવિજ્ઞાનીઓએ જન્મથી બે વર્ષની ઉંમરનાં બાળકોનું સૂક્ષ્મ અવલોકન હાથ ધરીને દર્શાવ્યું છે કે, જન્મકાળે બાળકમાં એક સામાન્ય ઉત્તેજના જ હોય છે, જે ત્રણેક માસ દરમિયાન કોઈ નિશ્ચિત પ્રકારના દુઃખ કે સુખમાં પરિવર્તન પામે છે.

બાળક છ મહિનાની ઉંમરે તેના દુઃખને ભય કે ભીતિની લાગણીમાં ફેરવી નાખે છે. સાથે સાથે તેનામાં અણગમો અને ગુસ્સો પણ આવવા લાગે છે. બાર મહિનામાં તેની આનંદની લાગણી પ્રસન્નતા અને પ્રેમમાં પરિવર્તન પામે છે. ત્યારબાદ લગભગ અઢાર મહિનાની ઉંમર સુધીમાં બાળક અન્ય બાળકો પ્રત્યે પ્રેમની લાગણી દર્શાવી શકે છે. પણ તેની સાથે સાથે જ તેનામાં ઈર્ષ્યાની લાગણી પણ વિકસતી રહે છે. ચોવીસ મહિનાની ઉંમર આસપાસ બાળકની છેલ્લી વિકસતી લાગણી જે છે, તે આનંદ (joy) હોય છે.

આમ, બીજા વર્ષની આખરની ઉંમરે, બાળક વિવિધ લાગણીઓ અને સંવેદનાઓ ધરાવતું થઈ જાય છે, જે તેના શિશુશાળાના ગાળા (અઢીથી ચાર વર્ષની ઉંમર) દરમિયાન પેલી લાગણીઓના અધિક વૃદ્ધિ-વિકાસની દિશામાં આગળ વધે છે.

ત્રીજા વર્ષના આરંભથી માંડી છઠ્ઠા વર્ષના અંત સુધીમાં બાળક કેટલીય વિવિધ લાગણીઓ અને સંવેદના ધરાવવાની સાથે, તેના જીવનના એક અત્યંત સંવેદનશીલ અવસ્થામાં પ્રવેશ કરે છે. જેને ફ્રોઈડ નામના મનોવૈજ્ઞાનિકે "ઓડિપસ કોમ્પ્લેક્સ" તરીકે ઓળખાવી છે. તેમાં કિશોર તેને તેના પિતા સાથે ઓળખાવે છે અને પુરુષ વર્તન દાખવે છે, જ્યારે કિશોરી પોતાને તેની માતા સાથે સરખાવી પોતાનું સ્ત્રીવર્તન વિકસાવે છે.

# સંપાદકીય

જ્યોતીન્દ્રભાઈ દવે

## શુભ દીપાવલી
## નૂતન વર્ષાભિનંદન

**પરિવારમાં બંધારણ ન હોય પણ વ્યવસ્થા હોય,**
**સૂચન ન હોય પણ સમજણ હોય,**
**કાયદો ન હોય પણ અનુસાશન હોય,**
**ભય ન હોય પણ ભરોસો હોય,**
**શોષણ ન હોય પણ પોષણ હોય,**
**આગ્રહ કે દુરાગ્રહ ન હોય પણ આદર હોય,**
**સંપર્ક નહીં પણ સંબંધ હોય**
**અને**
**સમજણ સાથે સર્જન પણ હોય**
**એ જ સાચો પરિવાર...**

**દીપાવલી તથા આવનારું નવું વર્ષ આપને તથા**
**આપના પરિવારને સુખમય, સમૃદ્ધિમય, આરોગ્યમય,**
**યશસ્વી નિવડે તે જ પ્રાર્થના સાથે સૌને**
**શુભ દીપાવલી**
**નૂતન વર્ષાભિનંદન**

# સ્મરણયાત્રા

**જશીબહેન નાયક**

મૈત્રી સોસાયટી, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫.

## વિદ્યાર્થીસંઘ લોકશાહીની સમજણ તરફ

એક દિવસ સવારે ચા પીતા પીતા હું રઘુભાઈની સાથે વાત કરતી હતી કે શાળાની દરેક પ્રવૃત્તિમાં બાળકો ભાગીદાર બને અને જવાબદારી સમજે એ માટે આપણે વિદ્યાર્થી સંઘની રચના કરીએ તો દરેક પ્રવૃત્તિ વિદ્યાર્થીને પોતાની લાગે. "રઘુભાઈએ તરત જ જવાબ આપ્યો : વિદ્યાર્થી સંઘની રચના કરવા માટે યોગ્ય વાતાવરણ હવે સર્જાયું છે. આપણે તે ક્યારે શરૂ કરીએ તે જ વિચારી લેવાનું છે." ફરી મેં પૂછ્યું, "આ પ્રવૃત્તિઓ સરસ છે, પણ તેની પાછળના સિદ્ધાંતો ક્યાં છે ? આપણે તમારી જેમ પીએચ.ડી. થયા નથી એટલે તેની પાછળની ફિલોસોફી ન સમજાય." તેઓ હસી પડ્યા અને કહે, "પીએચ.ડી. થયો એટલે બધું જ સમજાય એવું ઓછું છે ? સૌથી અગત્યની વસ્તુ તો એ છે કે જે પ્રવૃત્તિ કરીએ તે પ્રવૃત્તિ માટે આપણા મનમાં પૂરી શ્રદ્ધા હોવી જોઈએ. એ શ્રદ્ધા હોય તો જ પ્રવૃત્તિની શરૂઆત કરાય. બાકી શાળામાં વિદ્યાર્થી સંઘ ચલાવવો એ આપણાં લોકશાહી રાષ્ટ્રમાં ઘણું અગત્યનું બની રહે છે. વિદ્યાર્થી સંઘ એ તો ભવિષ્ય માટે એક લોકશાહી સમજવા માટેનો મોટો પાઠ છે. (લેશન ઈન ડેમોક્રેસી) શાળામાં આ પ્રવૃત્તિમાં જેટલી સમજણ વિદ્યાર્થી ઊભી કરશે તે બધી જ સમજણો ભાવિના રાષ્ટ્રને, સમાજને ચલાવવામાં, લત્તાની પ્રવૃત્તિ ચલાવવામાં બહુ અગત્યનો ભાગ ભજવી શકે એટલે..." "અચ્છા.... અચ્છા... ઊભા રહો.... એનો અર્થ એ થયો ને કે વિદ્યાર્થી સંઘ એ લોકશાહીનો પાઠ વર્ગની બહારની પ્રવૃત્તિમાંથી શીખી શકે છે. બોલો હું બરાબર સમજી છું ?" "હા... બાપુ... હા... તમારા શાળા જીવનમાં તમે આ ચલાવ્યું હોય એટલે વધુ તમને શીખવવાનું હોય નહિ અને સૌથી પહેલો સિદ્ધાંત મારા મનમાં સ્પષ્ટ થયો." મનમાં હું વિચારતી હતી કે સમાજ આપણાં સૌનો છે અને આપણે સૌ સમાજના છીએ. તેથી જ તો સમાજને કોઈકોઈવાર ગણરાજ્ય કહેવામાં આવે છે. અને એ ગણ એટલે સંઘ અને તેથી બુદ્ધ ભગવાને પણ કહ્યું છે કે સંઘો એ સમાજને તંદુરસ્ત રાખવાનો એક શીલાસ્થંભ — સંઘની તાકાત એ તાકાત સૌની બની રહે છે. અહિંયા મારી વાત પૂરી થઈ. મેં કહ્યું, "હવે તો બીજા સિદ્ધાંતો શોધીને તમારી સાથે ચર્ચા કરવા આવીશ."

**<u>શાળાના વાતાવરણમાંથી સર્જાતી સંઘની પ્રવૃત્તિ :</u>**

ટન... ટન... ટન... શાળાનો પ્રાર્થના પહેલાનો ઘંટ વાગ્યો અને પ્રાર્થનાખંડ તરફ શિક્ષકો અને વિદ્યાર્થીઓ ગયા અને પ્રાર્થનાખંડમાં ગોઠવાતા ગયા. જતાં જતાં મેં જોયું તો શાળાના દરવાજામાં પ્રવેશ કરતાં કેટલાંક વિદ્યાર્થીઓ ગણવેશ વિનાના હતા. પ્રાર્થનાસભાનું કામ બીજાને સોંપીને હું શાળાના પ્રવેશદ્વાર આગળ ઊભી રહી અને ગણવેશ વિનાના વિદ્યાર્થીને મેં જોયા. એટલીવારમાં પ્રાર્થના શરૂ થવાની ઘંટી શરૂ થઈ. આજે ગણવેશ વિનાના વિદ્યાર્થીઓને મળવાનો મારા મનમાં મેં નિશ્ચય કર્યો હતો. ગણવેશ વિનાના વિદ્યાર્થીઓની નોંધપોથીઓ કઢાવીને હું એ લોકોના અભ્યાસપત્રકમાં નોંધવા લાગી. આટલા બધા વિદ્યાર્થીઓ ગણવેશ વિનાના કેમ આવ્યા હશે ? હું વિચારી રહી. એટલીવારમાં મારા વર્ગનો વિદ્યાર્થી રમણ મારી પાસે આવી બોલ્યો, "બહેન, લાવો હું અભ્યાસપત્રકમાં આપને નોંધવામાં મદદ કરું. રમણની મદદથી ૨૫-૩૦ વિદ્યાર્થીઓના અભ્યાસપત્રકોમાં મોડા આવવાના કોલમમાં નોંધ થઈ ગઈ." રમણભાઈ, "તમારી મદદથી આ ૨૫ વિદ્યાર્થીઓનું લખવાનું કામ ઝડપથી થઈ ગયું." "એમાં

શું બહેન ? શાળામાં થોડી થોડી જવાબદારી લઈએ તો સારું ને ? અમને પણ કંઈ શીખવા મળે, અને તમારું કામ પણ જલદી થઈ જાય." આ વિદ્યાર્થીના છેલ્લાં બે વાક્યોથી મારાં મનમાં વિચાર આવ્યો કે શાળામાં છોકરાઓને થોડીઘણી જવાબદારી આપી હોય તો બાળકો કંઈક શીખે. "તમારી વાત સાચી છે રમણભાઈ, આજે આટલા બધા વિદ્યાર્થીઓ કેમ ગણવેશ વિનાના આવ્યા હશે ? આપણે ઢીલા પડીએ તો વિદ્યાર્થીઓ ઢીલા પડે." આમ અમારી વાત પૂરી થતા પ્રાર્થનાસભામાંથી વિદ્યાર્થીઓ વર્ગમાં જવા લાગ્યા.

**જવાબદારીની સમજણ :**

શિક્ષકો નિબંધો લખાવે, બીજા શિક્ષકો ઘરકામ આપે, ઈતિહાસના શિક્ષકો રાજયના રાજાઓની વાર્તા કહે. આ બધી નોંધપોથીઓ શિક્ષકો એકઠી કરીને વર્ગમાં જતા. તો કેટલાક શિક્ષકો બાળકોને વર્ગકામ સોંપતા. વર્ગમાંથી નોંધપોથીઓ ભેગી કરવાનું કામ સોંપતા. વિદ્યાર્થીઓ જે નોંધપોથી લાવતા તેઓ જાતે જ કહેતા કે અમુક વિદ્યાર્થીઓએ નિબંધ લખ્યો નથી.

આજે આઠમીના કલાસના બે વિદ્યાર્થીઓ આવ્યા. "બહેન, અમારા વર્ગના બે વિદ્યાર્થીઓએ આજે વર્ગ બહુ ગંદો કર્યો છે. આ બંને વિદ્યાર્થીઓ શિક્ષકે નીમેલા પ્રતિનિધિઓ છે." "તો બોલો, તમારો કલાસ આપણે ચોખ્ખો કેવી રીતે કરીશું ?" "બેન, અમે તો તમને જણાવવા આવ્યા છીએ." "એ તો બરાબર, પણ એ વર્ગ કોનો છે ?" અમારો છે બેન, ચાલો ત્યારે, તમારા વર્ગમાં આપણે જઈએ." હું એ બંને પ્રતિનિધિની સાથે તેમના વર્ગમાં ગઈ. કલાસ ખરેખર ખૂબ ગંદો હતો. ફાડેલાં કાગળિયાંઓ, ચોકના કટકાઓ, રિસેસમાં ખાધેલો, ઢોળેલો નાસ્તો વગેરે... "તમારા ઘરમાં કોઈ ગંદુ કરે તો તેને તમે ચોખ્ખુ કરો છો ?" જે શિક્ષક ભણાવતા હતા તેમને મેં કહ્યું, "હેં આજે વર્ગ સાફ કર્યા પછી જ ભણાવીએ તો કેવું ?" ભણાવનાર શિક્ષકનો મને સહકાર મળ્યો. આજ તો હું ગંદો કરેલો વર્ગ જોવા આવી છું. "હવે આપણે શું કરીશું ? બધા જ વર્ગો આમ વિદ્યાર્થીઓ ગંદા કરે તો એક પટાવાળો તેને સાફ કરવા પહોંચી વળી શકે ખરો ?" હું વર્ગમાં ગઈ ત્યારે વિદ્યાર્થીના મોં ઉપર કુતૂહલના ભાવો હતા. પણ સૌ શરમાઈ ગયા." ચાલો ત્યારે, આપણે જ વર્ગ સાફ કરીએ." ૧૦ મિનિટમાં આખો વર્ગ ચોખ્ખો થઈ ગયો. શિક્ષણકાર્ય શરૂ થયું હું મારી ઑફિસમાં ગઈ.

**શાળાને પોતાની માનવી :**

શાળા શરૂ થાય ત્યારે પ્રાર્થનાખંડમાં વ્યવસ્થિત બેસાડવા, વર્ગમાં વ્યવસ્થિત લઈ જવા, રિસેસમાં પાણી પીતાં હોય ત્યારે પાણીનો બહુ બગાડ ન થાય તે જોવું, સમાજની અંદર ચાલતા નાના-મોટા બનાવોની બાળકોને જાણ કરવી, તે બનાવોને વિદ્યાર્થી પાસે લઈ જવા, રાષ્ટ્રીય તહેવારો, સામાજિક તહેવારો, સમાજના મહાપુરુષોના જન્મદિવસોની ઉજવણી વગેરે અનેક પ્રવૃત્તિઓ જો શાળામાં ચલાવવી હોય તો એ બધી જ પ્રવૃત્તિઓ માત્ર શિક્ષકોની જ ન બની રહેતા બાળકોની સાથે સાથે થાય તો બાળકોમાં પણ સમજણ વધે અને આવા તહેવારોને ઊજવતી વખતે તેઓ પણ ભાગ લેતા થાય. તો તે પ્રવૃત્તિ વિદ્યાર્થીની પણ છે એવી ભાવના તેઓમાં ઊભી થાય. આવા અનેક વિચારો મારા મનમાં ઊઠતાં હતાં.

**વિદ્યાર્થી સંઘને ચલાવવા ભૂતકાળની મદદ :**

એક દિવસ સાંજે ઘટાદાર લીમડાના વૃક્ષની નીચે બાંકડો રાખી હું બેઠી હતી. લીમડાનાં પાનમાંથી પસાર થતો પવન મને સ્પર્શતો હતો. તે વખતે મને ઘણા વિચારો આવેલ. આ વિચારો સાથે હું મારા વિદ્યાર્થીજીવનમાં પહોંચી ગઈ. એક કાળે ભાવનગરમાં ચાલતી દક્ષિણામૂર્તિ વિનયમંદિરમાં હું વિદ્યાર્થિની હતી. અમારા આચાર્ય શ્રી હરભાઈ ત્રિવેદી હતા. મને મારાં સ્મરણો તાજાં થયાં. અમારી શાળામાં નાગરિક સમિતિ, વિજ્ઞાન સમિતિ, સાહિત્ય સમિતિ, રમત સમિતિ, પ્રવાસ સમિતિ,

સાંસ્કૃતિક કાર્યક્રમોની સમિતિની રચનાઓ થતી. જો જરૂરત ઊભી થાય તો કોઈ નવી સમિતિની પણ રચના થતી. આ દરેક સમિતિનો એક મંત્રી રહેતો. દરેક મંત્રીનો ઉપરનો મંત્રીતે મહામંત્રી બનતો. આમ, મારાં જૂનાં સ્મરણો તાજાં કરીને એ અનુભવોને વહેવારમાં મૂકવાનો હું વિચાર કર રહી હતી ત્યારે એમ થયું કે વિદ્યાર્થીઓને પોતાની જવાબદારી સમજાય છે. શાળાની શરૂઆતમાં મોડા આવનાર વિદ્યાર્થીની યાદી બનાવીને કેટલાક વિદ્યાર્થીઓ વર્ગશિક્ષકને આપતા ત્યારે સમજાતું કે આ વિદ્યાર્થી પોતાની જવાબદારી સમજીને આ કામ કરે છે. એક દિવસે પ્રાર્થના શરૂ થવામાં હતી. લલિત મારી ઑફિસમાં પ્રવેશ્યો અને મને કહે, "૮-અના વર્ગને પ્રાર્થનામાં સૌથી પહેલો બેસાડીએ તો આપને કંઈ વાંધો છે ?" "પણ મેં તેનું કારણ પૂછ્યું." એ કહે કે, "પ્રાર્થના વખતે આ વર્ગ વધારે વાતો કરે છે અને શિસ્તનું પાલન કરતો નથી." મનમાં હું ખુશ થઈ કે લલિતને અશિસ્ત ગમતી નથી. આપણી આ શાળામાં આવા ઘણાં લલિતો હશે કે જેને અશિસ્ત ગમતી નહિ હોય. એક વખત શાળામાં ચાલુ વર્ગે હું વર્ગનો રાઉન્ડ લેવા નીકળી તો એક વર્ગમાં ગોપાલ ક્લાસની સામે ઊભો હતો. વર્ગ શાંત હતો. મને લાગ્યું કે, "ગોપાલ પ્રતિનિધિ હોવો જોઈએ." વર્ગમાં શાંતિ જાળવવાનું કામ વર્ગશિક્ષકે ગોપાલને સોંપ્યું હોવું જોઈએ. આવાં દૃશ્યો શાળાના બેચાર વર્ગોમાં દેખાતા. મને થયું કે "શિસ્ત જાળવવામાં કામિયાબ નીકળેલા ગોપાલની છાપ આખા વર્ગમાં સારી છવાઈ છે.

સવારની પ્રાર્થના શાળાના રમતના મેદાનમાં કરવાનું નક્કી કર્યું. શનિવારની સવાર એટલે સૂર્યોદય થઈ ગયેલો અને ઠંડી પ્રસરાવતી સવાર. અમારી મંજૂરી મળતાં એ શનિવારે પ્રાર્થના રમતના મેદાનમાં ગોઠવાઈ. જોયું તો બાળકો ગોઠવાતાં હતાં. એ દૃશ્ય ખરેખર કોઈ પણ શિક્ષણપ્રેમીને ગમી જાય તેવું હતું. દરેક વર્ગના પ્રતિનિધિઓ પોતાના વર્ગને વ્યવસ્થિત રીતે લાઈનમાં ગોઠવી રહ્યા હતા. બે જણાં ટેબલ પર ફૂલદાની ગોઠવી રહ્યા હતા. એક વિદ્યાર્થી અગરબત્તી ગોઠવતો હતો. બે વિદ્યાર્થી તબલાં અને હારમોનિયમ લાવી રહ્યા હતા. બાળકોએ આપોઆપ જવાબદારી સંભાળી લીધી. આવા નાના-મોટા અનેક પ્રસંગો ઉપર આ યુવાન વિદ્યાર્થીઓને જવાબદારી સંભાળતા અમે જોઈ શકતા અને ત્યારે પણ એમ થયું કે જો વિદ્યાર્થીને વધારે જવાબદારી સોંપવી હોય તો, જવાબદારીના ભાગીદાર બનવા શીખવવું હોય તો શાળામાં વિદ્યાર્થી સંઘની રચના કરવી જોઈએ. તો કદાચ મોટી સંખ્યામાં પોતાની જવાબદારી લેવાની વાસ્તવિકતા આપોઆપ સમજાશે. ગોપાલ કે લલિત નહિ પણ ઘણા લલિતો અને ગોપાલો કામ કરતા થઈ જશે. શાળા પોતાની છે એવી ભાવના હૃદયમાં જન્મશે.

**નાગરિકત્વની તાલીમ :**

પિરિયડ બદલાતા મેં આઠમીના વર્ગમાં પ્રવેશ કર્યો. પ્રવેશતાં જ એમ લાગ્યું કે વર્ગમાં વિદ્યાર્થીઓ ગરમા-ગરમ ચર્ચા કરતા હતા. "કેમ દોસ્તો, શું ચાલે છે ? આજે શું ચર્ચામાં પડ્યા છો ?" "બહેન, અમારી શેરીમાં અમારા પડોશમાં રહેતા વિનોદ નામના એક છોકરાએ રસ્તા ઉપરની લાઈટ તોડી નાંખી" ત્યાં બીજો છોકરો બોલ્યો, "તેથી સાંજ પડતા તે રસ્તા ઉપરથી પસાર થતાં બે સાઈકલવાળા અથડાઈ ગયા. એક બહેન પડી ગયા." તો ત્રીજો છોકરો કહે કે, "બિચારો એક સેવ-મમરાની લારીવાળો એ થાંભલા સાથે અથડાયો અને એના સેવ-મમરા નીચે પડી ગયા. હવે એ બિચારો શું કરશે ? તમે જ કહો ?" "એ તો સારું ન કહેવાય." હું બોલી. જાહેર રસ્તા ઉપરની લાઈટ ફોડી નાંખવી એ સારું તો ન જ કહેવાય ને ? બીજો એક છોકરો વચમાં જ બોલ્યો, "બેન, આવી શેરીની વાતો અહીં લાવીને આ છોકરાઓ કેમ આપણું ભણવાનું બગાડે છે ? બીજો છોકરો પણ બોલ્યો, "હા બેન, આ વાતોથી આપણું ભણવાનું બગડે છે."

તમારા બંનેની વાત સાચી છે. મેં શાંતિથી જવાબ આપ્યો. જે બનાવ બન્યો છે એની વાત શાળામાં કરનાર વિદ્યાર્થીની વાત પણ સાચી છે. શેરીની લાઈટ ફોડી નાખનાર વ્યક્તિ બીજા લોકોને કેવું નુકસાન કરે છે તે તો તમે જાણી લીધું ને ?" એ વાત તો બેન સાચી છે, પણ આપણી દસ મિનિટ તો ગઈ કે નહિ ? ભલે દસ મિનિટ ગઈ પણ એક નાગરિક બીજા નાગરિકને નુકસાન કરે એ તો સારું ન જ કહેવાય ને ? તમને એમ લાગે છે ને કે આ પણ ગુજરાતીના પાઠ જેટલો જ અગત્યનો મુદ્દો છે." બધા બોલી ઊઠ્યા, "હા, હા, બેન, આ વાત સાચી છે. આમાંથી અમને પણ શીખવા મળ્યું. બીજાને નુકસાન કરવું તે સારું તો ન જ ગણાય. તો ચાલો, આપણે ગુજરાતીના પાઠને બદલે આ પાઠ ભણીશું. આ પાઠ તમને વ્યવસ્થિત રીતે સમજાવી દેવો એ જવાબદારી મારી રહેશે."

**સારા નરસાના ખ્યાલો :**

વિદ્યાર્થીઓને આવા વર્તનનો સાક્ષાત ખ્યાલ આવે એ પણ એક શિક્ષણની દૃષ્ટિએ શું ડાયરેક્ટ લેશન નથી ? મારાં મનમાં આ પ્રશ્ન થયો. તો પછી આવા પાઠોની સમજણ આપવાનું સારામાં સારું સાધન એ વિદ્યાર્થી પ્રવૃત્તિ – એટલે કે વિદ્યાર્થીસંઘ છે. મારાં મનમાં ચમકારો થયો. નાગરિકતાના મૂલ્યાંકનો શીખવવા માટે વિદ્યાર્થીઓને આવી પ્રવૃત્તિઓ આપવાનો માર્ગ જાણે મને વર્ગની ચર્ચામાંથી મળી ગયો ન હોય એમ લાગ્યું ! અને... એક વખત શાળાનાં બધાં બાળકો સાથે ચર્ચાસભા રાખી. ચર્ચામાં નીચેના મુદ્દાઓ દ્વારા સમજણ ઊભી કરીને પછી વિદ્યાર્થીસંઘમાં આપવાથી ફાયદો થશે એવું મને લાગ્યું. એક વખત અમે ચર્ચા કરી. શાળાની સફાઈની જવાબદારી માત્ર પટાવાળાની કે સૌની ? લાંબી ચર્ચા પછી છોકરાઓએ નક્કી કર્યું કે શાળાની સફાઈ પટાવાળો કરે અને પછી એ સફાઈને એવીને એવી રાખવી એ જવાબદારી સૌની ગણાય. વર્ગમાં બેસવાના બાંકડાઓ, વીજળીના ગોળાઓ, બારીઓની ચોખ્ખાઈ કેવી રીતે રાખવી તેની ચર્ચા થતાં દરેક વર્ગને તેની જવાબદારી માટે સમજે એવી વાત વિદ્યાર્થીઓ પાસેથી જ સાંભળવા મળી. આ તો થઈ બાહ્ય જવાબદારીની વાતો. મેં વિદ્યાર્થીને એક દિવસ પૂછ્યું, "કોઈએ લેટરીનનું બારણું તોડી નાખ્યું હોય તો આપણે શું કરીશું ?" એકાએક વિનોદ બોલી ઊઠ્યો : "બેન, અમારા વર્ગનો લાલચંદ છે ને તેણે ખરેખર પાયખાનાનું બારણું તોડી નાખ્યું છે. બધાને કેવી અગવડ પડે છે ? ત્યાં રજની પણ બોલી ઊઠ્યો, "બેન, નવમીના કલાસના ત્રણ છોકરાઓ જ્યારે બહેનો સ્કૂલમાં પ્રવેશ કરે છે ત્યારે પ્રવેશદ્વાર આગળ સાઈકલો ઊભી રાખીને વાતો કરે છે અને બહેનોને શાળામાં આવતા ખૂબ મુશ્કેલી પડે છે. એ કાંઈ સારું વર્તન કહેવાય ? બહેનો શાળામાં આવતી વખતે ખૂબ મૂંઝાય છે એવી વાત અમને સાંભળવા મળી છે. ત્યાં એકાએક લલિત બોલી ઊઠ્યો, "એ છોકરાઓ બહેનોની સામે ઊભા રહીને ફિલ્મના ગીતો ગાય છે એ પણ બહેનોને ગમતું નથી." જે વિદ્યાર્થીઓ વ્યવસ્થિત રીતે પૂરું ઘરકામ કરીને લાવે છે તેમની નોટો સંતાડી દેવાનું કામ પણ કેટલાક વિદ્યાર્થીઓ કરે છે. એમાં સારા વિદ્યાર્થીઓને પણ શિક્ષકોનો ઠપકો સાંભળવો પડે છે એ કંઈ સારું કહેવાય ? હું વિચારે ચડી ગઈ કે બાળકોની આવી વાતોથી સારા-નરસાંનાં ખ્યાલો એમના મનમાં ઊભા થાય છે. મને થયું કે નાગરિકત્વની તાલીમ એ વિદ્યાર્થીસંઘની ઘણી જ મહત્ત્વની પ્રવૃત્તિ બની રહેવાની છે. ત્યારથી જ વિદ્યાર્થીસંઘની કારોબારીનો એક સભ્ય નાગરિક મંત્રી બની રહ્યો. વિદ્યાર્થી સંઘની પ્રવૃત્તિઓ કેવી હોવી જોઈએ એનો આકાર મારાં મનમાં સ્પષ્ટ થતો ગયો.

આમ, લોકશાહીનો પાઠ, જવાબદારીની સમજણ અને નાગરિકત્વની તાલીમ એ ત્રણ મુદ્દાઓ વિદ્યાર્થીસંઘની પ્રવૃત્તિ માટે ઘણા અગત્યના બની રહ્યા.

**સમજણપૂર્વકની સ્વશિસ્ત :**

એક વર્ગમાં બે વિદ્યાર્થીઓ તોફાન કરી રહ્યા હતા. "રમેશ, વિનોદ આમ શાળામાં કુસ્તી ન કરાય." એક-

બે વિદ્યાર્થીઓ તેને શિસ્તપાલન માટે વિનંતી કરી રહ્યા હતા. મને થયું આ ચારેયમાં સમજણ ઊભી થાય તો કેવું સારું ? ચારેયને વર્ગમાં બેસાડી હું આગળ ચાલી. એક વર્ગમાં જોયું તો એક વિદ્યાર્થી ગણિતનો દાખલો બ્લેક-બોર્ડ પર લખી સમજાવી રહ્યો હતો. વર્ગમાં સંપૂર્ણ શાંતિ હતી. તે શિક્ષક ગેરહાજર હતા. પણ વર્ગ શાંત હતો. મન પ્રસન્ન થયું. "ધારે તો વિદ્યાર્થીઓ જાતે જ શિસ્ત પાળી શકે છે." હું મનમાં ને મનમાં બોલી રહી હતી. બીજા વર્ગમાં એક વિદ્યાર્થી મોટેથી બરાડા પાડીને હોમવર્કની નોટો પાછી આપી રહ્યો હતો. હું તરત જ અંદર ગઈ. મેં કહ્યું, "મોહન, જેને તું નોટો પાછી આપે છે એ તો તારાં દોસ્તો જ છે ને ?" તેણે હા કહ્યું, "તો તું બરાડા પાડ્યા વિના ધીમેથી નોટો આપને. તારા બરાડા બાજુના વર્ગમાં સંભળાય છે અને તેમને ખલેલ પડે છે." મોહન ત્યારપછી પોતાની જવાબદારી શાંતિથી અદા કરતો રહ્યો. આવા તો અનેક દાખલાઓ છે. ત્યાર પછી પ્રાર્થનાની શિસ્ત એ પણ એક મહત્વનો કાર્યક્રમ બની રહે છે. લાઈબ્રેરીમાં પુસ્તક કે છાપાં ફાડી નાંખતા એ વિદ્યાર્થીને સમજાવવા અને રોકવા પણ રહ્યો છું મહેમાનો આવે ત્યારનું શિસ્ત, રમતના મેદાન ઉપરનું શિસ્ત અને અંદરઅંદરના વ્યવહારનું શિસ્ત એ વિદ્યાર્થીસંઘ માટે એક અગત્યની પ્રવૃત્તિ બની રહે છે. આમ, એક ચોથી પ્રવૃત્તિને અમલમાં મૂકવાની સ્પષ્ટતા મારા મનમાં વધી, અને તે ચિત્ર સ્પષ્ટ બન્યું.

પછી તો મને પોતાને જ આ ચિત્ર સ્પષ્ટ થયું. એક મહામંત્રી હોય તેની કારોબારીમાં કામ કરનાર સભ્યમાંથી એક સાહિત્યમંત્રી બની શકે. જે સાહિત્યને લગતી અનેક દીવાલ પત્રિકા બહાર પાડી શકે. એક સંસ્કાર પ્રવૃત્તિનો મંત્રી બની શકે અને તે સંગીતકલાની જવાબદારી લઈ શકે. આમાં એક વિજ્ઞાનમંત્રી પણ બની શકે. જે વિજ્ઞાનને લગતી અનેક માહિતી અને ચર્ચાસભાઓ ગોઠવી શકે. સારા વૈજ્ઞાનિકોને બોલવા માટે આમંત્રણ આપી શકે. જાણે વિદ્યાર્થીઓને મળેલા સ્વરાજ્યની સભા ચલાવી રહી હોઉં એવા દિવા-સ્વપ્નમાં હું સરી પડી. આમ, મહામંત્રી પોતાનું પ્રધાનમંડળ હશે.

## 'સરસ્વતી'ના અત્તર જેવા '૭૫' વર્ષ

**ઉપેન્દ્રભાઈ પટેલ**

સરસપુર, અમદાવાદ.

*ભાવ ને ભાવની ભિનાશે ભેગા થયા*
*ટાગોરના આશિષ ફળ્યા, ભાગ્યશાળી મળ્યા*
*પ્રાકૃતિક, સાંસ્કૃતિક સથવારે આકૃતિ રચાઈ*
*ચલ-ચલ આગેચલ, કર્ણના ઈશારે કર્ણાવતી આવ્યા*
*આશાના મિનારા, મનના મહૂર્તે, મેહુલા ટહુક્યા*
*હર ઘડી રળિયામણી થઈ, મોરના પીંછાંથી મિલના ખૂણા રંગાયા*
*અભણ, નિર્ધન, મજૂર, ભોળા ને મારા માન્યા*
*મહોબ્બત અને મહેનતથી મગજમાં માંગલિક રચાયા*
*રેલ્વેની પટરી, શાળોનું સંગીત, કોલસીની કાળાશ*
*ગરીબીમાં ગુમરાહમાં ગિરધરને જોયો, રઘુવીર ખીલ્યો*
*શ્વાસની રોટલી, બાળકે ઉપાડી, ગરીબીની ઓળખ આપી*
*એક, દસ, સો નહીં સહસ્ત્રના સમાગમે, સરસ્વતી શિક્ષણ-સંસ્કારપીઠ રચાઈ*
*હજારો ગુલમહોર જેવા માનવઉદ્યાનમાં બાળ ફૂલો ખીલ્યા*
*માઈલો સુધી માનવતા સભર, માનવીને શિક્ષિત દીક્ષિતને સુગંધિત કર્યા.*
*૭૫ વર્ષથી અત્તર જેવો ખૂશ્બુદાર બાગ મહેંકી રહ્યો*
*જશ તેના સ્થાપકોને, ધન્ય તેના સાથીદારોને, ધન્ય એ ધરાને*

# વૈદ્ય ડી. પી. મહેતા - દરદી જેનાં દેવ !

**પરિચાયક : ઈશ્વર પરમાર**

'મોરપીંછ', સિધ્ધનાથ સામે, દ્વારકા-૩૬૧૩૩૫.
મો.: ૯૪૨૭૨૮૪૭૪૨

અહીં (દ્વારકા) આવતાં મારે બે દર્શનનો લાભ : એક, ભગવાન દ્વારકાધીશનાં અને બીજાં મારા દરદીઓનાં દર્શન.!"

કોઈ ને કોઈ શારીરિક વ્યાધિથી ત્રસ્ત દરદીઓની સેવા અર્થે પાછલા છવીસ (૨૬) એટલે કે અઢી દાયકા ઉપરાંતના વરસોથી દર અઠવાડિયે રવિવારે જામનગરથી દ્વારકા આવતા-જતા (મૂળે બેટ-દ્વારકાના વતની) વૈદ્ય ડી. પી. મહેતા (દિનેશચંદ્ર પ્રાણજીવન મહેતા, જન્મ : ૧૯૫૭) નો સેવાક્રમ બે-ચાર અપવાદ સિવાય અખંડ રહ્યો છે. આટલા અપવાદનું એકમાત્ર કારણ કોઈ સગાં કે સ્વજનનું શનિ કે રવિવારે થયેલ દુ:ખદ મૃત્યુ ! અન્યથા ત્રણેય ઋતુઓમાં પોતાનાં દેવોનાં દર્શને વૈદ્ય ડી. પી. મહેતા અહીં દ્વારકા મુકામે હાજર રહ્યા કર્યા છે !

દિનેશચંદ્રના ફારમૉસિસ્ટ પિતાજી ઈરવીન હૉસ્પિટલ (જામનગર)માં કમ્પાઉન્ડર તરીકે નોકરી કરતા હતા. સરકારી નોકરી હોવાને કારણે અવારનવાર તેમની બદલી થયા કરતી. આથી તેમનાં બાળકોને એકજ ગામમાં ભણવાનું બન્યું નહીં. દિનેશચંદ્રનું પ્રાથમિક શિક્ષણ અમરેલી મુકામે થયું. તે પછીનું માધ્યમિક અને ઉચ્ચ કક્ષાનું શિક્ષણ જામનગર મુકામે થયું. કેમ કે પિતાજીની બદલી પછીથી જામનગર મુકામે થઈ. અહીં પિતા-પુત્ર ભાડાના મકાનમાં રહેતા અને ઘરકામમાં બંને સ્વાવલંબી ! આ પરિસ્થિતિમાં પુત્ર દિનેશને ઘરકામની તાલીમ સહજમાં મળી !

ઉચ્ચ શિક્ષણ માટે દિનેશચંદ્રે ગુલાબકુંવરબા આયુર્વેદ મહાવિદ્યાલય (જામનગર)માં પ્રવેશ મેળવ્યો (૧૯૭૫). તેમણે અહીં સાડાચાર વર્ષ અભ્યાસ કરીને બી.એસ.એ.એમની પદવી મેળવી (૧૯૮૦). આ પછી તેઓ ઈન્ટર્નશિપ માટે અમદાવાદ ખાતે અખંડ આનંદ આયુર્વેદ કૉલેજ હૉસ્પિટલમાં અને પછી મણિબહેન સરકારી આયુર્વેદ હૉસ્પિટલમાં રહ્યા. અમદાવાદ મુકામે પ્રસિદ્ધ વૈદ્યરાજ શોભન વસાણીના ચિકિત્સાલયમાં પણ સાંજે વિશેષ અનુભવ મેળવવા જતા. વર્ષ ૧૯૮૫માં દિનેશચંદ્ર મહેતાનાં લગ્ન કુ. મધુબહેન જોશી સાથે થયાં. જીવનમાં આવનારાં વર્ષોમાં પતિને તેમના પરમ પ્રિય સેવામાર્ગે કાર્યરત રહેવા માટે પૂરતી મોકળાશ આપનારાં આ ગૃહિણીએ પણ એક આદર્શ જીવી બતાવ્યો છે. પુત્ર ડૉ. ભાર્ગવ મહેતા (એમ.ડી. આયુર્વેદ) પણ પિતાને તેમના સેવાકાર્ય માટે સાથ-સહકાર આપતા રહ્યા છે.

ઉચ્ચ અભ્યાસકાળ દરમિયાન દિનેશચંદ્ર એન. એસ.એસ.ના કેમ્પમાં જતા. તેમને કૉલેજની ખો-ખો ટીમમાં તેમજ ક્રિકેટ ટીમમાં રાષ્ટ્રકક્ષાની મેચમાં રમવાની તક મળી હતી. વિદ્યાવ્યાસંગી ડી.પી. મહેતાને તાજેતરમાં તેઓ ૨૦૧૫ માં તેંત્રીસ વર્ષની નોકરી પછી વયનિવૃત થયા.

આ પછી હાલમાં તેઓ ગુલાબકુંવરબા આયુર્વેદ સોસાયટી ટ્રસ્ટ (જામનગર) દ્વારા સંચાલિત આયુર્વેદ દવાખાનામાં પૂર્ણકાલિન સ-વેતન ફરજ બજાવે છે. આ નોકરી દરમિયાન તેઓ સાપ્તાહમાં ત્રણ દિવસ ગુલાબકુંવરબા આયુર્વેદ સોસાયટીના દવાખાનામાં સાંજ પછી માનદ સેવાઓ આપતા રહ્યા; અને તેની સમાંતર તેમની વૈદકીય સેવાઓ વર્ષોથી દ્વારકા વગેરે સ્થળે તો યથાવત્ ચાલુ જ રહી છે.

પોતાની વ્યાવસાયિક કારકિર્દીના આરંભથી જ દિનેશચંદ્ર, પોતાની સેવાભાવનાને લીધે "વૈદ્ય ડી. પી. મહેતા" તરીકે જાણીતા થયા છે અને ત્યારથી અનેકોનો પ્રેમ-આદર પામતા રહ્યા છે. પોતાના ગુરુ અને પ્રસિદ્ધ

વૈદ્યરાજ સી. પી. શુક્લ (જામનગર) દ્વારા તેમનામાં સેવાભાવનાના બીજ રોપાયા હતા. શુક્લસાહેબે તેમને આયુર્વેદિક જીવનશૈલીનો લોકોમાં પ્રચાર-પ્રસાર કરવા લોકભોગ્ય શૈલીમાં કલમ ચલાવવા-લેખો લખવાની પ્રેરણા આપી હતી. આથી એમણે ''વ્યસનમાંથી મુક્ત થાવ'' જેવા અન્ય લેખો છાપાંમા યથાવકાશે પ્રકાશિત કરવા માંડ્યા.

વૈદ્ય ડી.પી. મહેતા સને ૧૯૯૦ના ગાળે દ્વારકા મુકામે ગુજરાત આયુર્વેદિક યુનિવર્સિટી દ્વારા આયોજિત સર્વરોગ નિદાન કેમ્પમાં સહયોગી વૈદ્ય તરીકે સેવાર્થે દ્વારકા આવ્યા હતા. આ વખતે તેઓ અહીંની એ.સી.સી. સિમેન્ટ કંપનીની પ્રાયમરી સ્કૂલના આચાર્ય અને ગામના અગ્રણી સામાજિક કાર્યકર શ્રી મૂળશંકરભાઈ પ્રા. ભટ્ટના સંપર્કમાં આવ્યા. શ્રી મૂળશંકરભાઈ સાહિત્યક્ષેત્રે પણ છેલ્લી માંદગી સુધી કલમરત રહ્યા હતા. તેઓ ગાયત્રી ટ્રસ્ટ (મુંબઈ)ના દ્વારકા ખાતેના એક ટ્રસ્ટી હતા. કેમ્પમાં આવેલા વૈદ્ય ડી. પી. મહેતાનું કૌશલ્ય અને કાર્યનિષ્ઠા પારખીને ભટ્ટસાહેબે મુંબઈથી આવેલા શ્રી મુકુન્દભાઈ શાહ (પ્રમુખ : ગાયત્રી ટ્રસ્ટ, મુંબઈ) સાથે વૈદ્ય ડી. પી. મહેતાનો પરિચય કરાવ્યો.

શ્રી ભટ્ટસાહેબ અને શ્રી મુકુન્દભાઈ શાહે વિચારણા કરીને બંનેએ વૈદ્ય ડી. પી. મહેતા સમક્ષ સ-વિનય દરખાસ્ત મૂકી કે આપ નિયમિત દર રવિવારે દ્વારકા મુકામે અમારા ગાયત્રી ટ્રસ્ટની નિશ્રામાં અહીં વૈદ્યકીય સેવાઓ આપી શકો તો દ્વારકા ઉપરાંત સમગ્ર ઓખામંડળ-વિસ્તારના સામાન્ય લોકોની એક દુર્લભ અને ઉત્તમ સેવા થશે;... અલબત આ સેવા સાચા અને પૂરા અર્થમાં 'સેવા' થશે કેમકે એ ''વિના વેતને'' આપો તેવી અમારી વિનંતી છે. હા, આપને અહીં આવવા-જવા માટે બસ-ભાડું અને રહેવાની વ્યવસ્થા આપી શકીશું. ઔષધાલય અંગેની અન્ય વ્યવસ્થા પણ અમારું ટ્રસ્ટ સંભાળી લેશે.

સૂચિત બાબતે મનોમંથન કરવા ઉપરાંત પરિવાર સાથે ચર્ચા-વિચારણા કરીને વૈદ્ય ડી.પી.મહેતાએ દ્વારકા ખાતે શાંતિવન ગાયત્રી શક્તિપીઠમાં દર રવિવારે અડધો દિવસ વૈદકીય સેવાઓ આપવાનું સંકલ્પપૂર્વક સ્વીકાર્યું. ગાયત્રી પરિવાર ટ્રસ્ટે આયુર્વેદિક યુનિવર્સિટી, (જામનગર)માં તેમના કર્મચારી વૈદ્ય ડી. પી. મહેતાની અ-વેતન સેવા માટે દરખાસ્ત કરતાં મંજૂરી મળી. આ વેળાએ તત્કાલીન વાઈસ ચાન્સેલર પદ્મશ્રી એવોર્ડી રાજેશ કોટેચાજીએ નોંધ્યુ - 'તેઓ દ્વારા સેવા-નિવૃત્તિ બાદ પણ એમની આ પ્રવૃત્તિઓ ચાલુ રહેશે જેની અમોને ખાતરી છે.'

વૈદ્ય ડી. પી. મહેતાના એકધારા જીવનપ્રવાહનો આ એક જબરો વળાંક હતો. સોમથી શનિ જામનગર મુકામે નિયમિત ખડા પગે નોકરી બજાવીને રવિવારે દ્વારકા મુકામે સાડાનવ વાગ્યે ચિકિત્સાલયમાં હાજર થવા માટે દર રવિવારે પરોઢે ચાર વાગ્યે જાગી-પરવારીને એસ.ટી. બસમાં બેસીને દરદી-દેવોનાં દર્શન કરવા કે આપવા ગાયત્રી પરિસરમાં દેવી અને દરિયાની સાંખે પહોંચી આવવું ! (છેલ્લા બે વરસથી એટલે કે નિવૃત્ત થયા પછી વૈદ્ય ડી. પી. મહેતા શનિવારની રાત્રે જ દ્વારકા આવી જાય છે.)

આ ચિકિત્સાલયમાં સવારે અપાતી નિદાન-ઉપચારસેવાની વ્યવસ્થામાં દર્દીઓના કેસ-પેપર્સ શોધી આપવા, પ્રવેશ ફી વસૂલવી, વ્યવસ્થા જાળવવી વગેરે વ્યવસ્થાઓ કેટલાક સેવાભાવી સજ્જનો વિના વેતને સ્વેચ્છાએ આપતા આવ્યા છે. સૂચિત દવાઓ દર્દીઓને આપવાની કામગીરી દવાઓના જાણકાર પાસેથી વેતન આપીને લેવામાં આવે છે.

વૈદ્ય ડી.પી. મહેતા પોતાના દર્દીઓને શુદ્ધ આયુર્વેદિક પદ્ધતિએ જ સારવાર અને દવાઓ આપે છે કે સૂચવે છે. તેઓ આયુર્વેદ સિવાયની કોઈ અન્ય પદ્ધતિ ભેળવતા કે અજમાવતા નથી.

અહીં આવતા દર્દીઓ દ્વારકા ગામના નિવાસી હોવા ઉપરાંત દ્વારકા-પંથક (ઓખામંડળ)માંથી મીઠાપુર(ટાઉન) તથા આરંભડા, ઓખા, બેટ, ખતુંબા, ટુપણી, પોસીત્રા,

ઘડેચી, ધ્રાસણવેલ જેવા ગામડાં ગામનાં પણ હોય; કચ્છ-મુન્દ્રાનાં એક બહેન રૂબરૂ નિદાન કરાવીને દવાઓ અહીંથી નિયમિત મંગાવી લે ! યાત્રા અર્થે દ્વારકા આવેલ દેશી-વિદેશી યાત્રીઓ પણ કુતૂહલવશ આ ચિકિત્સાલયની મુલાકાત લે અને શારીરિક વ્યાધિની પ્રાથમિક સારવાર લે ! સાધુઓ, ભિક્ષુકો અને ક્યારેક દિવ્યાંગો પણ દર્દીઓની લાઈનમાં ગોઠવાઈ જાય ! બહારગામના કોઈ દર્દી પત્ર દ્વારા માર્ગદર્શન મેળવે. એકવાર છોટાલાલ પાબારી (ખંભાલિયા) એ પત્ર દ્વારા પૂછાવ્યું : 'બંને તરફના નળ ભરાઈ જવાથી પેટ કઠણ પથ્થર જેવું થઈ જાય છે; તેનું કારણ ને નિવારણ જણાવશો.'

સમસ્ત ગુગળી બ્રાહ્મણ જ્ઞાતિ દ્વારા (દ્વારકા) સંચાલિત આરોગ્ય સારવાર કેન્દ્રની વિનંતીને માન આપીને આ વૈદ્યે રવિવારની સાંજ તેમના માટે ફાળવી આપી ! આમ સવાર અને સાંજની વૈદ્યકીય સેવાઓના લાભાર્થીઓની સંખ્યા ૧૫૦ જેટલી થવા જાય છે ! દ્વારકા મુકામેની ગ્રામલક્ષી સંસ્થા જી.વી.ટી., નજીકના વરવાળા ગામે સર્વ રોગ નિદાન કેમ્પ યોજીને આસપાસના ઊંડાણનાં ગામડાંઓને વૈદ્ય ડી.પી.મહેતાની નિઃશુલ્ક સેવાઓનો લાભ અપાવતી રહે છે. આવા કેમ્પસના લગભગ બસો જેટલા લાભાર્થી હોય છે. આમ તો સરકારી માહિતી ખાતાંની એક યાદી મુજબ એમની સેવાના લાભાર્થીઓની સંખ્યા એકાદ લાખ જેવી થયાનું અનુમાન કરી શકાય.

દ્વારકા સિવાયની અન્ય સંસ્થાઓએ પણ વૈદ્ય ડી. પી. મહેતાની રવિવારની સાંજનો લાભ લીધેલ છે. તે સંસ્થાઓમાં એરફોર્સ (જામનગર), જલારામ સત્સંગ મંડળ ટ્રસ્ટ (ખંભાલિયા), નગર પંચાયત (ઓખા), ગુલાબકુંવરબા આયુર્વેદ સોસાયટી (જામનગર) જેવી સંસ્થાઓને ગણાવી શકાય.

ઓખા-દ્વારકાથી માંડીને સુરેન્દ્રનગર-લીંબડીની પટ્ટી પર વૈદ્ય ડી.પી. મહેતાના પ્રયાસ - સંપર્કો થકી અત્યાર સુધીમાં લગભગ ૧૫૦ જેટલા નિઃશુલ્ક આયુર્વેદિક નિદાન કેમ્પો થયા. દર્દીઓમાં દેવોને ભાળતા આ સેવાભાવી વૈદ્યે દુષ્કાળ અને ભૂકંપ જેવી આપત્તિઓમાં ફસાયેલા વિસ્તારોમાં પહોંચી જઈને પોતાની નિઃશુલ્ક સેવાઓ આપી છે.

વૈદ્ય ડી. પી. મહેતા નિયમિત અને પ્રાસંગિક સેવાઓ આપવા ઉપરાંત ખાસ કરીને રાજ્ય સરકાર અને કેન્દ્ર સરકાર કે કોઈ ટ્રસ્ટ દ્વારા આયોજિત આરોગ્યને લગતા કાર્યક્રમોનો લાભ અને જાણકારી છેવાડાના લોક સુધી પહોંચે તેવો પ્રયાસ પેમ્ફલેટ દ્વારા કરતા રહ્યા છે. જેમ કે

● બાળઆરોગ્ય તપાસણી કેમ્પ ● નિરામય ગ્રામ્ય યોજના (આ યોજનાનો આરંભ જ જામનગર જિલ્લાથી થયેલો) ● 'સ્વચ્છ ગુજરાત : સ્વસ્થ ગુજરાત' અભિયાન ● વૃક્ષારોપણ : આયુર્વેદિક ઔષધીય ગુણો ધરાવતા વૃક્ષોનું રોપણ ● તુલસીનાં છોડનું રોપણ-વિતરણ ● સ્વાસ્થ્ય જાગૃતિ માસ (કેન્દ્ર સરકાર) ● સ્વાઈનફ્લૂ અંગે જાગૃતિ (સેન્ટ ફ્રાન્સિસ હાઈ સ્કૂલ (જામનગર)માં પ્રવચન ● ધન્વંતરી સપ્તાહ ● કુષ્ઠરોગ નિવારણ દિન ● વર્લ્ડ હાઈપર ટેન્શન ડે ● નિરોગી બાળવર્ષ અભિયાન ● ક્ષય-નિયંત્રણ અભિયાન ● દર્દીઓને 'હેલ્થ કાર્ડ' મેળવવા અંગે માર્ગદર્શન ● ગાયત્રી ટ્રસ્ટ (મુંબઈ)ના સહયોગથી જનહિતાર્થે લીમડાના શરબતનું કે ક્યારેક લીમડાની ચટણીનું ચૈત્રમાસમાં વિતરણ અને શિયાળામાં દર્દીઓને તલ-ગોળના લાડુનું વિતરણ વગેરે અનેક પ્રયોગોનું નિદર્શન કર્યું છે.

આવા વિશેષ દિવસ નિમિત્તે વૈદ્ય ડી. પી. મહેતાના માર્ગદર્શન મુજબ ગાયત્રી પરિસર (દ્વારકા)માં નોટિસબોર્ડ પર સૂત્ર કે સાહિત્ય લખાય કે મૂકાય; જેમ કે 'ધૂમ્રપાન એટલી ધીમી આત્મહત્યા', 'દાંત છે રતન, કરીએ તેનું જતન', 'છોડને છોરુની જેમ ઉછેરીએ', 'વૃક્ષોને વડીલની જેમ નિભાવીએ' વગેરે; પેમ્ફલેટનું વિતરણ કરીને આચરણીય અપીલનો પ્રચાર-પ્રસાર; દર્દીઓને રૂબરૂમાં જે તે બાબતે સમજ આપવી.

એક વખત વૈદ્ય મહેતાએ બકરીના દૂધના આયુર્વેદિક ગુણો અંગે રાજય સરકારના મંત્રાલયનું ધ્યાન ખેંચ્યું અને તે લોકોપયોગી જણાતાં, તત્કાલીન શિક્ષણમંત્રીએ તેની વ્યાપક ચર્ચા ઉપાડી હતી.

આંતરરાષ્ટ્રીય સંસ્થા ડબલ્યુ.એચ.ઓ. તરફથી દેશ-વિદેશના મેડિકલ ઑફિસરો કે જેઓ આયુ. યુનિ.માં વધુ અભ્યાસ માટે આવ્યા હતા તેમને સાથે ગુજરાત આયુર્વેદિક પી.જી.ટી. હૉસ્પિટલના પ્રતિનિધિ તરીકે વૈદ્ય મહેતા કેમ્પ કૉ-ઓર્ડિનેટર તરીકે જોડાયા હતા અને ડેલિગેટ્સ સાથે દસેક કેમ્પોનું આયોજન-સંચાલન કર્યું હતું.

વૈદ્ય ડી. પી. મહેતાએ 'ફૂલછાબ' સહિત કેટલાક વર્તમાનપત્રો અને સામયિકોમાં જે તે ઋતુને અનુસરીને વિવિધ રોગો અને તેના ઉપચારો, સામાન્ય આરોગ્યની જાળવણી અને હાથવગાં ઔષધો અંગે લગભગ ૨૦૦ જેટલા લઘુલેખો પ્રકાશિત કર્યા છે. આ લેખોના સંકલન-પ્રકાશન માટે તેઓ પ્રયત્નશીલ છે. એવા કેટલાક લેખોનાં શીર્ષકો : 'રોગ-નિવારણના કેટલાક ઉપાય', 'પગના વાઢિયા', 'હળદર', 'ગેસનું દરદ' વગેરે.

વૈદ્ય ડી. પી. મહેતાની આરોગ્યક્ષેત્રની સેવાઓની સુવાસનો પ્રસાર થતાં તેમને મુખ્યમંત્રી ઍવૉર્ડ (૧૯૯૭). The Best Citizens of India Award (2002), Friendship Forum of India, New Delhi દ્વારા તબીબીક્ષેત્રે ઉત્તમ યોગદાન માટે 'ભારત ઍવૉર્ડ (૨૦૦૨)' રાજયપાલ દ્વારા બહુમાન (૨૦૦૪), વર્લ્ડ પીસ ઈન્ટરનેશનલ ઍવૉર્ડ (૨૦૦૮) અને શારદાપીઠ (દ્વારકા) તરફથી "સેવારત્ન"ની પદવી એનાયત થઈ હતી (૨૦૦૪). અન્ય પણ અનેક સન્માનો મેળવેલ છે.

'ચિકિત્સા નાસ્તિ નિષ્ફલા' અને 'આયુર્વેદ અમૃતાનામ્' : તેમજ 'ઔષધ જહાન્વી તોયમ વૈદ્યો નારાયણ હરિઃ' જેવાં સૂત્રોને હૃદયસ્થ કરનાર વૈદ્ય ડી. પી. મહેતા પર વખતો વખત તેમનાં પ્રશંસકોએ તેમના પર શુભકામનાઓ સાથે પ્રશસ્તિનાં પુષ્પો વેર્યાં છે. એવા આદરણીય પ્રશંસકોમાં ડૉ. પ્રણવ પંડ્યા (શાંતિકુંજ, હરદ્વાર), શ્રી પરિમલ નથવાણી (રિલાયન્સ, જામનગર) મહંત દેવપ્રસાદજી મહારાજ (આણદાબાવા સેવા સંસ્થાન, જામનગર) વગેરે સમાવિષ્ટ છે.

વૈદ્ય ડી. પી. મહેતાને પત્રો પ્રશસ્તિ : ● પ્રવીણસિંહ પરમાર (ખંભાલિયા) - "માનવશરીર પ્રભુએ આપ્યું છે તો તે કેટલા બધા જીવાત્માની સેવા કરી શકે છે તેનો પ્રત્યક્ષ દાખલો એટલે ડી. પી. મહેતાનું જીવન", ● વિ.જ.ઠાકર (વા. ચાન્સેલર, આયુ. યુનિ.) - "યુનિવર્સિટીના યુવા કર્મચારીઓમાં તમે પ્રથમ નમૂનારૂપ કાર્ય કરી બતાવ્યું તે ગૌરવની વાત છે." ● ઈન્દુલાલ વોરા (આયુ. સોસાયટી, જામનગર) - "આપ એક સહૃદયી વૈદ્ય છો." અન્ય મહાનુભાવોએ પણ પત્રો દ્વારા તેમને બિરદાવેલ છે.

આવું સાર્થક જીવન જીવનારા સહૃદયી વૈદ્ય ડી. પી. મહેતાને અનંત શુભેચ્છાઓ પાઠવીને વિરમું છું.

## અભિનંદન



**શ્રી રવીન્દ્રભાઈ અંધારિયા**

**અમને જણાવતા આનંદ થાય છે કે 'ઘરશાળા'ના લેખક અને જાણીતા શિક્ષણવિદ્ શ્રી રવીન્દ્રભાઈ અંધારિયાને લોકભારતી સણોસરા દ્વારા સન્માનિત કરવામાં આવ્યા છે. 'ઘરશાળા' સંપાદક મંડળ અને વાચકો અભિનંદન પાઠવે છે.**

# HARBHAI TRIVEDI
# A GLEAMING STAR OF TRUTH & FEARLESSNESS

**Prof. P. M. Bhuptani**

Head of Eng. Dept., Shamaldas College, Bhavnagar

ઘરશાળાના આદ્યતંત્રી મુ. શ્રી હરભાઈ ત્રિવેદીનો નખશીખ પરિચય આપતો આ લેખ ભાવનગરની શામળદાસ કૉલેજના અંગ્રેજી વિભાગના વડા અને પૂર્વ પ્રાધ્યાપક પ્રો. પી. એમ. ભૂપતાનીએ તા. ૨૪ એપ્રિલ ૧૯૭૯ના રોજ લખ્યો છે. અમને આ લેખ ઘરશાળાના ARCHIVE માંથી મળ્યો છે. મૂળ સ્વરૂપે અંગ્રેજીમાં રજૂ કરેલો લેખ ઘરશાળાના વાચકોને જરૂર ગમશે.

My pen refuses to speak my feelings of shock and surprise at the sad news of the sudden passing away of Harbhai Trivedi. But when I force it, it strides with a heavy pace on the unfolded carpet of my emotions I dearly cherished for him.

In the passing away of Harbhai we felt a heavy loss of a dear father whose death has left the newly born infant of Bhavnagar University and the city's educational culture orphan and helpless. He left us at the most critical period when he was most needed to guide our wayward and stray steps towards the long cherished goal of a great and proud university. The loss at present is indescribable and the vacuum is impossible to fill in the near future.

No sensible and literate soul who has seen and heard him can forget his benign and august personality with American stature and youthful energy. The head of our youth falls in shame at the sight of the punctuality and activeness of this old man of 9 decades. Harbhai had a young heart in his old body. His thundering voice, his rational thinking, his moral courage and his physical stamina and strength described the high health of his body and mind. Throughout his life he remained a tireless champion in the cause of education. He lived for education and died for education, because he had firmly believed that education is the basis of man's real personality and through it man reaches the stage of a human being. He was the best exponent, in word and deed, of all that true education stands for. Wedded to the Gandhian faith and principles, his views and feelings and beliefs were based on the most dynamic and dignified thinking. His view of education covered from child to the grown up youth. And so I do not believe more admirable choice would have been made by the Government of Gujarat than Harbhai to be the first Pro Vice Chancellor of Bhavnagar University.

In spirit and enthusiasm, energy and interest, he was a young man of 87, and that is why he was most loving towards the youth. He remained young throughout his life. His death reminds me of Sarojini's tribute to Kamla Nehru when she died: *Those whom God loves die young.* It means those whom God needs are naturally needed by we mortals to guide our actions. Harbhai

was in that sense more than required amidst us. What Wordsworth said of Milton is much more applicable to Harbhai in the light of the new university, and we can say in sincerity and good faith:

*Harbhai, thou should be living at this hour,*
*Bhavnagar Campus hath need of thee;*
*To raise us up and give us*
*Manners, freedom and power.*
*Thou hadst a voice, whose sound was like the sea;*
*Thy soul was like a Star, and dwelt apart.*
*Pure as the naked heavens, majestic, free.*
*In thy cheerful godliness; and yet thy heart*
*The lowliest duties on herself did lay.*

Though he was no more in chair and power, he was felt everywhere in spirit and strength. Bhavnagar University was his long cherished dream. Once he told me of his joy: "Bhuptani, my dream is realized three years early. I thought that the university will come in '82, but it came in '79, and I am very happy."

Only those can understand and enjoy his dream who have a heart, spirit and strength like his. He longed to make the Campus carrying the unbroken chain of education from Kindergarten to College Courses. He served the city as a distinguished educationist with great distinctions in a variety of ways. He was the last representative of the city's educational and cultural traditions. In him we have lost a very great man of great vision and understanding.

Harbhai was a pleasing and elegant personality. He believed in the basic freedom of the individual. He was humanity incarnate. The milk of human kindness was constantly flowing in him. I am one of the few fortunate who tasted and enjoyed this kindness. God knows why he loved me so much, but it was he alone who, as Pro Vice Chancellor, had saved me from the gallows when a soulless, prejudiced, unjust ex-justice, the Vice Chancellor, Mr.Bakshi, was to hang a professor in me to death. The kind old man is heard to say to the biased Vice Chancellor Bakshi: "Even if Bhuptani is a sinner, though there is no proof, let us not kill him, but cure him of his sins." This only Christ can speak, but no one else is capable to utter. A living God in human body, an incarnation of SATYAM, SHIVAM, SUNDARAM. He was beautiful by his soul, good by nature and true by heart.

A great lover of truth was he; freedom, he believed, is a birth right of man; and he sincerely aimed to inculcate this quality in everyone around him. To call him a mere educationist is to underestimate him. He as something more, an architect of human beings. Human beings who are capable of possessing noble emotions, noble thoughts and noble heart. In that sense if we call him a Tagore of Gujarat, we will not be wrong. It is he who put Bhavnagar as the city of culture and education on the map of the country.

In his death not only the city but the state has lost a great guide and nation a great humanitarian. He was a disciplined, dignified and detached man. Life for him

was a kind of *Yagna*, and he performed it selflessly and cheerfully. Like Gita's *sthitapragna*, he believed in and followed Gita's teaching: "Do your duty selflessly." Harbhai took life as a thing of *paramaanand*. He enjoyed every moment of life by doing duty, small or great, with all detachment, discipline and delight. The youth in him remained evergreen because he loved youth and he remained active. Wordsworth said, "The child is the father of man." Harbhai understood the significance of it, and he spent his whole life amidst children - the living image of God. He loved children very much and made GHARSHALA a loving home for them. He saw a Superman in a child, and this is why he dedicated his whole life for the joy and service of children. What is remarkable, one would have seen him, was the pure child-like innocence, the other name of godliness.

To enter his house was like entering a peaceful, pious Ashram and to be with him was to be with a great Rishi or Sanyasi. One felt ennobled in the benign presence of this sage. People, politicians, pupils and professors, all respected him because he loved them all as his children. His fatherly love was uneconomic for everyone who went to him. He stood amidst the encircling darkness as a beacon of light to cheer and peace. He acted as a kind father, a noble friend and a wise adviser.

His faith in youth was abundant. He wanted that youth must come forward. His desire was to encourage the youth. The reason is that he saw that the youth contains atomic energy and if channelized constructively it can work wonders and change the face of the earth with beauty and happiness. I have an experience of how much he loved and liked youth.

I received a message from Prof. Narmadbhai Trivedi that Harbhai wanted me to see him. For a pretty long time I could not see him because of my N.C.C. work and being busy with my writing short stories. When he saw me he was very happy but complained that why I was not seen for a long time. He expressed his anxiety about the reducing of my body. We talked about a lot of things past and present.

When he asked me about the new university and aked, "How do you look at it?" my reaction was quick. I said, "Dada, I desire to make Bhavnagar University a Cambridge or Oxford." I saw his heart dance with delight at my words. He echoed my words in the University Satkar Samarambh on 6th June. When I met him after a week, he said, "Bhuptani, I did not mention your name, but I said that a young man came to me and said he had a great desire to make this university a Cambridge or Oxford. Bhavnagar University may become Cambridge or Oxford, but I welcome and appreciate your feelings and enthusiasm." This shows that he was a man to understand and appreciate others' views and ideas.

One day he said, "Bhuptani, I want young men to come forward and manage the affairs. How long will you depend on

the old and the elders?" He was discussing with me about P.G. teaching. He said, "I want you to manage the whole thing without depending on the outsiders. You can call them as guest speakers but never as the permanent persons to boss upon you. Narmadbhai is my son, but you are my grandson. Do things independently."

How modern, rational and youth-inspiring does he strike to us! And how many of the living elders do stand his ideal? I think very few, hardly one or two, otherwise almost none. Do our elders learn a lesson from what Harbhai stood for? He said youth is life, let this life flow freely. To obstruct youth is to obstruct the flow of life and that is a sin against sinning. Pasternak said mankind lives in its youth. Youth is a precious flower of mankind. We must keep it fresh and ever blooming. That's what Harbhai did for the youth as his life's mission. He lived well because he loved the youth.

He was not happy about what was going on in Saurashtra University. It was his child, but it unfortunately turned into a spoiled child, and one more problem for the nation. The reason was that it was not properly cared for and guided. It was allowed to indulge in the luxury of corruption. One such instance of corruption I brought to his notice and said, "Corruption has reached to such a level that Ph.D. degrees are nowadays prostituted." First he did not believe me, but when he read one anonymous letter, he was struck with surprise and shock. He said, " Does no one have the courage to challenge it?" I replied that I challenged it. I had a meeting with the Vice Chancellor Shri Pathak at Mulshankarbhai's place. But he expressed his helplessness. Harbhai was more unhappy to hear this. He did not expect Pathak to sit silent when roaring proofs were presented before him in the anonymous letter. He simply uttered, "I pity Mr. Pathak."

I visualized how much was he annoyed in his heart, because Saurashtra University was once his dear child. But when I read to him my letters written to the Governor, the Prime Minister, the Chairman of the U.G.C., and the Minister of Education about the malpractices indulged in awarding of Ph.D. degrees, I saw a smile and a gleam of happiness flickered on his face.

He said with a pat on my back, "Well done, Bhuptani. I appreciate your boldness and fearlessness. You know what Rajaji said? He said, " When one sees evil, one mustn't remain silent but fight it out, otherwise there is no purpose of life." I like your moral courage. I am happy to say that so far as men like you exist, Bhavnagar University will have a great future. Live a life of boldness and fearlessness. He reminded me of Shakespeare's Julius Caesar: "Cowards die many times before their death, the brave die but once." If death comes only once then why should we not live with dignity and daring?" And he really lived that life of daring and dignity. In this

world of corruption and cowardice he remained uncorrupt and brave. Being brave himself, he appreciated bravery in others. Then onwards the doors of his home and heart were flung open for me. He said, "Bhuptani, you can come here whenever you feel like, do come and see me."

In his demise I lost a loving and understanding grandfather. He was a man with love for all and malice towards none. Gita ran deep in his veins, and he lived a life of truth and fearlessness. When we need him most he is no more with us. What a cruel irony of fate! *Gadh aaya magar sinh gaya!* The university has come, but the architect is gone. The loss is irreparable for the people of Bhavnagar, the pupils of the Campus, the politicians of the city and the professors of the new university. For the students and the professors it is unbearable because he considered them the living souls of the university. The administrators and the Vice Chancellor are, according to him, the servants and not the bosses of the teachers and the students. But who has courage to accept this simple but bitter truth? He was modern of the moderns and rational of the rationals. He was clear in his vision and clean in his heart, a man without confusion and complexities. Simple and truth loving like Mahatmaji, bold like Sardar Patel, humble and democratic like Nehru, shrewd and farsighted like Rajaji, Harbhai was a great asset for the people Bhavnagar in particular and for Gujarat in general.

Let us give him a fitting tribute by realizing his ideals in deeds and practice. Politicians, keep your politics, for God's sake, out of bounds of the holy premises of our university. Pupils, work hard and learn those things that make yours and the nation's life proud and meaningful. Professors, read and write as Harbhai most desired of us, and guide the pathless, helpless, hopeless, aimless, ignorant but innocent youth to the right things of life, and put them on the path of hope, happiness and health by turning them to the sense of duty and dignity. Professors, you, too, live a life of dignity and discipline. Do not lick the dirty legs of the petty politicians for your personal problems, and do not indulge in the dirty game of backbiting. Parents, guard your sons and daughters from the onslaught of evils and vices.

There will be no greater tribute other than this the city of Bhavnagar can bestow upon its beloved Dada Harbhai. He fulfilled a life of duty in the sense Robert Frost expressed in his poem: "Miles and miles to go before I sleep." Let us do our duty small or great with discipline and dignity as he did and that is what he wished us to do.

Date: 24-8-79

Prof. P. M. Bhuptani
Head of Eng. Dept.,
Shamaldas College,
Bhavnagar.

---

Prin. Narmadbhai Trivedi is the living witness of my cotact and conversation with Harbhai Tivedi. The message was received through Narmadbhai after the arrival of the new University that I should see Shri Harbhai.

# "મિલકત અને પાગલપન"

**જશીબહેન નાયક**

**મૈત્રી સોસાયટી, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫.**

એક પ્રસંગ હું કદી ભૂલી શકતી નથી, એવા પ્રસંગનું સ્મરણ અહીં લખવાનું યોગ્ય માનું છું એ પ્રસંગનું સ્મરણ જાણે તાજું ને તાજું જ મારા મનમાં રહેલું હોય તેવું લાગે છે અને તે એ છે કે રજાઓમાં મારી બહેનપણીને ત્યાં વેકેશન ગાળવા ગઈ હતી. નિશાળથી જ મૈત્રી જામેલી હોવાથી એમ ન લાગતું કે કોઈકને ઘેર આવીને રહ્યા છીએ. એક દિવસ હું અને મારી દોસ્ત ઘરની આગળની પરસાળમાં બેસીને ચા પીતા પીતા વાતો કરતાં હતાં. પાસેના ઘરમાંથી એક એવો અવાજ આવ્યો કે - "હવે છાનો માનો બેસી રહેને ! બડ બડ કરવાને બદલે." આવો ગુસ્સાવાળો અવાજ બે-પાંચ મિનિટ આવતો જ રહ્યો. મારી દોસ્તને પૂછતાં જ જાણવા મળ્યું કે એ છોકરો આગલી પત્નીનો દીકરો હતો. પતિ પાસે સારી એવી મિલકત પણ હતી. અને કમાતા હતા પણ સારું. આ બૂમાબૂમ કરનાર બહેનનું નામ હતું રસિલાબહેન. અને તે બીજીવારના પત્ની હતા. એટલે એ, વારંવાર આ પહેલી પત્નીના દીકરાને - "ઓ... પાગલ..." એમ કહીને જ બોલાવતા. અને મારી દોસ્તે મને કહ્યું : આ નોર્મલ દેખાતો દીકરો ધીરે ધીરે એકદમ શાંત પડી ગયો હોય તેમ, આમ તેમ જોયા કરે અને પાછો બેસી જાય. એને એના ઓરમાન બીજા બે ભાઈઓ હતા. એટલે રસિલાબહેનને હંમેશ એમ રહેતું કે મારા પતિની મિલકત મારા જ બે દીકરાઓને મળવી જોઈએ. આગલી પત્નીનો દીકરો જેનું નામ હતું મહેન્દ્ર.

મહેન્દ્ર ધીરે ધીરે મૂંગો અને પોતાની જાતની સાથે જ વાતો કરતો એવો બની ગયો. કોઈ કોઈ વખત મારી બહેનપણીને ત્યાં આવી બેસતો. બોલે નહીં પણ સાવ શાંતિથી બેસતો. મારી દોસ્ત તેને પૂછે કે - "ચા પીવી છે." તો હા પાડે. "કાંઈ ખાવું છે" તો હા પાડે. આવી રીતે ચા નાસ્તો કરે પણ છતાંય તેનું મગજ શૂન્ય બની જતું. એટલે કે વધારે ને વધારે અંર્તમૂખી બનતો ગયો. એને જોઈને મારી બહેનપણીને મેં પૂછ્યું કે આ મહેન્દ્ર પહેલેથી જ આવો થોડો ગાંડા જેવો દેખાતો હતો ? મારી દોસ્તે કહ્યું - "દોસ્ત જવા દેને, એ વાત કરવા જેવી નથી. પણ હું જે રીતે જોઉં છું કે (બીજી પત્નીના બાળકો આવ્યા પછી) મને એવું લાગે છે કે એના પતિની બધી મિલકત પોતાના આ બે બાળકોને જ જાય એટલે (નવી માએ) સમાજમાં એવી છાપ ઊભી કરી છે કે એ પાગલ હોય. આમ, વારંવાર એય પાગલ... એય પાગલ... એમ કહીને બોલાવતી તેથી એ છોકરો (મહેન્દ્ર) બોલતો બંધ થઈ ગયો અને એના મોઢા પરના હાવભાવ જાણે કે પાગલ હોય તેવા દેખાવા લાગ્યા. એની દોસ્તે આગળ ચલાવ્યું કે આ છોકરાની ઓરમાન 'મા' એ માત્ર મિલકત ખાતર જ એને પાગલ જેવો બનાવી દીધો છે. આવું કહેતા કહેતા મારી દોસ્તના આંખમાં ઝળઝળિયા આવી ગયા હતા. તે હું જોઈ શકી. વાત વાતમાં મને જાણવા મળ્યું કે આ 'નવી મા' જાણી જોઈને એને પાગલ બનાવતી. કોઈવાર જમવા બેઠો હોય તો ટક્ ટક્ કરે અને કહે કે "ખાવાનું પડતું નહીં મૂકવાનું" અથવા તો નાહીને નીકળે ત્યારે કહે કે - "શર્ટના બટનો બંધ કરતાં નથી આવડતા ?" કોઈ મહેમાન આવે ત્યારે તો તેની હાજરીમાં ખૂબ વઢે અને એને કહે કે - "મહેમાનની, હાજરીમાં તારે બીજા રૂમમાં જઈને બેસવાનું." અને એ રૂમમાં તારો અવાજ જરાપણ આવવો ન જોઈએ. એક વખત તો, એ કુટુંબ આખું એક અઠવાડિયા માટે બહાર ગયું પણ મહેન્દ્રને એકલો ઘેર મૂકીને ગયેલા. (નોકરને આશરે) અને જોર જોરથી કહેતા ગયા કે - "આ પાગલને બરાબર સંભાળી લેજે." નોકરને તો શું ખબર પડે. પણ એ પોતાની રીતે એને સાચવતો અને વાતો કરતો. કુટુંબના બીજા સભ્યોની ગે.હા. માં તો મહેન્દ્ર બહુ સરસ વાતો કરતો. એ સ્કૂલમાં કેવી રીતે ભણતો હતો. પોતાના દોસ્તો સાથે રમતના મેદાનમાં કેવી મજા કરતો હતો. રમત-ગમતમાં કેવો પહેલો આવતો હતો એ બધી વાત એ નોકર

સાથે કરતો. ત્યારે નોકરને પણ એમ થતું કે શેઠાણી રસિલાબહેન કદાચ આ બધું મિલકત માટે તો નહીં કરતા હોય ને ? આવી છાપ રસિલાબહેનના માટે ઘણાંને પડી હતી. અને આખરે બન્યું પણ એવું કે મહેન્દ્રને પાગલ કહી કહીને ખરેખર પાગલ બનાવી દીધો હતો. મોટો થયો ત્યારે તેને પરણાવેલો પણ ખરો. પરંતુ તેની પત્ની પર પણ રસિલાબહેને એવી જ છાપ ઊભી કરેલી કે એ પાગલ છે. તેથી કોઈ મિલકતના ભાગ પાડવાની વાત જ ન કરી શકે. આમ, છતાં પત્ની પોતાના પતિની સંભાળ ખૂબ રાખતી. ઓરમાન બાળકો જ્યારે મોટા થયા ત્યારે તેમને પણ પોતાના પતિ વિશે કાંઈ જ ફરિયાદ કરતી નહીં. પણ સમજી ગઈ હતી કે તેના પતિને પાગલ છે એવું દેખાડીને મિલકતમાં ભાગ ન પડાવી શકે એવું સજ્જડ ચિત્ર પરિવારમાં ઊભું કરેલું. આ વાત મેં જ્યારે સાંભળી ત્યારે મને થયું કે મિલકત ગાંડપણ પણ લાવી શકે છે અને પછી તો ધીરે ધીરે મહેન્દ્ર પણ સૌને કહેતો કે - ''હું થોડો ગાંડો છું'' ત્યારે તેની પત્નીને પોતાના પતિની બહુ દયા આવતી. એ પણ આ પરિવારમાં મૂંગે મોઢે જીવન વિતાવી રહી હતી. મનમાં ને મનમાં પોતાની જાતને પૂછતી કે શું મારી આ ઓરમાન સાસુએ મિલકત માટે જ મારા પતિને ગાંડો તો નહીં કર્યો હોય ને ?'' આવા વાતાવરણમાં મહેન્દ્ર અને તેની પત્ની જીવન વિતાવી રહ્યા હતાં.

મારી આ બહેનપણીની વાત ચા પીતા પીતા હું સાંભળી રહી હતી અને બહેનપણીને વારંવાર પૂછતી મિલકત શું નથી કરી શકતી ? મિલકત જીવનને કેવું પાગલ બનાવી શકે છે ? મારા દોસ્તની સાથે રહેવાનું અઠવાડિયું પૂરું થઈ ગયું. પરંતુ હું જ્યારે ઘેર પાછી ગઈ ત્યારે સમાજ જીવનનું આવું એક અજુગતું અને કડવું પાસું જોવા મળ્યું. આજે પણ હું ભૂલી શકતી નથી. અને મહેન્દ્રનું મુખડું વારંવાર યાદ આવે છે. મનમાંને મનમાં મહેન્દ્ર અને તેની પત્નીને હું કહેતી કે - ''બેટા તારી ઓરમાન માને માફ કરજે.'' અને વાસ્તવિક રીતે જોઈએ તો એની સહનશીલ પત્ની બધુ સહન કર્યા કરતી અને પતિને સંભાળતી રહી. સાસુ-સસરાની સામે કોઈ દિવસ એણે કોઈને ફરિયાદ કરી ન હતી. આ કુટુંબનું જીવન ચરિત્ર હું આજે પણ ભૂલી શકતી નથી. મનમાં એક જ પ્રશ્ન ઊભો થાય છે કે - ''મિલકત શું નથી કરાવી શકતી, પાગલ પણ બનાવી શકે છે.'' આ સ્મરણ આજે પણ મનમાં લાગે છે કે ઉદાસીનતા ઊભી કરે છે તેથી હું આ પ્રસંગને ''મિલકત અને પાગલપન''ના નામે એક વાર્તા બનાવી શકું છું.


## ''ઘરશાળાના ગ્રાહક - વાચકોને વિનંતી''

શાળા, કૉલેજ તથા કુટુંબના બધા સભ્યો- પડોશીઓ 'ઘરશાળા' રસપૂર્વક આનંદથી વાંચે તેમ કરવાની અમારી નેમ છે. આપની પ્રાથમિક/માધ્યમિક શાળામાં 'ઘરશાળા' આવે છે ? આપના અધ્યાપન મંદિરમાં 'ઘરશાળા' આવે છે? આપના જાહેર પુસ્તકાલયમાં 'ઘરશાળા' આવે છે ? આપ સૌ 'ઘરશાળા'ના ગ્રાહક બની તેના પ્રચારક બની રહો. જો આપે હજુ સુધી તેનું લવાજમ ન ભર્યું હોય તો આપ આ અંકથી વાર્ષિક લવાજમ રૂા. ૧૫૦/- મોકલશો તેવી વિનંતી છે.

વાર્ષિક ગ્રાહક તરીકે જેમનું લવાજમ પૂરું થયેલ હોય તેમણે સત્વરે નવાં વર્ષનું વાર્ષિક લવાજમ મોકલી આપવું તેવી વિનંતી છે. 'ઘરશાળા'ના ગ્રાહક ગમે તે માસથી થઇ શકાય છે.

**વાર્ષિક લવાજમ રૂપિયા : ૧૫૦/- ● આજીવન રૂપિયા : ૨૦૦૦/-**

**લવાજમ મોકલવાનું સ્થળ :**

**'ઘરશાળા' માસિક**

**સરસ્વતી વિદ્યામંડળ, ડૉ. રઘુભાઈ નાયક શિક્ષણ સંકુલ, સરસપુર, અમદાવાદ- ૩૮૦૦૧૮.**

**gharashala@saraswatividyamandal.org • www.saraswatividyamandal.org/publication**

# "શિક્ષણના સામ્પ્રત પ્રવાહો"

**પ્રા. દિનુભાઈ એસ. ચુડાસમા**

મધુવન સોસાયટી, જેસર રોડ, મુ. સાવરકુંડલા, પીનઃ ૩૬૪૫૨૫.
જિ. અમરેલી. ફોન : ૯૯૭૯૧૮૭૫૮૭
email: dr.dinu.chudasama@gmail.com

**પુસ્તક શીર્ષક : 'શિક્ષણના સામ્પ્રત પ્રવાહો'**
**લેખક : ડૉ. મોતીભાઈ મ. પટેલ**
**હેતુ : શિક્ષણની સંકલ્પના પાયારૂપ વિચારોનું પ્રગટીકરણ**
**પ્રકાશક : અવનિકા પ્રકાશન, અમદાવાદ**
**કિંમત : રૂ. ૨૨૦, પાના : ૨૨૪**

**લેખકનો પરિચયઃ**

ડૉ. મોતીભાઈ મ. પટેલના આજીવન શિક્ષણયજ્ઞનો સાર એટલે 'શિક્ષણના સામ્પ્રત પ્રવાહો' પુસ્તક. લેખક મૂળે ચેતનવંતા શિક્ષક તેમના વિશે કહી શકાય કે આ માણસ શિક્ષણ પાથરે, ઓઢે, પહેરે, ખાએ, પીએ, પચાવે, શ્વસે છે. પરિવર્તનને પારખતો આ બંદો કેળવણી વિશેના પોતાના અભિપ્રાયો જગતમંચ પર મોતીની જેમ વેરે છે. જીવંત શિક્ષક અને સંજીવની સમું શિક્ષણ બની રહે એની ખેવના રાખતા અભ્યાસુજીવ આખાબોલા અને સાચાબોલા કબીરની પરંપરાના માડુ છે.

ભવાટવિનાં રંગમંચ પર એક સાધક શિક્ષક તરીકેની ભૂમિકા સુપરસ્ટાર બિગબીની જેમ નિભાવનાર મોતીભાઈ નિવૃત્તિ પછી પણ અધિક પ્રવૃત છે. એમનું સુખ શેમાં તો મને કહે :

'ખૂબ વાંચવું, નીત નવા પુસ્તકો ખરીદવા ને તેનું સેવન કરવું પરમાત્મા પાસે હવે પછીનો એક જન્મ મારે સદ્‌ગ્રંથોના વાંચન કરવા માટે માંગવો છે દિનુભાઈ.'

મો. વિશે સંક્ષિપ્ત પરિચય ગુજરાતના વિશારદોની નજરે આ રહ્યો, તમે પણ એમને ઓળખો પછી એમના પુસ્તકની વાત માંડુ તો શિક્ષણના પ્રવાહોથી તમે પણ ભીંજાશો જ... સર્જક ગુણવંત શાહ મોતીભાઈ વિશે સાચું જ કહે છે કે :

'ગુજરાતની શિક્ષણસંસ્થાઓમાં જઈને શિક્ષણના વિચારો વહેંચવાનું એટલે વેડછીથી વિસનગર અને વિસાવદરથી વલ્લભવિદ્યાનગર સુધીના વિસ્તારમાં આવેલી અનેક શિક્ષણસંસ્થાઓમાં પ્રવચનો કરે છે. લોકો એમને પ્રેમથી સાંભળે છે.'

ભદ્રાયુ વચ્છરાજાની મોતીભાઈ વિશે કહે છે કે :

'મોતીભાઈની મોટાઈ એ છે કે તેઓ નવીન પ્રયોગના હંમેશ પ્રસંશક છે અને તેમનું તારણ છે કે પરિસ્થિતિ પલટાય ત્યારે સત્ય પણ પલટાય છે. છેલ્લા પંદર વર્ષોથી નિવૃત્ત છે. અઢળક વાંચે છે. ભરપૂર લખે છે.'

કચ્છ યુનિવર્સિટીના ભૂતપૂર્વ કુલપતિ કાંતિ ગૌરવ મત મોતીભાઈ વિશે જોઈએ.

'વર્ષોના અનુભવ પછી પણ વર્ગકાર્ય માટેની પૂર્વ તૈયારીમાં કશી જ ઓટ નહીં, ભલે અભ્યાસક્રમ ન બદલાયો હોય પણ શ્રી મોતીભાઈ પોતાના અધ્યાપનકાર્યની તૈયારી પહેલી વખત વર્ગખંડમાં જતાં હોય એટલી ગંભીરતાથી કરે.'

મોતીભાઈ સાચા શિક્ષક રહ્યા તેના આ જીવંત અભિપ્રાયો છે. મોતીભાઈ કેળવણીના પરિશ્રમી કૃષક છે. શિક્ષણની ખેતીના પરિપાકરૂપે શિક્ષિત ખેડૂત મોતીભાઈને જે શિક્ષણદર્શન આત્મસાત થયું તેને ગુજરાતમાં તંદુરસ્ત શૈક્ષણિક પરિવસે સર્જાય તે માટે પુસ્તક સ્વરૂપે મૂકી આપેલ છે તેમના શિક્ષણવિષયક પુસ્તકોના શીર્ષકો નીચે મુજબ છે : (૧) 'વિચાર અભિવ્યક્તિનું શિક્ષણ' (૨) 'પશ્ચિમી શિક્ષણચિંતકોનું ચિંતન' (૩) 'પૌર્વાત્ય શિક્ષણ ચિંતકોનું ચિંતન' (૪) 'કેળવણીના રાષ્ટ્રીય ઋષિઓ' (૫) 'જહોનડ્યૂઈનું શિક્ષણદર્શન' (૬) 'જીનજેક રૂસોનું શિક્ષણદર્શન' (૭) 'મહાત્મા ગાંધીનું શિક્ષણદર્શન' (૮) 'રવીન્દ્રનાથ ટાગોરનું શિક્ષણદર્શન' (૯) 'નઈ તાલીમ : ગઈકાલ, આજ અને આવતીકાલ'

શિક્ષણયજ્ઞમાં નિમગ્ન મોતીભાઈ સર્જક શિક્ષક હોવાથી એમની નજર વૈશ્વિક શૈક્ષણિક વહેણોથી પરિચિત રહે છે. ક્યાં કયું વહેણ નૂતન પ્રગટ થાય તેની ખેવના રાખતા સજીવ શિક્ષક હોવાથી ગુજરાતની ગિરાને, ગુજરાતના શિક્ષણને એમની પાસેથી 'શિક્ષણના સામ્પ્રત પ્રવાહો' પુસ્તક મળે છે અહીં એમની ઝલક જોઈએ તો સાંકળિયુંમાં જે લેખોના શીર્ષકો પરથી જ વાચકોને લેખકની રસરુચિનો અનુભવ થઈ જશે :

'આધુનિક સમાજમાં શિક્ષણની ભૂમિકા'

'ભણતર...ગણતર અને ચણતર'

'ભણતરનો ભાર હળવો કેમ કરવો ?'

'અધ્યયન - અધ્યાપન પદ્ધતિઓ'

'મૂલ્યાંકન પદ્ધતિ...'

'પુસ્તક સાથે પરીક્ષા : વિચારણીય મુદ્દો'

'શાળા સંકુલઃ સંકલ્પના, રચના અને કાર્યક્રમો'

'આજીવન શિક્ષણની સંકલ્પના'

'શિક્ષણમાં શિક્ષકો અને નિરીક્ષકો વચ્ચે માનવીય અભિગમ'

'કેળવણીની સંકલ્પના : ગઈકાલની, આજની અને આવતીકાલની'

'વાચન દ્વારા વિચાર ઘડતર'

'શાંતિ માટેનું શિક્ષણ'

'આવતી કાલનો શિક્ષક'

'શિક્ષણના સામ્પ્રત પ્રવાહો' પુસ્તકમાં એકવીસ લેખો સંગ્રહિત છે પરંતુ આ ૨૧ લેખો શિક્ષણના સાંપ્રત પ્રવાહોને ભાવક સમક્ષ લાવવા સક્ષમ છે. પુસ્તકના પાને પાને કેળવણીની કાળજીના દીવા પ્રગટે છે. અહર્નિશ પરિવર્તનશીલ કોઈ જીવ જગતમાં હોય તો એ શિક્ષક હોવાનો કારણ કે વૈશ્વિક પ્રવાહોની ભીતર અનુભૂતિ કરી વર્ગમાં જઈ તાજગીથી અધ્યયનશીલ રહેતો શિક્ષક જ વર્તમાનનો પ્રહરી બની શકે છે. માત્ર રૂપાળા મકાનો નહીં વર્ગમાં અપાતું શિક્ષણ ઐશ્વર્યવંતુ હોવું જોઈએ. વિજ્ઞાન અને ટેક્નોલૉજી સાથે કુદરતના રંગોને, રૂપોને પોતાનામાં સમાવી લેતો અને વર્ગમાં પ્રગટ થતો શિક્ષક ક્લાસને કલરવમય બનાવી શકે છે. વાંચતો, વિચારતો શિક્ષક વર્ગમાં નૂતન વિચારોની રમઝટ બોલાવી શકે છે. ખૂબ મોટી અપેક્ષા શિક્ષક પાસે સમાજ રાખતો હોય છે. લેખક મોતીભાઈ પણ અપેક્ષાપૂર્ણ કરે એવા શિક્ષક રહ્યા હોવાથી આજના શિક્ષક પાસે ઊંચી આશા રાખે છે જ એમાં બે મત નહીં મોતીભાઈ કહે છે :

'વિજ્ઞાન અને ટેક્નોલૉજીને કારણે પરિવર્તન ઝડપી બન્યું છે. જ્ઞાનનું વિસ્ફોટન ખૂબ રોકેટ ગતિએ ચાલે છે. આપણે બધા જ્ઞાનના ભંડારથી અલિપ્ત રહીએ તે કેમ ચાલે ?'

લેખક શિક્ષક પાસે જે સજ્જતાની અપેક્ષા રાખે છે તેમાં શિક્ષણજગતનું હિત સચવાયેલું છે. વિદ્યાર્થીને બી.એડ્ પછી નોકરી મળે, શિક્ષક બને એ પછી એમની તાલીમનું શું ? શિક્ષક નવા પ્રવાહોને જાણતો રહેશે તો એ જીવંત રહી શકશે, શિક્ષક સજ્જ રહેશે તો વિદ્યાર્થી આલમને રચનાત્મક, સર્જનાત્મકતાનો સંસ્પર્શ કરાવી શકે છે. શિક્ષક કૌશલ્યપૂર્ણ હશે તો છાત્રોને કલાત્મક જીવનની દીક્ષા આપી શકે છે. શિક્ષક વાંચતો વિચારતો અને અભિવ્યક્તિમાં દક્ષ હશે તો શિક્ષણની અનેક સમસ્યાઓ ઉદ્ભવશે નહીં. આજે જ્યારે શિક્ષણમાં રાજકારણ ઘૂસી ગયું છે ત્યારે રાજકારણમાં શિક્ષણ એકરૂપ થઈ જાય તો નાનાવિધ સમસ્યાઓ ઊભી થશે નહીં. બધા શિક્ષકો શાળા, વિદ્યાસંસ્થાને વફાદાર રહી પ્રતિબદ્ધતાથી કાર્યરત રહે તો પછી એ શિક્ષક અને શિક્ષણ જાદૂઈ પરિવર્તન લાવી શકશે એવા પરિવર્તનનો પાયો માનવતા હશે. મોતીભાઈ સાંપ્રત શિક્ષણના પ્રવાહોમાં શિક્ષકની માનસિક તંદુરસ્તી પર વિશેષ ભાર આપે છે. કારણ કે જે. કૃષ્ણમૂર્તિ કહી ગયા છે.

'સમગ્ર જીવન જીવી શકે એવી સુસંવાદી વ્યક્તિઓ પેદા કરવી એ શિક્ષણનું સર્વોત્તમ કાર્ય છે.'

પુસ્તકના પાને પાને શિક્ષણના મોતીઓનો ઝળહળાટ લેખક મોતીભાઈ પ્રસરાવી શક્યા છે. સવિશેષ વાતો કરી

સમયના લોપ વિના કાળ સંગ મોતીમય શિક્ષણની ચેતનવંતી સુગંધને મૂકી આપુ તો તમને ગમશે ! શું કહે છે શિક્ષણ વિશે આ સજાગ શિક્ષક :

● શિક્ષણ જીવન પર્યંતની પ્રક્રિયા છે. ● પુસ્તકાલયો વધુને વધુ ખોલવા. ● શીખવવાને બદલે શીખવા માટેના સંજોગો ઊભા કરવા. ● અધ્યયન અધ્યાપન પદ્ધતિમાં સમયાનુરૂપ ફેરફાર કરતા રહેવું. ● વિદ્યાર્થીલક્ષી પદ્ધતિઓ, પ્રવૃત્તિઓ વર્ગમાં યોજવી. ● શિક્ષક વર્ગમાં ઓછું બોલે-વિદ્યાર્થી વધુ પૂછે - સક્રિય વધારે બને. ● વિદ્યાર્થી વાંચતો થાય માટે પ્રગટ થતા ઉત્તમ પુસ્તકોનું વાંચન કરી શિક્ષક એનો પરિચય આપતો રહે. ● નિશાળ વિશાળ હોય, શાળા પરિસર વિશાળ હોય તેમ સંચાલકો, શિક્ષકોના હૃદય પણ ઉદાર હોય તો શિક્ષણની નૂતન સરવાણીઓ સજીવ બની વહેતી રહે છે. ● વૃક્ષમય પરિવેશ, કુદરતના જતન અર્ચનની દીક્ષા આપતો શિક્ષક હોય તો રાજી રાજી. ● શિક્ષણ એ બાળકો ઉગાડવાની ધીમી છતાં ક્રાંતિકારી પ્રક્રિયા છે. ● વિજ્ઞાન અને ટૅક્નોલૉજી અને જીવનલક્ષી શિક્ષણનો મેળ થાય... ● વૈશ્વિક શિક્ષણના પ્રવાહો અને પ્રયોગોથી સંચાલકો, શિક્ષકો માહિતગાર રહે. ● શિક્ષણયજ્ઞ જીવનયજ્ઞમાં રૂપાંતર પામે તો વાત જામે તેમ છે. ● આપેલ સમયથી અધિક સમય શિક્ષકો ફાળવે, માત્ર કર્મકાંડ નહીં રસવંતા રહે તો શિક્ષક અને શિક્ષણ માટે ખાતર સમાન છે. શિક્ષણની ફળદ્રુપતા વધે એમ બને છે. ● વિદ્યાર્થીને કલાકાર બનાવે અને જીવનને કલામય રીતે જીવી બતાવે તે શિક્ષણનું એક મિશન રહેવું જોઈએ. ● માત્ર બૌદ્ધિક નહીં હૃદયથી વૈભવ બક્ષે એવા શિક્ષણની ખાસ્સી જરૂરત સાંપ્રતમાં છે. ● શિક્ષણ દ્વારા રાષ્ટ્રભાવનાનો વિકાસ થાય તો દેશ પ્રગતિના પંથે દોડી શકે છે. દા.ત. જાપાન અને ઈઝરાયેલ. સિંગાપોર. ● શિક્ષણના પ્રત્યેક સ્તરના છાત્રોનો ભાર હળવો કરવો વર્તમાનમાં અતિ અગત્યનું છે. ● પાઠ્યસામગ્રીને ખરા શિક્ષણવિદોના માર્ગદર્શન પછી સૂચનો પ્રમાણે સભાનતાથી તૈયાર કરી આપવું જોઈએ. ● પાઠ્યસામગ્રીને ભણાવવાની નવી રીતો શિક્ષકને તાલીમ દ્વારા આપતી રહેવી અને એનું મોનિટરિંગ સાચી રીતે કરતા રહેવું જોઈએ. ● શિક્ષણકેન્દ્રી પદ્ધતિઓથી શિક્ષકને સજ્જ થતા રહેવું, કરતા રહેવું. ● વિદ્યાર્થીઓ શાળા કે કૉલેજ સમય પછી પણ ઘણું શીખતા રહે.

પુસ્તકમાં લેખકે શિક્ષકની, સંચાલકોની દૃષ્ટિ વિશાળ બને માટે શિક્ષણના મહર્ષિઓ કહેવાય એવા મનુષ્યોની કેળવણી વિષયક પરિભાષાઓ મૂકી છે. ખુદ જ્યારે શિક્ષકો એ વાંચે તો એમને વિચાર આવશે કે આપણે જીવનમાં આવું અતિ મહત્ત્વનું કાર્ય મળેલ છે ? ખરા શિક્ષકમાંથી અંદરૂની અવાજ આવશે; ચાલો વિદ્યાર્થીના ઘડતર માટે વહાલપૂર્વક કાર્યરત થઈએ રસ અને રોટલાને ભેગો કરી સુખનું નિર્માણ કરીએ.

(૧) 'માનવીની સંપૂર્ણ વ્યક્તિમત્તાનું પ્રગટીકરણ એટલે શિક્ષણ' - **સ્વામી વિવેકાનંદ**

(૨) 'શિક્ષણ એવી પ્રક્રિયા છે કે, જેના દ્વારા બાળકની જન્મજાત શક્તિઓ પ્રગટ થાય છે.' - **ફ્રોબેલ**

(૩) 'કેળવણીનું કાર્ય જે ન જાણતા હોય તે જણાવવાનું નથી, પણ જે ન આચરતા હોય તે આચરતા કરવાનું છે.' - **જ્હોન રસ્કિન**

(૪) 'બાળક અથવા મનુષ્યના શરીર, મન અને આત્મામાં શ્રેષ્ઠ જે કાંઈ છે તે બધું બહાર આણવું એને હું શિક્ષણ કહું છું.' - **મહાત્મા ગાંધી**

(૫) 'કેળવણી એટલે આપણો મિજાજ કે આત્મવિશ્વાસ ખોયા વિના લગભગ હરકોઈ વાત સાંભળવાની શક્તિ.' - **રોબર્ટ ફ્રોસ્ટ**

(૬) 'શિક્ષણ એ સત્યનું ઓજાર છે. કેળવણી એટલે મુક્તિ, આર્ષદર્શન, સ્વયંપ્રેરણા, નિત્ય નવું સર્જન, સાહસ' - **વિનોબાજી**

(૭) 'સમગ્ર જીવન જીવી શકે એવી સુસંવાદી વ્યક્તિઓ પેદા કરવી એ શિક્ષણનું સર્વોત્તમ કાર્ય છે.' - **જે.**

(અનુસંધાન પૃષ્ઠ ૨૯ ઉપર)

# ધીરજનાં ફળ મીઠાં

**રણછોડ શાહ**

**ઍમિટી સ્કૂલ, ભરૂચ. સંપર્ક સૂત્ર : ૯૯૭૯૮૬૧૬૩૧**

*"ન રાખું આશ કદી કોઈ પાસ*
*પછી કરે કોણ મને નિરાશ ?"*

- રમણલાલ સોની

અત્યારનો યુગ ઝડપી હોવાનો અનુભવ સૌને થઈ રહ્યો છે. પ્રત્યેક કાર્યમાં કેટલો સમય ગયો તેની ગણતરી મૂકી તેનું મૂલ્યાંકન કરવામાં આવે છે. કોઈપણ કાર્ય તાત્કાલિક જ થવું જોઈએ તેવું સૌ સતત ઈચ્છી રહ્યાં છે. ટ્રેન કે સિનેમાની ટિકિટથી લઈને ડૉક્ટરની મુલાકાત પણ તરત જ મળવી જોઈએ તેવું માનસ ઘર કરી ગયું છે. ઝડપ કાર્યદક્ષતા સાથે જોડાઈ ગઈ છે. કાળજીપૂર્વક પણ ધીમેથી થતું કામ અસ્વીકાર્ય બન્યું છે. જો નિર્ધારિત કે ઈચ્છિત સમયમાં કામ પૂર્ણ ન થાય તો ગુસ્સો કે ઝઘડો કરવાની વૃત્તિ વધી પડી છે. ખરેખર તો બૂમાબૂમ પણ એક પ્રકારની માનસિક હિંસા છે. સવારથી સાંજ સુધીમાં માનસિક હિંસાની પરિસ્થિતિ અનેકવાર જોવા મળે છે. 'ઉતાવળ સો બાવરા, ધીરા સો ગંભીર' ગુજરાતીના પુસ્તકમાં કદાચ સારું લાગતું હશે પણ રોજિંદા જીવનમાં તો ધીરજથી કાર્ય કરતી વ્યક્તિની ગણતરી આળસુમાં થઈ જાય છે.

એક અપ-ટુ-ડેટ અમેરિકન લંડનમાં એક રેસ્ટોરન્ટમાં દાખલ થયો. તેણે અભિમાનપૂર્વક ચારે તરફ નજર ફેરવી. પોતાનો કેવો પ્રભાવ પડી રહ્યો છે તે જોવાનો તેણે પ્રયત્ન કર્યો. જેવો તે રેસ્ટોરન્ટમાં દાખલ થયો અને તેની નજર એક ખૂણામાં બેઠેલા ભારતીય ઉપર પડી. તે સીધો કાઉન્ટર ઉપર ગયો. પેન્ટના ખિસ્સામાં રહેલ પાકીટમાંથી ક્રેડિટ કાર્ડ કાઢ્યું. વેઈટરને ઉદ્દેશીને કહ્યું, "હું આ રેસ્ટોરન્ટમાં ઉપસ્થિત તમામ વ્યક્તિઓને મારા તરફથી નાસ્તો કરાવીશ. પરંતુ પેલા ખૂણામાં બેઠેલ ભારતીયને તારે નાસ્તો આપવાનો નથી." વેઈટરે પેલા ભારતીય સજ્જન સિવાય તમામને મફત નાસ્તો આપવાની શરૂઆત કરી. તેમ છતાં ભારતીય સજ્જન સહેજ પણ અસ્વસ્થ થયા નહીં. અમેરિકન તરફ જોઈ તેઓ અત્યંત વિનય અને વિવેકપૂર્વક બોલ્યા, "ભાઈ, આપનો ખૂબ ખૂબ આભાર." આ સાંભળી અમેરિકન ધૂંઆપૂંઆ થઈ ગયા !

ગુસ્સામાં તેઓએ ફરીથી ખિસ્સામાંથી પાકીટ કાઢ્યું. બૂમ પાડીને વેઈટરને કહ્યું, "આ વખતે હું આ રેસ્ટોરેન્ટમાં ઉપસ્થિત તમામને નાસ્તાની સાથે ઉત્તમ કક્ષાનો દારૂ પીરસવા માટે પૈસા ચૂકવું છું. તો તમામને આ મફત નાસ્તો અને દારૂ આપશો. હું તમને હુકમ કરું છે કે પેલા ખૂણામાં બેઠેલા ભારતીયને તમારે નાસ્તો અને દારૂ આપાવાનો નથી તેની ખાસ કાળજી રાખશો." જ્યારે વેઈટરે તેની કામગીરી ફરીથી પૂર્ણ કરી ત્યારે ભારતીય સદ્‌ગૃહસ્થે અમેરિકન તરફ સ્મિત કરીને નમ્રતાપૂર્વક પરંતુ દ્રઢ અવાજમાં જણાવ્યું, "હું આપનો આભાર વ્યક્ત કરતાં અત્યંત આનંદની લાગણી અનુભવું છું." વળી બે હાથ જોડી નમસ્તે પણ કહ્યું.

આ સાંભળી અમેરિકનભાઈ અત્યંત ખિજાઈ ગયા. તે રેસ્ટોરન્ટના કાઉન્ટર પાસે ગયા. કાઉન્ટર ઉપર હાથ ટેકવીને બોલ્યા, "પેલા ભારતીયભાઈ કેવા વિચિત્ર છે ? મેં તેમના સિવાય તમામને નાસ્તો અને પીણું આપ્યું ત્યારે ગુસ્સે થવાને બદલે તેઓ તો વારંવાર મારો આભાર માને છે, તે ત્યાં જ બેસી રહી મારા તરફ પ્રસન્નતા વ્યક્ત કરી ઋણ સ્વીકાર કરતા હોય તેમ નજરે પડે છે. શું તે ગાંડા છે ?"

વેઈટરે મલકાતા ચહેરે જણાવ્યું, "ના, તે પાગલ નથી, તેઓ તો આ રેસ્ટોરન્ટના માલિક છે." કેટલીકવાર શત્રુઓ જ અજાણતાં મદદરૂપ બનતા હોય છે ! પ્રત્યેક કાર્યનો આવેગપૂર્ણ પ્રત્યુત્તર આપવાને બદલે શાંતિ અને ધીરજથી વર્તન કરતાં સામેનો વ્યક્તિ ખસિયાણો પડી જાય છે. 'આઘાત અને પ્રત્યાઘાત સરખા અને એકબીજાની

વિરુદ્ધ દિશામાં હોય છે' - એવો ન્યૂટનનો ગતિનો ત્રીજો નિયમ ભૌતિકશાસ્ત્રમાં યોગ્ય હશે. વ્યવહારમાં તો આઘાતને સહન કરીને પ્રત્યાઘાત આપવાને બદલે ધીરજપૂર્વક શાંતિથી તેની સામે વર્તન કરતાં તે નિરુત્તર બની જાય છે. જ્યારે તમને ગણતરીમાં લેવામાં ન આવે ત્યારે તેની સામે ગુસ્સો વ્યક્ત કરવાને બદલે તે બાબતે ઉપેક્ષા સેવવી તે જ ઉત્તમ રસ્તો છે.

*"ધરો ધીરજ વધુ પડતો પ્રણય સારો નથી હોતો;*
*અતિ વરસાદ કૈં ખેડૂતોને પ્યારો નથી હોતો.*
*તમારા ગર્વની સામે અમારી નમ્રતા કેવી ?*
*ગગનમાં સૂર્યની સામે કદી તારો નથી હોતા."*

– શેખાદમ આબુવાલા

ક્રોધથી દૂર રહેવામાં જ ડહાપણ છે. જેના ઉપર ગુસ્સો કરવામાં આવે છે તેને નુકસાન થાય કે નહીં તે નક્કી નથી પરંતુ ક્રોધ કરનારને તો તે ભયંકર હાનિ પહોંચાડે છે. ગુસ્સાને કારણે વ્યક્તિ કલાકો સુધી અસ્વસ્થ રહે છે. બીજા કોઈ કાર્યમાં મન લાગતું નથી. મનમાં મુંઝાયા કરે છે. જો તમે સાચા હોવ તો ગુસ્સે થવાની જરૂર નથી અને ખોટા હોવ તો ગુસ્સે થવાનો અધિકાર નથી. કુટુંબીજનો સાથે ધીરજ રાખતાં પ્રેમનો સરવાળો થાય છે. અન્યો સાથે ધીરજથી વર્તતાં માન-સન્માન વધે છે. જાત સાથે ધીરજથી વર્તન કરતાં આત્મવિશ્વાસમાં વધારો થાય છે. ઈશ્વર પાસે ધીરજ ધરવાથી ઈશ્વરમાં આપણી શ્રદ્ધા અનેકગણી વધે છે.

ભૂતકાળની ગુસ્સાવાળી દુઃખદ ઘટનાઓ વિચારતાં આંસુ સારવાના થાય છે. ભવિષ્યના પ્રસંગો અંગે વિચારતાં ભય ઉત્પન્ન થાય છે. જીવનમાં પ્રત્યેક કસોટી સારા અથવા કડવા અનુભવો પૂરાં પાડે છે. દરેક સમસ્યા આપણું ઘડતર કરે છે. પસંદગી આપણે કરવાની છે કે આપણે તેના ભોગ બનવું છે કે વિજયી થઈ બહાર નીકળવું છે. તમામ સૌંદર્યલક્ષી ઘટનાઓ પરોપકારી હોય તે જરૂર નથી પરંતુ તમામ કલ્યાણકારી પ્રસંગો લાભદાયી હોય છે.

પ્રભુએ આપણી આંગળીઓ વચ્ચે શા માટે જગ્યા છોડી છે ? કારણ કે તમારે માટે જે વિશિષ્ટ છે તે જ્યારે તમને મળે ત્યારે તે જગ્યાઓમાં પોતાની આંગળીઓ સરકાવી દઈ તમારો હાથ હંમેશા માટે પકડી રાખે છે. જિંદગીભર મૈત્રી નિભાવતા મિત્રો તો ભાગ્યશાળીને જ પ્રાપ્ત થાય છે. પ્રત્યેક પ્રસન્નતા તમને મધુર બનાવે છે. સુખ તમારા જીવનને વધારે અને વધારે મીઠું બનાવે છે.

આચમન :

*"ધીરજ એટલે રાહ જોવાની ક્ષમતા નહીં, પણ રાહ જોતી વખતે સ્વભાવને કાબૂમાં રાખવાની ક્ષમતા"*

---

**"શિક્ષણના સામ્પ્રત પ્રવાહો"**

**કૃષ્ણમૂર્તિ**

(૮) 'માનવ-પ્રતિભાના સર્વદેશીય વિકાસની પ્રક્રિયાને શિક્ષણ કહેવાય' - **ગુણવંત શાહ**

(૯) 'હું કદી શીખવતો નથી. હું તો એવા સંજોગો પેદા કરું છું જેમાં વિદ્યાર્થી શીખે.' - **આલ્બર્ટ આઈન્સ્ટાઈન**

પુસ્તકમાં મોતીભાઈનું શિક્ષણ વિષયક વાંચન, વિચાર, સંકલ્પના, આજની અને આવતીકાલની શિક્ષણપદ્ધતિઓ વિશે સજાગ રહી વાત મૂકવામાં આવી છે. છેવટનું તો શિક્ષકના પર બધો આધાર છે... શિક્ષકનું મંચ એક જ હોય ત્યાં જ રહી એ જગતમંચ ઉપર વિદ્યાર્થીને મૂકી આપતો હોય છે. માટે પોતાના વ્યવસાયમાં શિક્ષકે તરોતાજાં રહેવું, જીવન તરફ સકારાત્મક રહેવું અને વર્તમાન પ્રવાહોને વફાદાર રહી એને શિક્ષણની સરવાણીઓ સાથે સંલગ્ન કરી આપવી પડશે.... શિક્ષક અને શિક્ષણ સજીવ રહેશે તો જગત જીવંત બનતું જશે.. આ પુસ્તક દરેક શિક્ષકે વાંચવું જોઈએ, પોતાની સાથે રાખશો તો પ્રેમાળ સાથીની જેમ વહાલપૂર્વક મારગ ચીંધતું રહેશે.... શિક્ષણ જગતના સંત જેવા શિક્ષકોનું, પૂર્વસૂરિઓનું પાકસ્મરણ કરી વાત અટકાવું...

# માજીની અગાશી

**હરિત પંડ્યા**

૨૧, મેઘાનગર, પવનચક્કી રોડ, નડિયાદ-૩૮૭૦૦૨.
મો. : ૯૪૨૮૬૯૯૮૫૪

સંગમ સોસાયટીમાં એક માજી રહે.

રોજ સવારે સૂરજ ઊગતા પહેલાં એ એમની અગાશીમાં પહોંચી જાય. એમના હાથમાં ખાસો મોટો વાટકો હોય. વાટકામાં ઠસોઠસ જાર ભરેલી હોય. વાટકામાંની જાર એ, મૂઠ ભરીને અગાશીમાં વર્ષાવતાં રહે.

એમના આવતાં અગાઉથી જ અહીં રોજ ચણવા આવતા પક્ષીઓ અગાશીની પેરેપેટ વોલ પર ગોઠવાઈ ગયાં હોય. માજીની પ્રતીક્ષા કરતાં થોડાંક અહીં-તહીં ઊડતાં રહે.

માજીનાં દર્શન થતાં જ પેરેપેટ વોલ પર બેઠેલાં પક્ષીઓ, ઊડાઊડ કરનાર ભેગાં, એમની પાંખો ફફડાવતા અગાશીમાં ઊતરી આવે. બધાં, અકરાંતિયાંની જેમ જારના દાણાં આરોગવા માંડે. કેટલાંક અધિરિયાં તો, માજીને અગાશીનાં પગથિયાં ચડતાં જોતાની વારમાં એમના માથા પર ચકરાવો લેતાં રહે. એકાદ-બે હિમ્મતવાળાં તો માજીના હાથમાંના વાટકામાંથી જારના દાણા ચાંચમાં ઉપાડીને એમના ઉદરમાં પધરાવતાં રહે.

માજીની બહોળી અગાશી જારના દાણાંથી છવાઈ જાય. જારની મિજબાની માણવા કબૂતરો ઉપરાંત કાબરો, હોલાં, બુલબુલો અને કાગડા સુદ્ધા આવી જાય. બધાં, પોતાની આસપાસ વેરાયેલ જારનાં દાણાં ચણતાં રહે.

અગાશીમાં ચણતાં બે પક્ષીઓ ક્યારેક એક-બીજાની બહુ નજીક આવી જતાં ત્યારે બંને વચ્ચે અથડામણ જેવું થઈ જતું. એવે ટાણે બંને, એમની પાંખો પસારીને એક-બીજાને પાંખોની બે-ચાર થપાટો મારીને છૂટાં પડી જતાં. આમ, વાત આટલેથી પતી જતી. ઘડી પછી બંને ફરી પાછાં નિરાંતે ચણ ચણવા માંડતાં.

માજીની સોસાયટીની પડોશમાં વિધર્મીઓની સોસાયટી.

એક દિ' સંગમ સોસાયટી અને બાજુની સોસાયટીના બે જુવાનિયા ખાણીપીણીની લારી આગળ કોઈ કારણસર બાખડી પડ્યા. બોલાચાલીમાંથી મારામારી સુધી વાત વણસી.. જોતજોતામાં તો બંને સોસાયટીના રહીશો, હાથમાં જે આવ્યું તે લઈને લારી પાસે ભેગા થઈ ગયા. ઘડીમાં તો યુદ્ધભૂમિ જેવું દૃશ્ય સર્જાઈ ગયું. કેટલાંયનાં માથા ફૂટ્યાં. કેટલાયના હાથ-પગ ભાંગ્યા. પથરાબાજીથી આખો વિસ્તાર પાણાથી છવાઈ ગયો. કોકે પોલીસને જાણ કરી હશે તે પોલીસવાન આવી પહોંચી. પોલીસે દંડાબાજી શરૂ કરી અને ટિયરગેસના સેલ છોડ્યા અને થોડાકને પકડીને લઈ ગયા ત્યારે મામલો માંડ ઠેકાણે પડ્યો.

બંને કોમ વચ્ચેની અથડામણથી માજીથી વ્યથિત થઈ જવાયું.

એમની અગાશીમાં ભિન્ન ભિન્ન પ્રજાતિનાં પંખીઓને એખલાસ ભર્યા માહોલમાં હળીમળીને ચણ ચણતાં એ જોતાં રહ્યાં.

---

**પંડિત જવાહરલાલ નહેરુ : સમાજ પરિવર્તનમાં શિક્ષણની ભૂમિકા**

પ્રબળ તત્ત્વ હોય તો તે નારી છે. આ માટે નારી જ્ઞાનવાન બને તે ખૂબ જ જરૂરી છે. સ્ત્રીઓ જો કેળવણી સુચારુ રીતે પામે તો સમાજના દૂષણો આપોઆપ દૂર થઇ જાય છે. સમાજના દરેક ક્ષેત્રોમાં નારીઓનું પ્રભુત્વ હોય તો ભાવિના એંધાણ ઉજળા છે. આજની પેઢી જો શ્રમ અને ત્યાગ શીખશે તો ભારતનું ભાવિ ઉજળું બનશે.

આમ જવાહરલાલ નહેરુ માત્ર વડા પ્રધાન નહિ પણ ઉમદા કેળવણીકાર હતાં. તેઓનું ચિંતન આપણને સમસ્યા ઉકેલનું જ્ઞાન, નિર્ભયતા, ત્યાગ,સહિષ્ણુતા, કન્યા શિક્ષણ, શ્રમ અને વૈજ્ઞાનિક વલણો જેવાં માનવમૂલ્યો શીખવી દે છે.

# પંડિત જવાહરલાલ નહેરુ : સમાજ પરિવર્તનમાં શિક્ષણની ભૂમિકા

**પ્રવીણ કે. મકવાણા**

આચાર્યશ્રી, આંગણકા પ્રાથમિક શાળા, તા. મહુવા, જિ. ભાવનગર.
મો. ૯૪૨૮૯૧૯૮૦૯, ૮૧૪૦૧૯૪૧૧૯,
pravinmakwana23@gmail.com

ડૉ. એ.પી.જે. અબ્દુલ કલામ કહેતા કે, Life and Time are the world's best teachers, Life teaches us to make good use of time and Time teaches us the Value of Life. અહીં આપણને સમયની ઉપયોગિતા સરસ રીતે સમજાવી દીધી.

પંડિત જવાહરલાલ નહેરૂ એક ઉમદા તત્ત્વચિંતક, સાહિત્યકાર તેમજ કેળવણીકાર પણ હતાં. નહેરૂજી માનતા કે ' જીવન જીવવા આડે આવતી સમસ્યાઓને જે જ્ઞાન ઉકેલે તે જ કેળવણી. આમ કેળવણી ખરા અર્થમાં સમસ્યાઓના ઉકેલ માટે અવલોકનપૂર્વકનું નિશ્ચિત જ્ઞાન, મનન, વૈજ્ઞાનિક પદ્ધતિ પણ છે. એ જ તત્ત્વજ્ઞાન કાયમી રહે છે કે જે માનવીની મુશ્કેલીઓને નિવારવા માટે માર્ગ ચીંધે. એ જ તત્ત્વજ્ઞાન જીવંત ગણાય છે કે જે દૈનિક જીવનની સમસ્યાઓ ઉકેલવા માટે યોગ્ય જ્ઞાન, પદ્ધતિ, અને અભિગમ શીખવાડી દે. માનવ જીવનની ઘટમાળમાં વિવિધ વૈજ્ઞાનિક પદ્ધતિઓ તેમજ અભિગમો દ્વારા આખાય જીવન દરમિયાન આવતા પરિવર્તનોથી આપણે સારી રીતે જીવન જીવી શકીએ.

નહેરૂજી આપણા ભારતીય સમાજમાં પરિવર્તન લાવવા માટે શિક્ષણની ભૂમિકા અગત્યની માનતા હતા. સમાજના પ્રત્યેક વ્યક્તિને શિક્ષણ મળવુ જોઇએ, વળી શિક્ષણ મળ્યા બાદ તેના મોભામાં ફેર પડવો જોઈએ. ભારતમાં શિક્ષણને ઉચ્ચ સ્થાન મળે તે માટે નહેરૂજી કટીબદ્ધ હતા. નહેરૂજીએ તો ભારતમાં અને વિદેશમાં એમ બંને ભૂમિ પર શિક્ષણ લીધું હતું. આમ તેઓ ભારતીય અને પાશ્ચાત્ય એમ બંને સંસ્કૃતિ તથા સભ્યતાના મર્મ સમજેલા મહાપુરૂષ હતા. આથી જ નહેરૂજી ભારતીય તત્ત્વજ્ઞાનના 'નિર્ભયતા' ને ચિંતનનું મુખ્ય ઘટક માનતા હતા. નિર્ભયતા દ્વારા જ માનવ ત્યાગ અને સહિષ્ણુતા તરફ વળે છે. જ્યારે ભારતીય પંચવર્ષીય યોજના માટે અમલીકરણની વાત આવી ત્યારે તેમણે પહેલો આધાર શિક્ષણ પર જ મૂક્યો. તેઓ કહેતા કે "હું શિક્ષણમાં માનું છું, સુકુમાર બનાવી દેનાર અધ્યયનમાં નહિ, સુકુમાર બનાવનારું અધ્યયન જો કે સારું હોય છે પણ તે શિક્ષણ હોતું નથી. શિક્ષણ એ દ્વિધ્રુવી છે. એક તો મનુષ્યને કશુંક ઉત્પાદક કામ કરતા શીખવતું ઉત્પાદક ધ્રુવ ઉભય જરૂરી છે." તેઓ કન્યાઓના શિક્ષણ ઉપર પણ વિશેષ ભાર આપતા હતા. નારી શિક્ષણ પ્રથમ તો ખૂબ જરૂરી છે. જો સર્જનાત્મક કલ્પનાશીલતા માનવીમાં ન આવે તો તેનો વિકાસ રુંધાય છે. ક્રિયા વગરનો વિચાર વ્યર્થ છે તેમજ વિચાર વિનાની ક્રિયા મૂર્ખતા છે. નહેરૂજી એ બુનિયાદી શિક્ષણ માટે હિમાયત કરી હતી. બાળકના શિક્ષણ પાછળ તેના માતા-પિતા અને પરિવાર પણ આધાર રાખે છે. માનવીના જીવન વ્યવસાયનો હેતુ નક્કી કરવો અઘરો નથી પણ જીવન પ્રત્યેનો સામાન્ય અભિગમ નક્કી કરવો ખૂબ જ અઘરો છે. શિક્ષણના હેતુઓની બાબતમાં તેમનું ચિંતન શારીરિક અને માનસિક ક્ષમતાના સમાન વિકાસને કેન્દ્રમાં રાખનારું હતું. તેઓ માનતા કે પદાર્થ વિજ્ઞાન, રસાયણશાસ્ત્ર, જીવવિદ્યાવિજ્ઞાન આ બધું જેટલું ભાઈઓ માટે જરૂરી છે તેટલું જ બહેનો માટે પણ જરૂરી છે. ભારતના સમગ્ર જીવનને પરિવર્તિત કરનારું જો કોઈ

(અનુસંધાન પૃષ્ઠ ૨૭ ઉપર)

# શિક્ષકના સ્ટેથોસ્કોપમાં વિદ્યાર્થીપીડા પડઘાય તો...!?!!

**તખુભાઈ સાંડસુર**

'સ્વ'ની કેફિયત શ્લાઘામાં ખપી જવાની દહેશત મારી કલમનું સતત આડફળું બાંધી રહી છે. સાંપ્રત સ્થિતિએ મને હચમચાવ્યો, શિક્ષણમાંથી સરકારનું પલાયનવાદીપણું, તેને ત્રીજાક્રમે ધકેલી દેવાની ગુસ્તાખી, સરકારી શાળાઓનું સાર્વત્રિક ભેલાણ સૂચિત કરે છે. હું આ બધું જબરજસ્ત મહાક્રાંતિ, સામાજિક ઉદ્વેગના ખાતમુહૂર્ત તરીકે જોઈ રહ્યો છું. સરકારી તંત્રની સક્ષમતા સંવેદન હિનતાની ચરમસીમા પર હોય તેમ લાગે છે.

આવો.. મારી શાળાના ધો-૯ના વર્ગખંડ તરફ ડગ માંડીએ. આજે સોમવારનો દિવસ વેકેશન ખુલ્યાનો પહેલો મંગળ દિવસ છે. વિદ્યાર્થીઓમાં માધ્યમિક શિક્ષણમાં પગરવ કરવાનો ઉત્સાહ અનુભૂત થાય તે સ્વાભાવિક છે. પહેલો દિવસ પરિચય અને પદ્ધતિના નામે ઉધારાવવામાં આવે છે. વિદ્યાર્થીઓ, શિક્ષકો એકમેકને ઓળખતા થાય. સામાન્યતઃ શિક્ષકની સન્નિધિ જો વિદ્યાર્થીના ગાલ ગુલાબી કરી જાણે તો તેની સફળતાનું પહેલું પ્રમાણપત્ર છે. વિદ્યાર્થી ત્યારે શિક્ષકને મુક્તિ આંદોલનનાઅગ્રેસર સિપાહી સમજે છે. હું સામાજિક વિજ્ઞાન શીખવું છુ. મારો વર્ગખંડ પ્રવેશ બધા વિદ્યાર્થીઓના સ્ટેન્ડઅપ ઓવીએશનમાં પરિણમે છે. તેઓ બધા બંને હાથ જોડી 'નમસ્કાર સર'બોલે છે. બાળકોનો આ ધ્વનિ ગમ્યો પણ ખરો,પરંતુ હાથ જોડવાનું કાર્ય યાચકત્વના ઉપજાણ જેવું લાગ્યું. તેનું પુનરાવર્તન ન કરવાની મેં સૌને સલાહ આપી.

કાળા પાટિયામાં મારો વિષય લખ્યો, અને એકમના સંદર્ભમાં 'ભારતની ભુગોળ' દર્શાવ્યું વિદ્યાર્થીઓમાં રહેલી સમજ સૂઝને ચકાસીને તેમાં ઘટતું ઉમેરણ કરવાનું હોય, ત્યારે સંપૂર્ણ કેળવણી થઈ શકે. મે પ્રથમ પાટલી પર બેઠેલા રાકેશને ઊભો કરી કાળા પાટિયા પરના ચાર શબ્દો વિષય-એકમ વાંચવા જણાવ્યું. વાચવાનું તો બાજુ પર પરંતુ તેને મૂળાક્ષરોનું પણ પૂરતુ જ્ઞાન ન હોવાનું જણાઈ આવ્યું. એક પછી એક બાળકોને ઊભા કરી, બધા વિદ્યાર્થીઓને માપી લીધા. ૫૦ના આ વર્ગમાં ૧૫ વિદ્યાર્થીઓને મૂળાક્ષરોની જ ઓળખ ન હતી. ૧૦ એક એક અક્ષર છૂટો પાડી વાંચતા હતાં. માત્ર પાંચ જ એવા મળ્યા જે પ્રવાહી રીતે વાંચી શકતા હોય. હું ઘડીભર અવાચક, મૂઢ બની ગયો. બાળકો મારો ચહેરો વાંચવા મથતા હતાં. મને વિચારો ખૂબ ઉંડાણમાં ઘસડી ગયા. આટલી મોટી સંખ્યામાં આ વિદ્યાર્થીઓને સંપુર્ણ અંધારામાં ડુબાડી રાખવા જવાબદાર કોણ ? આ ગરીબ, વંચિત બાળકોને પોતાની યાતનાઓ,દોઝખમાંથી બહાર નીકળવાની આ એક જ તક હતી, 'શિક્ષણ'.પણ આ આશાઓને પાયામાં જ ધરબી દેવાની જવાબદારી કોણ લેશે ? જેનો પ્રારંભ આટલો પાંગળો હોય તે આગળની સ્પર્ધાત્મક સ્થિતિમાં કેમ ટકી શકે ?

આ વર્ગની લગભગ સંખ્યા ગામની જ હતી. તેથી તે બધા બાળકોની મને વ્યકિતગત ઓળખ હતી. જે ૧૫ બાળકો સાવ નિરક્ષર જેવા હતાં.તે પૈકીના બે એવા હતા કે જેણે પોતાના પિતાની છત્રછાયા ગુમાવી દીધી હતી. મને ખબર હતી કે તે બંનેની માતાઓ ખેત મજુરીમાં પોતાનું ભરણ પોષણ કરી વંધત્વના દિવસ ટૂંકા કરી રહી હતી. આ બંને દીકરાઓ તેના નેજવાના કિરણો હતાં. સૂર્યના પહેલા કિરણમાં તે હંમેશ એવું જ રટણ કરતી હોય હમણાં દિકરો મોટા થઈ કામે લાગશે, મારા જીવનમાં સોનાનો સૂરજ ફરી પ્રગટશે. પણ... રે સમય... તું આમ કેમ, કેટલાયના સ્વપ્નના મહેલો દફનાવી અટહાસ્ય કરી રહ્યો છો ? જો કે આ મહાપાતકના દ્યોતકને કોણ ક્ષમા આપે ? તેનું તર્પણ કરવા ગંગાનો કિનારો ય ટૂંકો પડશે..!! મારુ મંથન સતત લંબાતું હતું.

સરકારી તંત્રમાં લાગેલો લૂણો 'મારું શું ? મારે શું?'થી

(અનુસંધાન પૃષ્ઠ ૨૯ ઉપર)

# દીપોત્સવ

**મિતલ પટેલ " પરિભાષા"**

૧૬, ઓમ રેસિડેન્સી, ન્યૂ વાવોલ, ગાંધીનગર.

***શરીરના કોડિયામાં માહ્યલાનો દીવડો,***
***ઉજાસ ફેલાવતો આ ઉત્સવનો જીવડો.***

દીપ સંકળાયેલ છે દીપોત્સવની સાથે શા માટે? જે ઉજાસ ફેલાવે, પૉઝિટિવિટી પોતાની ચારે બાજુ વિસ્તારીત કરી... સંસર્ગમાં આવતા સૌના માહ્યલામાં અજવાળું કરે. ઝબકારો હોય ભીતર જે તદ્દન કુદરતી છે. વીજળીના ચમકારાની જેમ જ દીવાની જ્યોત ક્યારેય અધોદિશામાં નથી પ્રગટતી. ગુરુત્વાકર્ષણ બળની વિરુદ્ધ. મીણબત્તી ઊંધી કરો તો પણ દીવાની જ્યોત હંમેશા ઉર્ધ્વ દિશામાં જ જશે માટે જ યજ્ઞમાં, લગ્નવિધિમાં, સ્મશાનમાં અંતિમ પડાવમાં પણ અગ્નિની હાજરી પવિત્ર હંમેશાં ઉર્ધ્વગતિ આપનાર મનાય છે.

આપણે ફાફડા, મઠિયા, મીઠાઈ, ચોળાફળી એવું તો ઘણું બધું બનાવીને 'જીભોત્સવ' મનાવતા હોઈએ છીએ. ને ઉજવવો પણ જોઈએ. ભલે ડાયાબિટીસ, બીપી કે કૉલેસ્ટ્રોલ હોય. 'જીભોત્સવ' વગર દીપોત્સવ અધૂરો ગણાય. મનભરીને મનગમતું ખાવાનો તે ઉત્સવ છે. એકવાર વિચારીને જોજો એક વર્ગ એવો પણ છે જેમણે મઠિયા, ફાફડા, દારૂખાનું વગર બાળકો 'રોટલોત્સવ' બારેમાસ ઉજવે છે. હા એક અજબ પ્રકારની ખુમારી ખેલદિલી, જીંદાદિલીથી આ લોકો હૃદયના દીવડાના અજવાળાથી પ્રસન્નતાથી કોઈ જ ફરિયાદ વગર જીવે છે. દર વર્ષે નહીં પણ ૧ વર્ષ રૂા. ૫૦૦ પોતાના માટે ઓછા ખર્ચી આ વર્ગને ફાફડા, મઠિયા, ફટાકડા, મીઠાઈ થોડી વહેંચી જુઓ. ફૂટપાથ પરના અને અનાથ નાના બચ્ચાઓને તારા મંડળની લ્હાણી ક્યારેક કરી જાણો તો જે આત્મસંતોષ મળશે તે લાખો રૂપિયાની મીઠાઈ કે ફરસાણ ખાવાથી કે દારૂખાનું ફોડવાથી નહીં મળે.

*કે... દી... ઉજવશે તું દિવાળી*
*દી વળશે એક દી તારો પણ...*
*તે... દી... સ્મશાનમાં ઉગશે દિવાળી...*
*દી... વાળશે... એકાદ... કોક દી... કોકનો.*
*તો હરરોજ*
*દી.... તારો... બનશે એક દિવાળી*

જેવી રીતે નકલી લાઈટોની સિરીઝ દીવડાની જગ્યા ન લઈ શકે તેવી જ રીતે નકારાત્મક પણ હકારાત્મકતાની સામે ન ટકી શકે. હકારાત્મકતા જાળવી રાખવા નકારાત્મકતા જોડે લડવાની કે સંઘર્ષ કરવાની જરૂર નથી દીવાને ક્યારેય આસપાસના અંધકાર સાથે સંઘર્ષ કરતા જોયો છે !!! દીવાની મક્કમતા અને અવિરત ઉજાસ સામે અંધકાર આપોઆપ હટી જતો હોય છે. ટકી શકતો નથી. આ જ રીતે સતત દરેક પરિસ્થિતિમાં દરેક વ્યક્તિમાં હકારાત્મક દૃષ્ટિકોણની જ્યોતિ ભીતર હંમેશાં મક્કમપણે સાથે લઈને ચાલીએ... જીવનના ઉતાર ચઢાવમાં તેને ડગવા ન દઈએ તો જીવન એક દીપોત્સવ બની રહેશે.

---

**શિક્ષકના સ્ટેથોસ્કોપમાં વિદ્યાર્થીપીડા પડઘાય તો...!?!!**

ભણતરની ગરિમાપૂર્ણ પ્રવૃત્તિ અછૂત રહી નથી. જેની સંવેદના ફ્રિજ થઈ જાય, તેના શિક્ષકકર્મ સામે પ્રશ્નાર્થો જન્મે છે. શિક્ષકનો એક જ મંત્ર હોય હું છું 'બાલ પરમ હિતકારી' શિક્ષક પોતાની જાતને સામેની પાટલીએ બેઠેલો અનુભવે તો તેની પીડા પોતાની લાગશે. આજે શિક્ષકપુત્રો સરકારી શિક્ષણમાંથી ભાગી રહ્યા છે, કારણ કે તે પોતાનાનું ભવિષ્ય સુરક્ષિત કરવા ઈચ્છે છે. પરંતુ એવો મહાસમુદાય કે જે તેના પર આશ લગાવી બેઠા છે તેની ચિંતા કરવાનો સમય નથી.માનવ મૂલ્યો જો ઉજાગર થશે તો પોતાના વર્ગના કે આખી શાળાના બાળકોની ખેવના રાખવાનું પ્રભુ કાર્ય તે કરી શકશે.

સરકારી શિક્ષણ વ્યવસ્થાને મજબૂત કરવા શિક્ષકોની નિયમિતતા, જવાબદેહીને વધુ અસરકારક બનાવવી. શિક્ષણશિસ્તનું સુનિશ્ચિત માળખું બનાવી મૂલ્યાંકનની બ્લૂપ્રિન્ટ તૈયાર કરી શાળાઓનું નિરીક્ષણ કરવામાં આવે તો જ સમગ્ર સમાજનું શ્રેય થઈ શકશે.

# કાબેલિયત

**ડૉ. હિતેશ બી. શાહ**

શ્રવણ ઈ.એન.ટી. હૉસ્પિટલ, ભીડભંજન મંદિર પાસે, સુખનાથપરા રોડ, અમરેલી. ● મો. ૯૮૭૯૩૨૩૪૭૮

ઈ.સ. ૨૦૩૦નું ભારત સૌથી સફળ, સૌથી આધુનિક, સૌથી સુખી, સૌથી યુવાન દેશ ભારત. કોમી હુલ્લડ એટલે શું તે અહીંની 'વસુધૈવ કુટુંબકમ', ને 'મુસલ્લમ ઈમાન', વાળી પ્રજાને ખબર જ નથી. વતનની વફાદારીના જઝબામાં છેલ્લા ૧૫-૧૬ વર્ષમાં તેમણે ભારતને વિશ્વનું સર્વોચ્ચ રાષ્ટ્ર બનાવી દીધુ છે. ટૅક્નોલૉજી(કે જે હવે તંત્રવિદ્યાના નામથી ઓળખાય છે.) સામાજિક પરંપરા, સહકુટુંબની ભાવના, સ્વચ્છતા, નૈતિકતા વગેરેમાં ભારત અન્ય દેશો કરતાં આગળ છે. ઘણા બધા વર્ષો પહેલાં અંગ્રેજી વિશ્વભાષા હતી. છેલ્લા ૧૦ વર્ષથી સંસ્કૃત વિશ્વભાષા બની છે. ઈન્ટરનેટ જેવા નામથી ઓળખાતી અદશ્ય માહિતીની જાળ હવે 'ઈન્દ્રજાળ' કહેવાય છે. હવામાં વાહનવ્યવહાર ચાલે છે. એટલે કે દ્વિ-ચતુર્થ અને ત્રિ ચક્રી વાહનો હવામાં અદશ્ય માર્ગ પર ઉડે છે.

ડૉ. નીલ કે જે નેનો ન્યૂરો સર્જન (અતિ સૂક્ષ્મ જ્ઞાનતંતુ શલ્યક) છે તે પોતાની નવી ફ્લાઈંગ કારમાં ઉડી રહ્યો છે હવે સર્જનો (શલ્યકો) ચક્રિય ચિકિત્સા (રોબોટિક સર્જરી) વધારે કરે છે, પોતે સ્થળ પર હાજર ન હોય છતા પણ ગમે ત્યાં બેઠા બેઠા ઈન્દ્રજાળના સહારે તેમના ચક્રિય સાધનો ચિકિત્સા કરી શકે છે. આજે રજા છે ને આવતીકાલે ૧નું ઓપરેશન ઘર બેઠા બેઠા થઈ જશે. તેવી ગણતરી સાથે ડૉ. નીલ ૭૦૦ માઈલ દૂર પોતાના ઘેર જઈ રહ્યો છે. એક કલાકમાં હાઈસ્પીડ કારથી પહોંચી જશે. મિસ્ટર શુક્લા નામ આવતીકાલના દર્દીનું તેના મોબાઈલના ડિસપ્લેમાં આવતાં જ તે ચમક્યો. કારણ ? એક દર્શ શુક્લા તેનો દોસ્ત હતો ને પોતે હાયર સેકન્ડરીમાં તેના જ પુસ્તકો વાંચતો પછી તેનો કોઈ પત્તો ન હતો. ને પોતે ચિકિત્સા પદ્ધતિની આંટીઘૂંટીઓમાં ખોવાઈ ગયો હતો.

અચાનક જ એક નાનકડી એરોડાયનેમિક પ્લેન જેવી કાર તેને ઓવરટેક કરે છે. તે કારના ડ્રાઈવરનો ચહેરો પરિચિત લાગતા ડૉ. નીલ હાઈફ્રીકવન્સી ઈન્ફ્રારેડ બીમનો સંકેત છોડે છે ને પેલી પ્લેન કમ કાર ધીમી પડે છે. તેની બાજુમાં જઈ ડ્રાઈવરને જોતાં જ પોતે રોમાંચિત થઈ જાય છે. સામે તેનો એક જમાનાનો જિગરી દોસ્ત દર્શ નો હસતો ચહેરો દેખાય છે. બંધ કારમાં બેઠાં બેઠાં જ વીડિયો સિગ્નલ્સ વડે બંને નક્કી કરે છે કે આગળ નંદીની નભોલયમાં મળીએ. આ નભોલય એટલે ઊંચા પોલ પર હવામાં ઊભી કરેલી હોટલ.

નભોલયમાં કોઈ માણસ નહોતું. ફક્ત લાઈટ એન્ડ સાઉન્ડ સિસ્ટમમાં ગોઠવાયેલા કાઉન્ટર્સ હતા. ને કાઉન્ટર્સની આગળ જાડા પારદર્શક કાચની ૨-૪ સીટર્સ લિમિટેડ એ.સી. ડાઈનિંગ ચેમ્બર્સ હતી બંને મિત્રો પોતાનું યુનિવર્સલ આઈ.ડી. કાર્ડ સિસ્ટમમાં બતાવી દાખલ થયા. તેઓ જે કંઈ પણ વસ્તુનો ઉપભોગ કરે તે તેમના બેંક એકાઉન્ટમાંથી બાદ થઈ જવાનું હતું. ઓરિજિનલ કોકો સોડસની કોફી લઈ બંને મિત્રો કાચની ચેમ્બરમાં ગોઠવાયા.

"અલ્યા દર્શ ? ક્યાં હતો આટલા વર્ષ ? તારા કંઈ જ ખબર ન હતાં ? તારે તો ડૉક્ટર થવું હતું ને ? શું કરે છે આજકાલ ?"

"ડૉક્ટર તો થવું હતું પણ હવે જે છું તે બરાબર છું" દર્શ સસ્મિત બોલી ગયો.

"એટલે ?"

"જો સાંભળ..." કહેતા દર્શ પોતાના તબીબ મિત્રને કહી રહ્યો. સોળ વર્ષ પહેલાં તે પોતે જ્યારે તેનું ૧૨ સાયન્સનું રિઝલ્ટ ઓછું હતું ત્યારે તે તેના પ્રોફેસર પિતાને વિનવી રહ્યો હતો. "પ્લીઝ ડેડી... મારે ડૉક્ટર થવું છે."

"પણ મેડિકલમાં એડમિશન મળે તેવું તારું રિઝલ્ટ જ ક્યાં આવ્યું છે ? તું તો વળી બધા વિષયોની બધા પ્રકારની ડબલ બુક્સ ખરીદાવતો ?" પ્રોફેસર સાહેબે કહ્યું હતું.

એ તો મારા મિત્ર નીલ માટે તેની સ્થિતિ સારી નથીને એટલે... તેનું રિઝલ્ટ ખૂબ સરસ છે. તેને તો મળી જશે મેડિકલમાં એડમિશન પણ મારું કંઈક કરોને ?

"એટલે ?"

"એટલે એમ કે ડોનેશનથી ક્યાંક ગમે ત્યાં આપણા દેશમાં કે વિદેશમાં ચીન, રશિયા ગમે ત્યાં ગમે તે થાય પણ મારે ડૉક્ટર બનવું છે."

"જો સાંભળ, તારે મેડિકલમાં એટલા માટે પ્રવેશ લેવો છે કે તારા બધા મિત્રોને એડમિશન મળે છે અને તું રહી જાય છે. તારો ઈગો ઘવાય છે. પરંતુ આ રીતે ડૉક્ટર બનવું વ્યાજબી નથી." કહી પ્રોફેસર સાહેબ પુસ્તકમાં ખોવાઈ ગયા.

"કેમ ? ડિગ્રી મળી જાય પછી શું વાંધો છે ?" પોતે કહ્યું હતું ને પિતાએ પણ રોકડો જવાબ આપ્યો હતો કે "આજ વાંધો છે ને પૈસાના જોરે, વગર લાયકાતે, દેખાદેખીથી ડિગ્રી લેવામાં કંઈ સાર નથી. જિંદગી વધુ ગૂંચવાશે. વધારે પ્રશ્નો પેદા થશે. કદાચ તું ડૉક્ટર બની પણ જાય. પણ પછી તારે પોતાની હૉસ્પિટલ કરવા પૈસા જોઈશે. ચલો એ પણ તું ગોઠવી લે પણ દર્દીઓને તારા થકી મળતી સાચી અને સારી સારવારનું શું ? અધધ... ખર્ચાઓ, ઈન્વેસ્ટમેન્ટ કરીને તું જે તબીબી બિઝનેસમાં ઝંપલાવીશ એમાં તારા રોકાણનું વળતર લીધા વિના તું જંપવાનો છે ? ટૂંકા ગાળે વધુ નફો લેવા તારે કેટલું બધું ખોટું કરવું પડશે ? હું તને જેટલો જાણું છું એ પરથી મને તો એવું લાગે છે કે તું ડૉક્ટર થવાને લાયક નથી. તારે કંઈક બીજુ બનવું પડશે. ડિગ્રીની ઝંઝાળમાં પડવા કરતા તારી કાબેલિયત વધાર."

"બીજુ એટલે શું ?"

પિતાજી ત્યારે કંઈ ન્હોતા બોલ્યા, અચાનક મોબાઈલમાં વાત કરતા કરતા નીકળી ગયા હતા અને હું વિચારમાં પડતો ગયો. બીજું એટલે શું ? બે દિવસ પછી અચાનક ડેડી મને ગિરના જંગલમાં લઈ ગયા. સાક્ષાત ઘટાદાર જંગલ, ઝરણા, ધોધ, નદી, જંગલી પ્રાણીઓ ને કોઈ નેસમાં હું ને મારા પિતા લગભગ એકાદ અઠવાડિયું ત્યાં રોકાયા હતા.

તેમણે એક નદીકાંઠે લઈ જઈ મને કહ્યું હતું : "બેટા, જો આ સવારનો કેવો સોનેરી તડકો છે, આ કાંઠાની રેત કેવી મનોહર છે ? ને આ હિરણનું સંગીત કેવું કર્ણપ્રિય છે ? સાંભળ... જો... સ્પર્શ કર... મહેસૂસ કર આ બધું." કહી તે મને એકલો મૂકી નીકળી ગયા, દૂર એક માલધારીને મારી રક્ષા કરવા બેસવાનું કહ્યું સાવજથી. મને કંઈ ન્હોતું સમજાયું પરંતુ મજા પડી હતી. મારું હૈયું અંદરથી પુલકિત થઈ ગયું હતું. કૂંપળ ફૂટતી જોઈ, પ્રકૃતિની વિવિધ છટાઓ જોઈ, રંગીન ફૂલો સુંઘ્યા, પતંગિયાના લય પ્રમાણે દોડ્યો, સાવજની ત્રાડો સાંભળી, નદીનું સંગીત સાંભળ્યું. મને ખબર ન્હોતી પડી પપ્પા શું કરવા માંગતા હતા. તે તો બસ ખુલ્લામાં પૂનમની રાતના અજવાળામાં હિરણ નદીમાં પડતા ચાંદના પ્રતિબિંબ પર કવિતા, ગઝલો લખતા. ને હું જોતો - સુંઘતો, ફફડતો. ધીમે ધીમે મારી જાત સાથે આત્મિયતા આવતી ગઈ. જાત સાથે વાતો શરૂ થઈ. હું મને જાણતો - ઓળખતો - સમજતો થયો. મારો મારી જાત પ્રત્યેનો આત્મવિશ્વાસ વધતો ગયો. પપ્પાના સાહિત્યિક પુસ્તકો વાંચી વાંચીને મને પહેલી વખત એમ લાગ્યું કે મને શબ્દો ગમે છે. મારો નાતો શબ્દો સાથે છે. પછી હું જ્યારે કમ્પ્યૂટર એન્જિનિયરિંગ ભણી રહ્યો હતો. ત્યારે મેં એક આર્ટીકલ વાંચેલો સંસ્કૃત. એ કમ્પ્યૂટર માટે એકઝેટ વિધાઉટ એરર ને બેસ્ટ ભાષા છે. ને મેં સંસ્કૃત શીખવું શરું કર્યું. શબ્દો પ્રત્યેના મારા આત્મિય લગાવથી મેં સંસ્કૃત આત્મસાત કરી લીધું. મેં એવું કમ્પ્યૂટર સોફ્ટવેર બનાવ્યું કે જે સંસ્કૃતમાં હતું એકદમ પરફેક્ટ. તે વખતે WINDOW, ANDROID ને LINUX બેઝ કમ્પ્યૂટર ઓપરેટ થતા હતા. મેં પેટન્ટ મેળવી ને અત્યારે જો ચારે બાજુ આ મારી જ 'ઈન્દ્રજાળ' છે. સંસ્કૃતનો વપરાશ પણ વધ્યો. હિરણ નદીમાં સવાર સાંજ હું જ ઈન્દ્રધનુષ જોતો તેણે મને ઈન્દ્રજાળ બનાવવામાં પ્રેરણા આપી તેમ કહી શકાય.

"એક મિનિટ... તારા પપ્પાનું નામ પ્રોફેસર શુકલા સાહેબ છે ? તેઓને બ્રેઈનટ્યુમર છે ?" દર્શને અધ્ધવચ્ચે જ અટકાવતા ડૉ. નીલે કહ્યું.

"હા હું તેમને જ મળવા જઈ રહ્યો છું. આવતી કાલે ઓપરેશન છે. હું પેરિસમાં હતો. એટલે ખબર નથી. ક્યાં ઓપરેશન પ્લાન કર્યું છે. પણ તને કેવી રીતે ખબર ?"

"અરે મારે જ કરવાનું છે તેમનું ઓપરેશન પણ યાર..." કહેતા ડૉ. નીલ ગમગીન થઈ ગયો.

"પણ શું ?" ચિંતા સાથે દર્શે પૂછ્યું.

"ચાન્સિસ ખૂબ ઓછા છે વધારે જીવવાના !"

"જો દોસ્ત... તું તારું કામ તારી પૂરતી ઈમાનદારીથી કરજે... મારે તો તેમની એક અંતિમ ઈચ્છા પૂરી કરવી છે."

"કઈ ?"

"જો તું ફક્ત ૧૦ દિવસનું આયુષ્ય વધારી આપીશ તો પણ ઘણું છે મારે તો તેમને અવકાશમાં લઈ જવા છે."

કેમ ? ડૉ. નીલની કુતુહલતા વધતી હતી. "પ્રોફેસર હોવા ઉપરાંત તેઓ એક સારા કવિ છે. તેમણે ચાંદ પર ગઝલો ખૂબ લખી. આખી જિંદગી માટે ઝુર્યા હોય તેવું મને લાગે છે. હું એટલો બધો પણ ધનવાન નથી કે તેમને ખરેખર ચાંદ પર લઈ જઈ શકું. પણ હા, ISRO ના સ્પેશશટલ દ્વારા હું તેમને ખૂબ નજીકથી ચંદ્રદર્શન કરાવવા માંગું છું..." કહેતા દર્શ ગળગળો થઈ ગયો.

"ચિંતા ના કરીશ..." કહી ડૉ. નીલે દર્શના હાથ પર પોતાનો હાથ મૂક્યો.

બીજા દિવસે આમ તો દૂરગ્રાહી સૂક્ષ્મયંત્ર ચિકિત્સા (રોબોટિક સર્જરી) થવાની હતી. પરંતુ ડૉ. નીલ જાતે જ ઓપરેશન થિયેટરમાં હાજર થઈ ગયો. ખૂબ જ ગંભીરતાથી ને ચીવટથી તેણે ઓપરેશન શરૂ કર્યું. તેને પણ એક ઉપકાર ચૂકવવાનો હતો પ્રોફેસરના પૈસાથી ખરીદાયેલા પુસ્તકો વાંચીને સર્જન બન્યાનો. લગભગ ૬ કલાકની શલ્ય ચિકિત્સા પછી ડૉ. નીલ બહાર આવ્યો. ત્યારે દર્શ ગળગળો થઈ તેની સામે ઊભો હતો.

"એકદમ સરસ છે. તું આવતીકાલે મળી શકીશ. ૨ દિવસ પછી રજા મળશે. એ પછી તારી પાસે લગભગ ૧ અઠવાડિયાનો સમય છે. આનાથી વધારે મારાથી નથી થઈ શક્યો !!!" કહેતા ડૉ. નીલ દિલગીર થઈ ગયો.

પાંચેક દિવસ પછી ઈસરોની સ્પેશશટલમાં બે મહેમાન હતા. દર્શે તેના પિતાને જણાવ્યું ન હતું કે, તેઓ ક્યાં જઈ રહ્યા છે. સ્પેશશટલ જેવું ચંદ્ર નજીક આવ્યું કે તરત દર્શ ત્યાં શાંતિથી બેઠેલા ને કાવ્યમય શાંતિમાં રાચતા પિતાની પીઠ ફેરવી દીધી. ચંદ્ર તરફ કાચની કેબિન બહાર દેખાતા આ સફેદ મોટા ગોળાને જોઈ તેના પિતાની આંખો ખૂબ પહોળી થઈ ગઈ. "દ...ર્શ..." તેમણે કહી ખરાઈ કરવા પૂછ્યું કે, "શું આજ ચંદ્રમાં છે ?" ને દર્શે મૂક સંમતિ આપી. હકારમાં માથુ હલાવ્યું. સંતોષ પૂર્વક હસીને જાણે કે તેનું પુત્રપણું સાર્થક ન થતું હોય ?

કવિ પ્રોફેસર ફાટી આંખે ચમકતા ચહેરે અદ્‌ભુત વિસ્મય સાથે ચંદ્રને જોઈ રહ્યા. "જો...જો... આ પર્વત જેવો ટેકરો જો. આપણા ગીર જેવો જ લાગે છે નહિ ? ને આ બાજુ જો જંગલો જેવું પણ દેખાય છે ને જો પેલ્લી... પેલ્લી નદી હિરણ જેવી જ નદી તો અહિં પણ છે."

બ્રેઈનસર્જરી કરાવેલ પિતાના મસ્તિષ્કને વધારે નુકસાન ન થાય તે માટે દર્શ પિતાની હા માં હા ભણી રહ્યો હતો, કાબેલિયતથી !!!

## દિવાળી

**રાજેશ બારૈયા 'વનવાસી'**

મું.પો :બોરડા , તા :તળાજા, જિલ્લો :ભાવનગર ૩૬૪૧૩૦

**દિવાળી આવી દીવડા લાવી ,**
**નવા વરસનો નવલો રંગ લાવી.**
**મારા નગરમાં તમારા નગરમાં,**
**આપણા સૌના નગરમાં દિવાળી.**
**નવાં નવાં ઉમંગો લાવી ,**
**સુંદર મધુરી આવી દિવાળી .**
**રંગોભરી રંગોળી આંગણાની ,**
**જુઓ સમજાવે સૌને દિવાળી .**
**નવા મધુરા સંકલ્પો લાવી ,**
**કરે ઈશારો દ્વારે દિવાળી .**
**દુઃખના દિવસો ભૂલી જઈને ,**
**સુખનો સાગર આપે દિવાળી .**
**વૃક્ષ,પંખી, વનવાસી વસુંધરા ,**
**વનોમાં હોકારો આપે દિવાળી.**



# પરમવીર ચક્ર - ભારતીય સૈન્યનું સર્વોચ્ચ શૌર્ય સન્માન

**પાલખીવાલા અમિતા મનુભાઈ**

ભૂતપૂર્વ મ.શિ. અસારવા વિદ્યાલય, અમદાવાદ.

**લાન્સ નાયક જદુનાથ સિંહ, પરમવીર ચક્ર**
**પરમવીર ચક્ર (મરણોપરાંત), ભારતીય થલ સેના**
**જન્મ :- ૨૧ નવેમ્બર ૧૯૧૬**
**મૃત્યુ :- ૬ ફેબ્રુઆરી ૧૯૪૮**
**(૧૯૪૭-'૪૮ ભારત-પાકિસ્તાન યુદ્ધ-નૌશેરા-જમ્મૂ અને કાશ્મીર)**

છઠ્ઠી ફેબ્રુઆરી ૨૦૧૮ આઝાદી પછી ૧૯૪૭ ના અંતમાં શરૂ થયેલી ભારત અને પાકિસ્તાન વચ્ચેની પ્રથમ લડાઈની ૭૦મી વર્ષગાંઠ ભારતના જમ્મૂ અને કાશ્મીર રાજ્યના નૌશેરા ટાઉનમાં સ્થાનિક રહીશો અને સૈન્યના અધિકારીઓ, જવાનો વગેરે જદુનાથ પાર્કમાં ઉજવણી કરવા માટે એકઠાં થયા હતા. દરેક વ્યક્તિના રગરગના પ્રતિસ્પંદનમાં માભોમ હતી. વિજયમંત્રનું ગાન હતું વાતાવરણમાં એક પ્રકારનું અભિમાન હતું, ગૌરવ હતું. આઝાદીની ઊર્જાનો ધબકાર હતો. નૌશેરાના રક્ષણ માટે શહીદીની ચાદર ઓઢીને પોઢી જનારા એ પોલાદી ઝાંબાઝોને સન્માનવા માટે લોકો એકત્રિત થયા હતાં. રક્ત અને પોલાદી મનોબળથી દેશનું ઘડતર કરનાર પરમવીરની બહાદુરી અને બલિદાન માટે તેમના પરિવારના સદસ્યોને સન્માનવા માટે લોકો ભેગા થયા હતાં. એ 'નૌશેરા દિવસ' હતો. સેનાના જે નાયકોએ નૌશેરાના રક્ષણ માટે દુશ્મનોના દાંત ખાટ્ટા કરી દીધા હતા. તેમની યાદમાં સેના તરફથી દર વર્ષે છઠ્ઠી ફેબ્રુઆરી 'નૌશેરા દિવસ' તરીકે મનાવાય છે. આથી જ ૧૯૪૭-'૪૮ માં ભારતીય સૈનિકો અને સ્થાનિક રહીશોએ પોતાની માતૃભૂમિ માટે આપેલા સર્વોચ્ચ બલિદાન અને પ્રખર પ્રેમની ઊંચી સાબિતીરૂપે પ્રત્યેક વર્ષે છઠ્ઠી ફેબ્રુઆરી 'નૌશેરા દિવસ' તરીકે ઉજવવામાં આવે છે. 'નૌશેરા દિવસ' એ પરમવીર ચક્ર વિજેતા નાયક જદુનાથસિંહ અને અન્ય લોકોની શહાદતની યાદ અપાવે છે.

જદુનાથ સિંહ ઉત્તર પ્રદેશના શાહજહાંપુરાના ખજૂરી ગામમાં જન્મેલ આઠ ભાઈ-બહેનોમાં ત્રીજા ક્રમે હતા. કુટુંબની આર્થિક સ્થિતિ નબળી હોવાના કારણે ગામની શાળાથી શરૂ થયેલું શિક્ષણ ચોથા ધોરણે આવીને અટકી ગયું, પરંતુ રમવા કૂદવાનો જબરદસ્ત શોખ, પરોપકારની તીવ્ર ભાવના, જોખમભર્યા કામોમાં નિર્ભયતા અને દેશભક્તિની છલોછલ ભાવના એક ખેડૂત પિતાના આ પુત્રના જન્મજાત લક્ષણ હતાં અને આથી જ યુવાનવયે દાઢીમૂછ આવ્યા તો પણ રોજગારીની શોધ કરવાને બદલે ગામમાં હનુમાન મંદિરમાં પહેલવાની શીખતા રહેતાં, કુશ્તી લડતાં રહેતા અને એમાં અવ્વલ આવતા. આસપાસના ગામમાં પણ કોઈ નહોતું કે જે કુશ્તીમાં તેમને હરાવી શકે. ઘરમાં ભાભીઓની પણ જદુનાથનું બેકાર બેસી રહેવાની ફરિયાદો અને મહેણાંટોણાં પર મા કહેતી કે એના પગમાં એકવાર લગ્નની ઝંઝીરો પડશે ત્યારે આપોઆપ કમાતો થઈ જશે. પણ માતાને ક્યાં ખબર હતી કે હનુમાના આ પરમભક્તે હનુમાનજીની જેમ જ અવિવાહિત રહેવાનું વચન પોતાના કુશ્તી શીખવતા ગુરુજીને આપી ચૂક્યો છે ! આથી જ તો "હનુમાન ભગત બાલબ્રહ્મચારી" ના હુલામણા નામે

લોકો તેમને બોલાવતા હતા જે તેમના ચારિત્ર્ય અને ઉમદાપણાની સાબિતી આપે છે.

૨૧ નવેમ્બર ૧૯૪૧ ના રોજ માત્ર ૨૫ વર્ષની ઉંમરે જદુનાથસિંહ બ્રિટિશ ઈન્ડિયન આર્મીમાં જોડાયા અને તેમને રાજપૂત રેજિમેન્ટમાં લેવામાં આવ્યા. ૧૯૪૨ માં બીજા વિશ્વયુદ્ધના ભાગરૂપે તેમની રેજિમેન્ટ બર્માના આરાકન પ્રોવિન્સમાં જાપાનીઓ વિરુદ્ધ લડવા માટે તૈનાત હતી. (પ્રોવિન્સ એટલે દેશનો કોઈ પ્રદેશ જે સ્વાયત્તશાસ્ત્રી હોય અથવા પોતાનું શાસન સ્વયં ચલાવે છે. દા.ત. કેનેડામાં આવેલ ઓન્ટારીઓ) અને પોતાના ઉત્કૃષ્ટ દેખાવને કારણે બીજું વિશ્વયુદ્ધ પૂરું થઈ ગયા પછી જદુનાથ સિંહને નાયક તરીકે બઢતી મળી. (ભારતીય સૈન્ય માટે જે નાયક છે તે પાકિસ્તાની સૈન્યમાં corporal બરાબર છે) અને જુલાઈ ૧૯૪૭માં તો લાન્સ નાયક (ઉપનાયક)ના રૂપમાં તેમને બઢતી મળી અને આ બઢતી મળવાની સાથે જ ૧૯૪૭ ના અંતથી શરૂ થઈ; ૧૯૪૮ ના મધ્ય સુધી ચાલેલા ભારત પાકિસ્તાન વચ્ચેના યુદ્ધનું નેતૃત્વ તેમને સોંપવામાં આવ્યું હતું.

વાત એમ હતી કે ભાગલા સમયે ભારત અને પાકિસ્તાન વચ્ચે પ્રવાહી અને બિનપ્રવાહી અસ્કયામતોમાંથી ૮૦ : ૨૦ ના ગુણોત્તર પ્રમાણે તમામ વસ્તુઓ વહેંચવામાં આવી હતી. જેમાં સરકારી મકાનોની સંપત્તિ દા.ત. ટેબલ, ખુરશીઓ, સ્ટેશનરી, લાઈટ બલ્બસ, ઈંક પોટ્સ, બ્લોટિંગ પેપર, સરકારી પુસ્તકાલયો, રાઈફલ્સ, લાઠીઓ, પાઘડીઓ, પોલીસબેન્ડના સાધનો જેવા કે વાંસળી, ઝીગા, ટ્રોમ્બન (તુરહી) ઉપરાંત જ્ઞાનકોશ બ્રિટાનીકા, શબ્દકોશ, સરકારી પ્રેસ, દારૂના ભોંયરાઓ વગેરેનો સમાવેશ થતો હતો. પરંતુ અમુક વસ્તુઓ એવી હતી કે જે વિભાજિત કરી શકાતી નહોતી. તેથી તે વસ્તુઓ લેવાને બદલે એક દેશ તે વસ્તુની કિંમત અન્ય દેશને આપી દે. તે અનુસાર પાકિસ્તાને ભારતને ૩૦૦ કરોડ રૂપિયા આપવાના હતા. આમ વાસ્તવમાં પાકિસ્તાન પર દેવું હતું. જે ત્રણ હપ્તામાં ભારતને ચૂકવવા માટે તે સંમત થયું. ભારત સરકાર દ્વાર વળતર ચૂકવવાના ભાગરૂપે નવા રચાયેલા પાકિસ્તાનના ૭૫ કરોડ રૂપિયા અલગ રાખવામાં આવ્યા હતા. પરંતુ ભાગલા સમયે પાકિસ્તાનની નબળી આર્થિક સ્થિતિ જોતા ગાંધીજીની લાગણીને માન આપીને નહેરૂએ તેમાંથી ૨૦ કરોડ રૂ. પાકિસ્તાનને આપ્યા અને પાકિસ્તાનની સ્થિતિ સામાન્ય થશે ત્યારે તે પછીથી ભારતને પોતાના ૩૦૦ કરોડના દેવાની ચૂકવણી ત્રણ હપ્તામાં કરશે તેમ જણાવ્યું. સરદાર પટેલ ભાગલાની ધૂળ સ્થાઈ થાય તે પછી જ ભંડોળ આપવાની ઈચ્છા રાખતા હતા. પરંતુ ગાંધીજી માટે તેમણે તેમની માન્યતાઓ છોડી દેવી પડી. બે નવજાત દેશો વચ્ચેના સંબંધો સારા રાખવા માટે ગાંધીજીનું સૂચન કેટલેક અંશે વ્યાજબી હતું. પરંતુ પ્રથમ હપ્તામાં ચૂકવાયેલા નાણાંનો ઉપયોગ પાકિસ્તાને લશ્કરી ચીજોની ખરીદી માટે અને પિતૃભૂમિ ભારત વિરુદ્ધ ૧૯૪૭-૪૮માં ખેલાયેલા કાશ્મીર યુદ્ધમાં કર્યો. (તેથી પંડિત નહેરૂએ વધુ નાણાં ચૂકવણી કરવાનો ઈન્કાર કર્યો) અને આમ આઝાદી મળતાં જ કટ્ટર પાકિસ્તાનીઓએ કાશ્મીરને કબજે કરવા માટે ઘૂસણખોરો મોકલવાનું શરૂ કરી દીધું અને ઘૂસણખોરોએ મીરપુર, નૌશેરા, બીંભર, પૂંચ, કોટલી, બાંગર અને રાજૌરીને ચારે તરફથી ઘેરી લીધાં અને છામ્બ, સાંબા, કઠુઆ તથા અખનૂર ઘેરાઈ રહ્યાં હતાં. સીમા પાસે કેટલાંક વિસ્તારો એવાં હતાં જ્યાં દુશ્મનો પોતાનો પગદંડો જમાવી ચૂક્યા હતા.

ઘૂસણખોરોની સંખ્યા ઝાઝી હતી અને જમ્મૂ કાશ્મીરમાં તૈનાત લશ્કરી સંખ્યા ઓછી. આથી તેઓનો સામનો કરવાનું મુશ્કેલ લાગતા ભારતીય સેનાની મદદ લેવાનું નક્કી થયું. ૧૬ નવેમ્બર ૧૯૪૭ના રોજ ભારતીય સેનાના લશ્કરી અધિકારીને સંદેશો મળતાં જ તેમણે સૈનિકોને એકઠાં કર્યા. તાબડતોબ જુદી જુદી ટુકડીઓનું નિર્માણ થવા લાગ્યું, આદેશો અપાવા લાગ્યા. અધિકારીએ સૈનિકોમાં એક નવો જુસ્સો, નવો પ્રાણ ફૂંકતા કહ્યું, "જવાનો, તમારામાં હોય એટલું ઝનૂન, તાકાત, બહાદુરી અને શૂરવીરતાની ગાંસડી બાંધી લો. આજે માભોમને તમારી જરૂર છે. પાકિસ્તાની ઘૂસણખોરો અનેક વિસ્તારો

કબજે કરીને શ્રીનગર તરફ આગળ વધી રહ્યાં છે. આપણે એ ઘૂસણખોરોને હાંકી કાઢવાના છે. ધ્યાન રહે કે એક ઈંચ પણ જમીન એમના ભાગે નથી જવા દેવાની. એ માટેની કિંમત પેટે ભલે આપણે આપણો જીવ આપી દેવો પડે. તૈયાર થઈ જાવ બધા. જીવ ગુમાવીને આવજો પણ જમીન ના ગુમાવશો....જય હિન્દ, જય ભારત.''

અને આ સાથે જ જમ્મૂ અને કાશ્મીર ડિવિઝનના પ્રભારી ઝાંબાઝ, શૂરવીર મેજર કુલવંતસિંહે ૫૦ પેરાબ્રિગ્રેડના (અધિકૃત રીતે જે લોકો લશ્કર કે લડાઈ સાથે જોડાયેલા ના હોય પરંતુ સ્વૈચ્છિક રીતે રેજિમેન્ટને મદદ કરે અથવા સુરક્ષા, પ્રથમ પ્રતિક્રિયા આપવાની હોય, આવી પડેલી અણધારી આફતોમાં રાહત આપવાની હોય વગેરે માટે યાદીમાં નામ નોંધાવેલું હોય તેને પેરાબ્રિગેડ કહેવાય) જવાનોને આગળ વધી દુશ્મનોને હાંકી કાઢવા આદેશ આપ્યો. એક પછી એક સ્થળે દુશ્મનોને પડકારતાં જવાનો આગળ વધી રહ્યાં હતાં. પરંતુ ચારેબાજુથી ઉતરતા દુશ્મનોના ધાડેધાડાને અંકુશમાં લેવાનું મુશ્કેલ બનતું ગયું; મહિના કરતાં વધુ સમય પસાર થઈ ગયો, લડાઈ બંધ થવાનો કોઈ અણસાર જ નહોતો. એવામાં ડિસેમ્બર મહિનાની ૨૩ તારીખે તો છ હજાર જેટલાં હથિયારબંધ ઘૂસણખોરો નૌશેરા પર ત્રાટક્યા અને પહેલા જાંગરને કબજે લીધું અને પછી થોડા દિવસમાં નૌશેરા પર કબજો જમાવ્યો.

જાંગર અને નૌશેરા હાથમાંથી જતાં ૫૦ પેરાબ્રિગેડના જવાનો હતપ્રભ થઈ ગયાં. તેમને 'જીવ જાય તો ભલે જાય, પણ જમીન ના જવા દેશો.'' આ શબ્દોના ઝનૂન સાથે જ ૧ ફેબ્રુઆરી ૧૯૪૮ના રોજ ભારતની ૫૦ પેરાબ્રિગેડે રાત્રે હુમલો કર્યો અને નૌશેરા પર પોતાનો કબજો મજબૂત કરી લીધો. હુમલાખોરોએ પીછેહઠ કરવી પડી.

એકવાર પછડાટ ખાઈને દુશ્મનોએ ફરીથી હિંમત કરીને પહેલાં કરતાં વધારે આક્રમક રીતે હુમલો કરી લીધો. આ હુમલામાં જદુનાથ સિંહની હિંમત અને વિશ્વાસ ખૂબ જ હતાં. દુશ્મનો હતપ્રભ હતા. હિન્દુસ્તાની સેનાની જુદા જુદા મોરચા ઉપરની સફળતાએ પાકિસ્તાની સૈનિકોને દ્વિધામાં મૂક્યા હતા. એમનું મનોબળ પાછું લાવવા માટે પાકિસ્તાની ટુકડીઓના નાયક દૂરદૂરના વિસ્તારોમાં હુમલો કરાવતા હતા. એમણે છ હજાર સૈનિકોની સેના સાથે બે પંજાબ બટાલિયનને લગભગ ત્રેવીસ, ચોવીસ ડિસેમ્બર ૧૯૪૭ ના રોજ જાંગરથી પાછી હટાવી લીધી હતી અને એવું લાગી રહ્યું હતું કે દુશ્મનોનું આગળનું નિશાન નૌશેરા હશે. એ માટે બ્રિગેડિયર (લશ્કરી બ્રિગેડનો સેનાપતિ) ઉસ્માન હરસંભવ તૈયારી કરવાનું ઈચ્છતા હતા. નૌશેરાની ઉત્તર બાજુ પહાડી ઠિકાના કોટ હતો, જેના પર દુશ્મનો એકઠાં થયા હતા અને નૌશેરાના રક્ષણ માટે એ જરૂરી હતું કે એ કોટ પર અંકુશ મેળવી લેવામાં આવે.

પાકિસ્તાન વારંવાર હુમલો કરતું રહ્યું. એમાં પણ નૌશેરા છીનવાઈ જતાં તેઓ ધૂંઆપૂંઆ થઈ ગયા હતા. કારણ કે આ લડાઈમાં તેઓએ જાન અને દારૂગોળાનું ઘણું મોટું નુકસાન ઉઠાવવું પડ્યું હતું. ૬ ફેબ્રુઆરી ૧૯૪૮નો હુમલો પાકિસ્તાનની તીવ્ર હતાશામાંથી ઉદ્‌ભવેલ ક્રોધનું જ પરિણામ હતું. છ દિવસ બાદ ૧૫,૦૦૦ સશસ્ત્ર ઘૂસણખોરોએ ભારે માત્રામાં દારૂગોળા સાથે તૈંધર પર આક્રમણ કર્યું. જ્યાંથી નૌશેરા પર કબજો જમાવવો સરળ હતો. દુશ્મનોની સંખ્યા ઘણી વધુ હતી. અને વધુ જોશમાં હતા. પણ એક સામટા પંદર પંદર હજાર સૈનિકોના આક્રમણ સામે ભારતીય સૈનિકોએ બિલકુલ હિંમત હાર્યા વિના દૃઢતાથી તેમનો સામનો કર્યો. બંને વચ્ચે ભયંકર યુદ્ધ ચાલ્યું. લડતાં લડતાં રાતના ત્રણ વાગી ગયા. ભારે ધુમ્મસ અને અંધારાનો લાભ લઈ દુશ્મનો ભારતની તૈંધર ચોકી સુધી પહોંચી ગયા.

જુદી જુદી ટુકડીઓના નિર્માણમાં એક ટુકડી લાન્સ નાયક જદુનાથ સિંહની પણ હતી કે જેઓ ૬ ફેબ્રુઆરી ૧૯૪૮ના રોજ નૌશેરાની ઉત્તરે આવેલા તૈંધરમાં પોતાની ટીમની આગેવાની કરી રહ્યાં હતાં. અને જોશમાં હતાં કે નૌશેરા સુધી દુશ્મનોને પહોંચવા નહીં દે, પરંતુ કમનસીબે પ્રતિકૂળ હવામાનનો ફાયદો ઉઠાવીને દુશ્મનો ભારતીય ચોકી પાસે પહોંચી ગયા હતાં. પંદર હજાર દુશ્મનોના

હુમલાથી બેખબર જદુનાથ સિંહ તેમના મિત્ર સાથે બેઠાં વાતો કરતાં હતાં અને મિત્ર જદુનાથને કહી રહ્યો હતો કે, "જદુ, લગ્ન કરી લે હવે. મને તારી ચિંતા થાય છે. મને એ નથી સમજાતું કે તેં બાલબ્રહ્મચારી રહેવાનો નિર્ણય શા માટે કર્યો છે ! મિત્રએ યેનકેન પ્રકારે ઘણી દલીલ કરી ત્યારે મર્માળ હસતાં, દૂર ક્ષિતિજ તરફ દૃષ્ટિ કરતાં જદુનાથે કહ્યું, "દોસ્ત હું કંઈ આજીવન બ્રહ્મચારી રહેવાનો નથી. મારા લગ્ન નક્કી થઈ ગયાં છે. આશ્ચર્યમુગ્ધ મિત્રના પ્રશ્નોના ઉત્તર આપતાં જદુનાથે કહ્યું કે, મોતની સંસ્કારી દીકરી શહીદી સાથે મારા લગ્ન નક્કી થઈ ગયા છે. એ ક્યારની વરમાળા લઈને ઊભી છે. બસ ! મારી ભારતમાતા મને રજા આપે એટલે હું પરણી જઈશ એની સાથે જદુનાથના અવાજમાં સચ્ચાઈ અને વિધાતાની મરજીનો રણકો સાંભળતા મિત્ર તેમને તાકતો રહ્યો.

એ દિવસ હતો, ૬ ફેબ્રુઆરી ૧૯૪૮. પૂર્વાકાશ તરફ થોડો ઉજાસ ફેલાયો ત્યારે જ નૌશેરા સેક્ટરની સલામતી માટે તૈંધર ચોકી પર તૈનાત જદુનાથે કંઈક સળવળાટ સાંભળ્યો; તેઓ સચેત થઈ ગયા, દૂર નજર દોડાવી અને ત્યાં તો જાણે કીડિયારું ઉભરાયુ હોય એમ દુશ્મનની એક આખી ફોજ એમની ચોકી તરફ આવતી દેખાઈ. એ દિવસે તૈંધર ચોકી પર રાજપૂત રેજિમેન્ટની ધૂરા નાયક જદુનાથ સિંહના હાથમાં હતી અને ચોકી પર સૈનિકો માત્ર ૨૭ જ હતા અને એમની સામે હતા સેંકડો દુશ્મન અને તેમણે એક પછી એક પોસ્ટ પર હુમલો કરવાનું શરૂ કરી દીધું હતું. એક પણ ક્ષણનો વિલંબ કર્યા વિના જદુનાથ સિંહ ઊભા થઈ ગયા અને આદેશ આપ્યો, "જવાનો, આપણે રાજપૂત છીએ અને આપણી રેજિમેન્ટ રાજપૂતોની રેજિમેન્ટ છે. આપણી ઉપસ્થિતિમાં દુશ્મન આપણાં દેશમાં પગ નહીં મૂકી શકે. આજે આપણી ઈજ્જતની પરીક્ષાની ક્ષણ આવી ગઈ છે અને રાજપૂત આ જ ક્ષણ માટે જીવે છે. આપણે લોહીનું આખરી બુંદ વહાવી દઈશું પરંતુ આ પોસ્ટને નહીં છોડીએ. દુશ્મનો આપણા આંગણા સુધી આવી ગયા છે. વિંધી નાંખો. એક એક જવાન દસને મારશે. કોઈ પણ દુશ્મન બચવો ન જોઈએ. એટેક !!

એક સાથે ૨૭ મશીનગનો ધણધણી ઊઠી, ઘૂસણખોરોએ વળતો પ્રહાર કર્યો. કેટલાંય દુશ્મનો વિંધાઈને નીચે ઢળી પડ્યા. જદુનાથ સિંહની ૨૭ સૈનિકોની ટુકડી અને ૧૫,૦૦૦ દુશ્મન સૈનિકો વચ્ચે ધમાસણ યુદ્ધ ચાલ્યું. હુમલો મોટો હતો, પણ તૈનાત ટુકડીની બહાદુરી પણ ઓછી નહોતી. તૈંધર ચોકીની પહાડીઓ કેટલીયવાર સુધી ગોળીઓના ધમાકાથી ગૂંજતી રહી. લડાઈ ચાલુ હતી. અને ત્રણ જુદા જુદા પ્રકારના હુમલાઓ કરવામાં જદુનાથ સિંહ સફળ રહ્યાં. જેમાં અસંખ્ય પાકિસ્તાની ઘૂસણખોરો માર્યા ગયા હતા અને અચાનક શીતળ હવાને ચીરતી એક ધગધગતી ગોળી આવી અને તૈંધર ચોકી પર લડી રહેલા જદુનાથ સિંહના ખભાની આરપાર નીકળી ગઈ. લોહીનો ફૂવારો ઉડ્યો. એ બે ઘડી ચમક્યા, અટક્યા, પીડાથી ચિત્કારી ઉઠ્યા અને આસપાસ જોયું. એમના ઘણાં સૈનિકો શહીદ થઈ ચૂક્યા હતા. ઘણાં બધાં ગંભીર રીતે ઘાયલ હતાં. વધુ તો હેરત ત્યારે પામ્યા કે જયારે આજુબાજુ પથરાયેલી બરફની ચાદર એમની ટુકડીના જવાનોના રક્તથી રંજિત થઈ હતી. બીજા હુમલામાં પણ દુશ્મનો ભારતીય સૈનિકોના રણકૌશલ આગળ માર ખાઈ રહ્યાં હતા. જદુનાથ સિંહ અને તેમના અન્ય સાથી જવાનો જખ્મી થઈ ચૂક્યા હતાં છતાં પણ તેઓએ પીછેહઠ ના કરી અને પોસ્ટ ઉપર અડગ રહ્યા.

શહીદીનું તિલક લગાવીને માભોમને આલિંગીને સૂતા સૈનિકો, ગંભીર રીતે ઘાયલ સૈનિકો, ઘાયલ અવસ્થામાં પણ દુશ્મનો સામે ઝઝૂમતા સૈનિકો, ટુકડીના કુલ ૨૭ સૈનિકોમાંથી કેટલાંની શહીદી અને કેટલાંની હયાતી, કેટલાં ઘાયલ અને કેટલાંની બચવાની શક્યતા!

લડાઈ ચાલતી રહી. જદુનાથ સિંહ પાસે બહુ ઓછા સિપાહી લડવા માટે બચ્યાં હતાં. મોટા ભાગના જવાનો શહીદ થઈ ચૂક્યા હતા. જદુનાથ સિંહનો જમણો હાથ પણ ભયંકર રીતે ઘવાયો હતો. અને જાંઘમાં પણ ગોળી વાગી હતી. દુશ્મનો માત્ર ૧૫ ડગલાં દૂર હતાં. તૈંધર

ચોકી હાથથી જશે તેમ લાગતું હતું અને જો તૈંધર જાય તો ? તો પછી નૌશેરા અને બીજા અનેક વિસ્તારો પણ દુશ્મનોના હાથમાં ચાલ્યા જશે. આ વિચારે જ જદુનાથ સિંહને વિહવળ બનાવી દીધાં; કંપાવી દીધાં. એમને એમના અધિકારીઓના શબ્દો કાનમાં ગૂંજવા લાગ્યા, "જીવ ગુમાવીને આવજો પણ જમીન ના ગુમાવશો." જદુનાથ સિંહને લાગ્યું કે હવે ભારતમાતાએ શહીદીની વરમાળા પહેરાવવાની મંજૂરી આપી દીધી છે.

મિત્ર સૈનિકોને ઉદ્દેશીને તેમણે ઝનૂનપૂર્વક કહ્યું, "દોસ્તો ! તમારી શહીદીને એળે નહીં જવા દઉં કંઈ પણ થઈ જાય, તૈંધર ચોકી દુશ્મનોના હાથમાં તો નહીં જ જવા દઉં. આ દેહ પડી જશે પણ તમારા બલિદાનને એળે નહીં જવા દઉં, જય બજરંગબલી.....જય હનુમાન.... "એને એમ કહેતાં સ્ફૂર્તિથી ઊભા થયા. એક ઘાયલ પડેલા ગનરની સ્ટેનગન ખુદ હાથમાં લીધી. અને એક પણ ક્ષણનો વિલંબ કર્યા વિના દુશ્મનોની છાતી તરફ ફેરવીને બમણાં જોરથી ગોળીઓની ધણધણાટી બોલાવતાં ટ્રેન્ચની બહાર આવી ગયા. અને દુશ્મનોની ચોકીમાં તાંડવ મચાવી દીધું. તેમનું રુદ્ર સ્વરૂપ જોઈને દુશ્મનો ચોંકી ગયા, ગભરાયા, અવાચક્ રહી ગયા. થથરી ગયા. અને તેમનામાં નાસભાગ મચી ગઈ. તેમણે પાછા હટવું પડ્યું. જદુનાથસિંહ હાંફતાં હાંફતાં નીચે બેઠાં. કંઈક વિચારે ત્યાં જ દુશ્મનોએ બમણી તાકાત અને ગુસ્સાથી પાછો ત્રીજો હુમલો કર્યો. ફરીવાર ગોળીઓની રમઝટથી બરફની પહાડીઓ ધણધણી ઊઠી. લોહીથી લથપથ થયેલા અને લબડી રહેલા નિર્જીવ હાથ સાથે જ જદુનાથ સિંહ ઊભા થયા. ડાબે હાથે મશીનગન ઉઠાવીને ગોળીઓનો વરસાદ કરતાં આમ તેમ ઘુમતા રહ્યાં અને જય બજરંગબલીના નારા સાથે દુશ્મનોની છાતીનાં નિશાન લઈને ગોળીઓ છોડતાં રહ્યાં. દુશ્મનો તરફથી પણ ગોળીઓ છૂટતી રહી. ત્યાં અચાનક જ એક ગોળી આવી અને આખરે જદુનાથસિંહના ગળામાં વરમાળા થઈને પરોવાઈ ગઈ. પછી બીજી ગોળી એમના માથામાં વાગી. લોહીનો ફૂવારો ઊડ્યો. જાણે ભારતમાતા તેમને કંકુ અને અક્ષત લઈને પોંખી રહી હોય. આ સમય દરમિયાન બ્રિગેડિયર ઉસ્માન સિંહને પરિસ્થિતિનો અંદાજ આવી ગયો અને તેમણે ત્રણ પૈરા રાજપૂતની એક ટીમને તૈંધર તરફ રવાના કરી દીધી. જદુનાથ સિંહે તેમના આવવા સુધી ટક્કર ઝીલવાની હતી. ટકી રહેવાનું હતું. પણ ત્યાં જ સનનન કરતી એક ગોળી છૂટી જ તેઓની છાતીમાં પ્રવેશી ગઈ. આજ સમયે ખજૂરી ગામમાં તેમના માતાપિતાએ રાખેલા કિર્તનમાં ખજૂરી ગામમાં તેમના માતાપિતાએ રાખેલા કિર્તનમાં ગામ આખું ભેગું થયું હતું. કારણ કે ૧૯૪૭માં જ્યારે કબાલીઓએ કાશ્મીર પર હુમલો કર્યો હતો ત્યારે જદુનાથ સિંહે પોતાની માને કહ્યું હતું કે મા દુ:ખી ના થા. જ્યારે હું કાશ્મીરમાં માબ્હેનની ઈજ્જત લૂંટાતા જોઉં છું તો ખળભળી ઊઠું છું. જ્યાં સુધી હું મારી મા-બ્હેનોને આ યાતનામાંથી છૂટકારો નહીં અપાવું ત્યાં સુધી ઘેર નહીં આવું. અને જો તમે ઈચ્છતા હોવ કે હું મારા ઉદ્દેશમાં સફળ થાઉં તો મને યાદ કરીને, દીન દુઃખિયાઓને યાદ કરીને, આખા ગામને ભેગું કરો અને હનુમાન સામે દીપ પ્રગટાવો અને કિર્તન કરો.

ભારત પાકિસ્તાન વચ્ચેની નૌશેરાની આ ઐતિહાસિક લડાઈ ૧૯૪૭-૪૮ના યુધ્ધની સૌથી મોટી લડાઈ કહેવાય છે. અને આ ઐતિહાસિક લડાઈનો ઇતિહાસ આ વીરે પોતાના ખૂનથી લખ્યો. જદુનાથ સિંહની શૂરવીરતા જોઈ બાકી રહેલા માત્ર ત્રણ સૈનિકોમાં પણ જોશનો સંચાર થયો. ત્રણેય ઊભા થયા. દુશ્મનો પર તૂટી પડ્યા અને થોડી જ વારમાં ત્રણેય શહીદ થઈ ગયા.

બીજી બાજુ ભારતીય સેનાને આગળ વધતા અટકાવવા માટે દુશ્મનોએ કેટલીએ જગ્યા પર રોડ બ્લૉક્સ (અવરોધકો) લગાવ્યા હતા પરંતુ યુદ્ધમાં સૈનિકોની સહાયતા માટે તૈનાત કર્મચારીઓ પણ ઓછા વીર નથી હોતા. ૩૭ એસોલ્ટ ફિલ્ડ કંપનીના એન્જિનિયર માથા પર મોત રાખીને આવો જ એક અવરોધ હટાવી રહ્યાં હતાં. જ્યારે દુશ્મનોના બોમ્બની વર્ષા પ્લેટનની વચ્ચોવચ થઈ ત્યારે સેકન્ડ લેફ્ટનન્ટ રામ રાઘોલા રાણે ઘણી ખરાબ રીતે ઘાયલ થયા. છતાં પણ તેમણે ત્યાંથી

ખસવાનો ઈન્કાર કર્યો અને દુશ્મનોની મશીનગનની ગોળીઓ ઝીલતાં ઝીલતાં તેમણે એકલાંએ જ પોતાના બળ ઉપર ચીડના પાંચ ઝાડોને રસ્તા પરથી ખસેડ્યા. ત્યારે ત્રણ પૈરા રાજપૂતની ટુકડી આગળ વધી શકી અને બધાએ ભેગા મળીને દુશ્મનોનો કચ્ચરઘાણ વાળી દીધો. દુશ્મનોને ખદેડતા ખદેડતા જ્યારે જદુનાથ સિંહનું શબ મળ્યું ત્યારે ગોળીઓના આઠ નિશાન હતા અને તે પણ બધા તેમની છાતી ઉપર. દુશ્મનો નિષ્ફળ રહ્યાં. તેમણે ત્યાંથી ભાગવું પડ્યું અને નૌશેરા અને તૈંધર ચોકી બચી ગયા. જેનું કારણ માત્ર ને માત્ર લાન્સ નાયક જદુનાથ સિંહની હિંમત હતી. ખરેખર ! હિંમતનું બીજું નામ હતું લાન્સ નાયક જદુનાથ સિંહ.

જદુનાથ સિંહ સેનામાં ભરતી થવા આવ્યા ત્યારે અંગ્રેજ શાસન હતું. શાકાહારી જદુનાથ સિંહ કઈ રીતે દુશ્મનો સામે લડવા માટે તાકાત મેળવી શકશે ? ત્યારે જ જદુનાથ સિંહે પડકાર ફેંક્યો અને કહ્યું, “માંસ, મચ્છી, મુરઘી, ઈંડા-બધું ખાવાવાળા સાથે કુશ્તી કરાવી દો, ને જોઈ લ્યો. જો હું હારી જાઉં તો તમે કહેશો તે ખાઈશ; ને જો જીતી જાઉં તો હું કહું તે ખાઉં અને દૂધ ડબલ કરી દેવું અને અંગ્રેજોએ એમની વાતનો સ્વીકાર કર્યો. ઘાસફૂસ ખાનારા આ શૂરવીરે માતૃભૂમિ પર પોતાની જાન ન્યૌચ્છાવર કરી દીધી, પણ નૌશેરાની એ લડાઈમાં તિરંગાની શાન ઓછી ના કરી.

સેનામાં ભરતી થયા પછી એકવાર જદુનાથ સિંહ પોતાના ઘેર સૌને મળવા ગયા ત્યારે માતાપિતા, ભાઈ-ભાભી સર્વેને માટે કંઈને કંઈ ભેટ લેતા ગયા હતા. પરંતુ જદુનાથ સિંહ જ્યારે માત્ર પહેલવાની જ કરતાં હતાં ત્યારે તેમની ભાભીઓએ એમને ઘણી ખરી ખોટી સંભળાવી હતી. એમના મહેણાંટોણાંથી જ જદુનાથ સિંહે ઘર છોડવું પડ્યું હતું. તેનાથી ભાભીઓ પણ શરમાઈને જદુનાથ સિંહની સામે આવતા સંકોચ અનુભવતી હતી. ત્યારે જદુનાથ સિંહે તેઓને ઉદ્દેશીને કહ્યું કે સેનામાં જઈને હું સુખી છું. જો કૈકેઈના કહેવાથી રામને વનવાસ ના થયો હોત તો રાવણને કોણ મારત ખરેખર ! શ્રીરામની જેમ જ અન્યાય, અસત્ય અને અત્યાચારના દૈત્યને હણીને લાન્સ નાયક જદુનાથ સિંહે રાવણ ઉપર વિજય મેળવ્યો હતો.

પોતાના માતાપિતા માટે ઊંડી લાગણી ધરાવનાર, જદુનાથ સિંહ હંમેશાં એમ કહેતાં કે, મા હું મનીઓર્ડર મોકલતો રહીશ અને ઘરને પાકું કરી દઈશ. પછી તમે બધાં આરામથી રહેજો. એ જ જદુનાથ સિંહ ભારતમાતાની શૈયામાં ૬ ફેબ્રુઆરી ૧૯૪૮ના રોજ આરામથી પોઢી ગયા. આજે ધરતી માતા પણ સતત ફૂલાતી હશે.

સફળ નેતૃત્વના અને બહાદુરીના ઉત્તમ ગુણો દર્શાવતા લાન્સ નાયક જદુનાથ સિંહે પોતાની અંગત સલામતીની પણ પરવાહ કર્યા વિના ખૂબ જ હિંમત અને ધૈર્યથી મોતને ભેટ્યાં ત્યાં સુધી પોતાના સાથી જવાનોને યુદ્ધમાં લડવા માટે પ્રેરણા, પ્રોત્સાહન અને ઉત્તેજન પૂરું પાડીને પરાજયને વિજયમાં ફેરવી નાંખવામાં સફળ રહ્યાં. તેઓ ખરેખર પરમવીર હતા. આથી જ ભારત સરકારે તેમને ભારતીય સૈન્યના સર્વોચ્ચ શૌર્ય સન્માન (મરણોત્તર) પરમવીર ચક્રથી સન્માનિત કર્યા.

ઉત્તર પ્રદેશ સરકારે તેમના વતન શાહજહાંપુરામાં એક સ્ટેડિયમનું નામ પરમવીર ચક્ર લાન્સ નાયક જદુનાથ સિંહ સ્પોર્ટ્સ સ્ટેડિયમ' તરીકે રાખીને આ પરમવીર ચક્ર વિજેતાને સન્માનિત કર્યા. આ બહાદુરને શ્રદ્ધાંજલિ આપવા માટે ભારત શિપિંગ કોર્પોરેશન ઑફ ઈન્ડિયાએ ૨૧ સપ્ટેમ્બર ૧૯૮૪ના રોજ ‘પરમવીર ચક્ર જદુનાથ સિંહ' તરીકે ઑઈલ ટેન્કરનું નામ આપ્યું હતું.

લાન્સ નાયક જદુનાથ સિંહ.... ભૌતિક દેહથી ભલે તમે મૃત્યુ પામ્યા, પણ ભારતભરમાં તમે આજે પણ જીવો છો. પોતાના જીવનનું સમર્પણ કરીને, ન્યૌચ્છાવર થઈને હિન્દુસ્તાનની કરોડો જનતાના દિલમાં તમે એક નાદ જગાવ્યો છે. તમારા નામ પર દેશવાસીઓને ગર્વ છે, અભિમાન છે.

ભારતમાતાના આ એકલવીર (નીડર) પુત્રને રાષ્ટ્રાંજલિ અર્પતા આપણા કોટિ કોટિ પ્રણામ.

# અદ્‌ભુત શિક્ષિકા, અદ્‌ભુત લિસ્ટ

એક દિવસ એક શિક્ષિકા બહેને નવમાં ધોરણના વિદ્યાર્થીઓને બે મોટા કાગળમાં પોતાના ક્લાસના વિદ્યાર્થીઓના નામ લખવા કહ્યું. દરેક નામની સામે તેમ જ નીચે બે લીટી ખાલી રાખવાનું કહ્યું. વિદ્યાર્થીઓને નવાઈ લાગી. થોડીક ઈન્તેજારી પણ થઇ કે બહેન શું કરવા માંગે છે ?

શિક્ષિકા બહેને ત્યારબાદ દરેક વિદ્યાર્થીના નામની સામે જે તે વિદ્યાર્થીના સૌથી સારા ગુણો વિષે બધાને યાદ આવે તેટલું લખવાનું કહ્યું. દરેકે દરેક વિદ્યાર્થીના સદ્‌ગુણને યાદ કરીને લખવામાં બધા વિદ્યાર્થીઓને ખાસ્સી વાર લાગી. આવા નવતર પ્રયોગનો આનંદ પણ આવ્યો. ક્લાસનો બાકીનો સમય પણ આજ કામમાં પૂરો થયો. શાળા છૂટ્યા બાદ દરેકે પોતાનું લખાણ શિક્ષિકા બહેનને સુપરત કરીને વિદાય લીધી.

અઠવાડિયાના અંતે શિક્ષિકાબહેને દરેક વિદ્યાર્થીના નામવાળો એક એક કાગળ તૈયાર કર્યો. પછી તેના પર દરેક વિદ્યાર્થીએ તેના વિષે શું સરસ લખ્યું છે તેની યાદી તૈયાર કરી. સોમવારે ફરીથી ક્લાસ મળ્યો ત્યારે તેમણે દરેકને પોતાના નામવાળું લિસ્ટ આપ્યું. દરેક વિદ્યાર્થી આશ્ચર્યમાં ગરકાવ થઇ ગયો. દરેકના મોઢેથી આનંદના ઉદ્‌ગારો સરી પડ્યા.

અરે ! ભગવાન ! બધા મારા વિષે આટલું સરસ વિચારે છે ?

દરેકના હ્રદયમાં મારા માટે આટલું બધું સન્માન હશે ? આવું તો મેં ક્યારેય સપને પણ વિચારેલું નહી !

બધા મને આટલું ચાહતા હશે તેની કલ્પના પણ મેં ક્યારેય નહોતી કરેલી.

આંખમાં આંસુ સાથે દરેક વિદ્યાર્થી આવા ઉદ્‌ગારો વ્યક્ત કરતો ગયો. પોતાનું મહત્ત્વ બીજાને મન આટલું બધું હશે એ કોઈના માનવામાં જ નહોતું આવતું ! એ દિવસ પૂરો થયો. ત્યારબાદ બધા જ વિદ્યાર્થીઓ એકબીજા સાથે હળીમળીને જ રહ્યા. કોણે કોના વિષે શું લખ્યું હતું તે કોઈ જાણતું ન હતું. એટલે બાકીના વર્ષો દરેક જણે બીજાની લાગણી ન દુભાય તેનો બરાબર ખ્યાલ રાખ્યો.

મહિનાઓ વીતી ગયા. આ વાત પણ ભુલાઈ ગઈ.

ઘણા વર્ષો પછી એ જ શહેરનો એક વિદ્યાર્થી વિયેટનામની લડાઈમાં માર્યો ગયો. એનું નામ માર્ક. એનું શબ ગામમાં લાવવામાં આવ્યું. દેશને ખાતર ખપી જનાર જવાંમર્દને શ્રદ્ધાંજલિ આપવા લોકો ઉમટી પડ્યા. પેલાં શિક્ષિકા બહેન પણ તેમાં સામેલ હતા. જયારે તેમણે અશ્રુભરી આંખે — મારા વ્હાલા વિદ્યાર્થી ! — એમ કહીને કૉફિન ઉપર ફૂલો વેર્યા ત્યારે બાજુમાં ઉભેલ એક અન્ય સૈનિક નજીક આવ્યો.

ધીમેથી તેમણે કહ્યું — શું તમે જ માર્કના નવમાં ધોરણના ક્લાસટીચર છો મેડમ ?

હા, કેમ ? — શિક્ષિકા બહેનને આશ્ચર્ય થયું.

ના, કંઈ નહી. માર્ક તમારા વિષે હંમેશાં ખૂબ જ કહેતો રહેતો. તમને એ હંમેશાં અતિ આદરથી યાદ કરતો.

ત્યારપછી ત્યાં હાજર રહેલા સમુદાયમાં થોડીક ગુસપુસ શરુ થઇ ગઈ.

અંતિમ ક્રિયા પતી ગયા પછી પ્રાર્થના માટે બધા એકઠા થયા. ત્યારે એક સજ્જન પેલાં શિક્ષિકા બહેનની પાસે આવ્યા અને અત્યંત માનપૂર્વક બોલ્યા — નમસ્તે ! તમે જ માર્કના નવમાં ધોરણના કલાસ ટીચર છોને ?

જુઓ, માર્ક મરાયો ત્યારે એના ખિસ્સામાંથી આ કાગળ મળેલો. એના પર માર્કે પોતાના હાથે લખેલું છે કે 'નવમાં ધોરણના અતિઆદરણીય કલાસ ટીચર તરફથી મળેલી સર્વોત્તમ ભેટ.'

સેલોટેપ વડે ઠેકઠેકાણેથી ચોંટાડેલો એ કાગળ કેટલી બધી વખત ખોલેલો અને ફરીથી ગડી વળાયેલો હશે એ એની સ્થિતિ પરથી સ્પષ્ટ દેખાઈ આવતું હતું. કાગળ જોઇને શિક્ષિકા બહેન ગળગળા થઇ ગયા. એ પેલો જ કાગળ હતો જે એક દિવસ એમણે ક્લાસના દરેક વિદ્યાર્થીને એમના અંગે બીજા વિદ્યાર્થીઓ શું સરસ વિચારે છે તે નોંધીને આપેલો.

બહેન ! માર્કની જ બેરેકમાં સાથે રહેલો અન્ય એક

(અનુસંધાન પૃષ્ઠ ૪૨ ઉપર)

# શિક્ષણ સમાચાર

**અશોક સોમપુરા**

સરસપુર, અમદાવાદ.

**નોંધ : "ઘરશાળા" માસિકમાં શિક્ષણ સમાચાર નિયમિત પ્રગટ થાય તેવા પ્રયત્નો કરવામાં આવે છે. આ સમાચાર સામયિકો અને વર્તમાનપત્રોને આધારે તૈયાર થાય છે એટલે એ દૃષ્ટિએ જોવા વાચકોને અમારી વિનંતી છે. તંત્રીઓ.**

● **પરીક્ષા નિરીક્ષકોનું મહેનતાણું રૂા. ૧૨૫થી વધારી રૂા. ૨૫૦ કરાયું :** ગુજરાત યુનિવર્સિટીએ પરીક્ષામાં સુપરવિઝન, રિલિવર સહિતની પરીક્ષાલક્ષી કામગીરી માટે મહેનતાણામાં ૧૦૦ ટકા વધારો કર્યો છે. સિનિયર સુપરવાઈઝરને ૧૨૫ના બદલે ૨૫૦ અને જુનિયરને ૧૦૦ના બદલે ૨૦૦ તેમજ રિલિવર અને લેડી સુપરવાઈઝરને રૂા. ૧૦૦ના બદલે રૂા. ૨૦૦ મહેનતાણું આપવાનો નિર્ણય લેવાયો છે. પટાવાળા, વોચમેન, બેલમેનના મહેનતાણામાં પણ નજીવો વધારો કરાયો છે.

● **ધોરણ-૧૨ના પેપર ચેકિંગ માટે ૩૩ ટકા વધુ મહેનતાણું મળશે :** ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા લેવામાં આવતી ધો.૧૨ સાયન્સની ઉત્તરવહી અવલોકનની કામગીરીના વળતરમાં ૩૩ ટકાનો વધારો કરાયો છે. ઉત્તરવહી અવલોકન માટે રૂમના કો-ઓર્ડિનેટરને પ્રતિદિન રૂા. ૬૦૦ની જગ્યાએ રૂા. ૮૦૦, વિષય નિષ્ણાતને પ્રતિદિન રૂપિયા ૩૦૦ની જગ્યાએ ૪૦૦, બોર્ડના વર્ગ-૨ના અધિકારીઓને પ્રતિદિન રૂા. ૩૦૦ની જગ્યાએ રૂા. ૪૦૦, વર્ગ-૩ના કર્મચારીઓને રૂપિયા ૨૦૦ની જગ્યાએ ૨૫૦ અને વર્ગ-૪ના કર્મચારીઓને રૂા. ૬૫ની જગ્યાએ રૂા. ૧૦૦ ચૂકવવામાં આવશે.

● **ધોરણ ૩ થી ૫માં પિરિયડ પદ્ધતિ અમલી થશે :** શિક્ષણનો અધિકારી કાયદો ૨૦૦૯ના અમલીકરણની સાથે અત્યારના અભ્યાસક્રમની રચના સમયે ધોરણ ૧ થી ૮ માટે ચોક્કસ સમયના ફાળવણીની વાત કરવામાં આવી હતી. આ બાબતને ધ્યાનમાં રાખીને નવા પુસ્તકો પણ તૈયાર કરાયા છે. આ મુજબ એક અઠવાડિયામાં ૪૫ પિરિયડ વિદ્યાર્થીઓ માટે નક્કી કરવામાં આવ્યા છે. સાથે જ પિરિયડ માટે શિક્ષકો નક્કી કરવાની જવાબદારી આચાર્યને સોંપવામાં આવી છે.

● **ઉત્તરવહી ચકાસવાનો સમય :** સરકારી તથા ગ્રાન્ટેડ શાળાના ધોરણ ૩ થી ૮ના વિદ્યાર્થીઓની પરીક્ષા સૌ પ્રથમ વખત બોર્ડ મુજબ લેવાશે. ઉત્તરવહીની ચકાસણી વધુમાં વધુ ત્રણ દિવસમાં મૂલ્યાંકનકારે કરવાની રહેશે. આ ઉત્તરવહીઓ શાળાના મુખ્ય શિક્ષકને પહોંચાડી દેવાની રહેશે. સમયમર્યાદામાં આ ઉત્તરવહીની ચકાસણી થાય તે માટે રાજ્યના પ્રાથમિક શિક્ષણ નિયામક દ્વારા સૂચના જારી કરવામાં આવી છે.

● **અમદાવાદ જિલ્લાના ચાર ગામમાં એક મહિનામાં ગૂગલ શાળા શરૂ થશે :** અમદાવાદ જિલ્લાના બાળકોને કમ્પ્યૂટરનું જ્ઞાન મળે તે હેતુથી ચાર ગામોમાં ગૂગલ શાળા શરૂ થશે. એક વર્ગ ગૂગલ આધારિત કોર્ષ ચાલશે. સરકારી શાળામાં અભ્યાસ કરતા ધો.૬થી ૮ના બાળકોને કમ્પ્યૂટર અંગે વિશેષ જ્ઞાન આપવામાં આવશે. આ અંગે જિલ્લા પંચાયતે ૩૦ લાખનું બજેટ ફાળવ્યું છે.

● **ધો.૧થી ૫ના ૮૦ હજાર વિદ્યાર્થી માટે હવે ઓનલાઈન હાજરી :** નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ સંચાલિત ૩૭૯ શાળાઓના ધો.૧થી ૫ના ૮૦ હજાર વિદ્યાર્થીઓની હાજરી ઓનલાઈન કરવામાં આવી છે. વર્ગ શિક્ષક વિદ્યાર્થીઓની હાજરી ઓનલાઈન મોબાઈલ એપ્લિકેશન દ્વારા સબમિટ કરશે.

● **પ્રાથમિક શાળાઓમાં હવે કેન્દ્રીય ધોરણે પ્રશ્નપત્રો તૈયાર થશે :** રાજ્યમાં ચાલતી સરકારી પ્રાથમિક શાળાઓમાં ધોરણ ૩ થી ૮માં આવનારા સમયથી કેન્દ્રીય ધોરણે પ્રશ્નપત્રો તૈયાર

થશે. જેથી સમગ્ર ગુજરાતની દરેક સરકારી શાળાઓમાં પરીક્ષા પેપરમાં એક સરખી બ્લૂ પ્રિન્ટ જોવા મળશે. આ પદ્ધતિના અમલથી મૂલ્યાંકનમાં પણ સમાનતા જોવા મળશે.

**● આધાર ના હોય તો શાળા પ્રવેશનો ઈન્કાર કરી શકે નહિ :** આધારકાર્ડ નહિ હોવાને કારણે કોઈપણ શાળા બાળકને પ્રવેશ આપવાનો ઈન્કાર કરી શકે નહિ. કાયદો પણ આ વાતની મંજૂરી આપતો નથી. શાળા પ્રવેશ ઈન્કારના કેટલાક કિસ્સા બહાર આવ્યા બાદ આધારકાર્ડ આપતી સરકારી એજન્સી યુઆઈડીએઆઈએ આ મુજબ કહ્યું હતું. એજન્સીએ આ અંગે વધુ માહિતી આપતા જણાવ્યું હતું કે આધાર ના નામે કોઈપણ બાળકને તેને મળનારા લાભ કે અધિકારથી વંચિત રાખી શકાય નહિ.

**● શાળાઓને આધાર નોંધણી માટે ૨૦૦ કરોડ રૂપિયા મળશે :** શાળાઓમાં વિદ્યાર્થીઓની આધાર નોંધણી માટે યુઆઈડીઆઈ-એ રાજ્યોને ૨૦૦ કરોડ રૂપિયાની ફાળવણી કરશે. આ મદદ વડે દરેક તાલુકામાં નોંધણી માટે બે મશીન ખરીદી શકશે. આ કામ જિલ્લા વહીવટી તંત્રની દેખરેખ હેઠળ થશે. શાળામાં વર્ષમાં બે વાર આધાર શિબિર કરવામાં આવશે. જેથી વિદ્યાર્થીઓની નોંધણી થઈ શકે.

**ટૂંકાવીને...**

● ખાનગી શાળાઓને એનસીઈઆરટીના પુસ્તકો જ ભણાવવા પડશે. ● રાજકોટની ૨૧ સરકારી શાળાઓમાં અંગ્રેજીના વધારાના વર્ગ. વિદ્યાર્થીઓને સ્વચ્છ કેમ રહેવું તે પણ ભણાવાય છે. ● સરકારી શાળાના શિક્ષકોમાં સાદગી આવે તે માટે ખાદી ખરીદવી ફરજિયાત. ● સેન્ટ્રલ બોર્ડ ઑફ સેકન્ડરી એજ્યુકેશન બૉર્ડ (સીબીએસસી) બાળકોને મોમો ગેમથી દૂર રાખવા કરેલો પરિપત્ર. ● નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ સંચાલિત ૩૭૯ શાળાઓ હવે ફેસબુક અને ટ્વિટર પર. ● કેગના એક રિપોર્ટ દ્વારા ૭૩૫ શાળામાં માત્ર એક જ શિક્ષક ૪૦૩૧ શિક્ષક ફાજલ. ● આઈઆઈટી-આઈઆઈએમની જેમ હવે નાની કૉલેજોમાં આંત્રપ્રિન્યોરશિપ સેલ શરૂ કરશે રાજ્ય સરકાર.

**અદ્દભુત શિક્ષિકા, અદ્દભુત લિસ્ટ**

સૈનિક બોલ્યો. – માર્ક હંમેશાં કહેતો કે આ કાગળ એના જીવનની સૌથી અમૂલ્ય ભેટ હતી.

એ જ સમયે એક અન્ય યુવતી ત્યાં આવી. બોલી. – હા બહેન ! મારા પતિએ પણ એમનો આવો જ કાગળ મઢાવીને ફ્રેમ કરાવીને ઘરમાં રાખ્યો છે !

અરે મારા પતિએ તો અમારા લગ્નના આલબમમાં સૌથી પ્રથમ પાને આવો જ કાગળ લગાવ્યો છે !

અને હું તો હંમેશાં માર્કની જેમ જ આ કાગળ મારા ગજવામાં જ રાખું છું. મારી જિંદગીની પણ એ એક કિંમતી ભેટ છે !

અન્ય એક યુવકે પોતાના ખિસ્સામાંથી એવો જ એક કાગળ કાઢીને બધાને બતાવ્યો.

વાતાવરણમાં અહોભાવથી ભરેલી શાંતિ છવાઈ ગઈ. આંખમાં આંસુ અને આદરથી ત્યાં ઉપસ્થિત દરેક વ્યક્તિ પેલાં શિક્ષિકા બહેનને જોઈ રહી. હવે રડવાનો વારો શિક્ષિકા બહેનનો હતો. દરેક વિદ્યાર્થીના માથે હાથ મૂકીને એ ખૂબ જ રડ્યાં.

એક નાનકડો પ્રસંગ જીવનને કેવો વળાંક આપી શકે ? બીજા લોકોએ આપણા માટે કહેલા થોડાક સરસ શબ્દો આપણી જિંદગીને સુંદર ઘાટ આપી દેતા હોય છે. આપણે હંમેશાં બીજા અંગે વાત કરતા કે બોલતા આટલો જ ખ્યાલ રાખીએ તો ખાતરીથી એ લોકો એ શબ્દોને મઢાવીને જ રાખવાના !




આપણે આપણા મિત્રો, સ્નેહીઓ તેમ જ સગાંવહાલાંઓને કહીએ કે આપણે એમને કેટલા ચાહિયે છીએ, આપણા માટે એ લોકો ખૂબ જ મહત્ત્વના છે, આપણે એમને ખૂબ જ આદરથી જોઈએ છીએ, એ લોકોના ક્યાં સદ્દગુણો આપણને પ્રેરણા આપે છે અને મુશ્કેલીના સમયમાં માર્ગદર્શન પણ આપે છે.


ચાલો, ખૂબ મોડું થાય તે પહેલાં દુનિયાને કહી દઈએ કે અમે તને ખૂબ જ ચાહીએ છીએ.

અને છેલ્લે...

સેલોટેપ હોય કે સંબંધ,
કશાનો પણ છેડો એવી રીતે ના છોડી દેવો કે
ફરી તેને શોધવા ખોતરવુ પડે.







# મુ. શ્રી હરભાઈ ત્રિવેદી


**જન્મ દિન : ૧૪ નવેમ્બર ૧૮૯૧**

માધ્યમિક કેળવણીનો સૌથી મોટો ધર્મ તે પ્રજાનાં બાળકોને સ્વાશ્રયને પંથે ચડાવી દેવાનો છે. માધ્યમિક કેળવણીનું ધોરણ એવા પ્રકારનું રચાવું જોઈએ કે જેથી તેમાંથી ઉત્તીર્ણ થઈને બહાર પડતો વિદ્યાર્થી જાતમહેનતથી પ્રતિષ્ઠાપૂર્વકની આજીવિકા મેળવવા જેટલો શક્તિશાળી થાય. આજે તો આપણી માધ્યમિક શાળામાંથી જે વિદ્યાર્થી બહાર પડે છે તે વધારે અપંગ બનીને અને છતાં વધારે પડતી જરૂરિયાતોનો છંદ લઈને બહાર પડે છે ! તેને માટે કશો જ રસ્તો તેને પોતાને હાથ લાગતો નથી. આ સ્થિતિ ચલાવી લેવા જેવી નથી.





Registered under RNI No. GUJ GUJ / 1976 / 33936. Permitted to post at Ahmedabad PSO on the 2nd of every month under Postal Registration No. GAMC - 1550/2016-2018 Valid upto 31st December 2018
ઘરશાળા • નવેમ્બર - ૨૦૧૮ PUBLICATION : 2ND DATE OF MONTH છૂટક કિંમત : રૂ. ૨૦/-• વાર્ષિક લવાજમ: રૂ. ૧૫૦/-



ડૉ. રઘુભાઈ નાયક

# સરસ્વતી વિદ્યામંડળના સ્થાપકો

## સરસ્વતી વિદ્યામંડળ સ્થાપના : નવેમ્બર ૧૯૪૪



જશીબેન નાયક

ઈ.સ. ૧૯૩૦ના ગાળામાં પૂનાની રાષ્ટ્રીય આદર્શોને વરેલી પ્યૂપિલ્સ ઓન સ્કૂલના આચાર્ય જહાંગીર વકીલ એક ૨૫ વરસના ગુજરાતી યુવાનને પોતાની શાળામાં શિક્ષક થવા માટે આમંત્રણ આપે છે. આ ગુજરાતી રવીન્દ્રનાથ ટાગોરની શાંતિનિકેતન ગુરુકુળમાંથી તાજો-તાજો સ્નાતક થઈને બહાર આવ્યો હોય છે. ત્યાં એ વિદ્યાર્થી ગુરુદેવ અને પ્રો. દીનબંધુ એન્ડ્રૂજનો પ્રીતિપાત્ર વિદ્યાર્થી હતો. માટે જ તેની નામના સાંભળીને તેને પૂનાની આ શાળામાં શિક્ષક તરીકે ફરજ બજાવવાનું આમંત્રણ મળ્યું હતું. આ યુવાન ઉત્સાહભેર શાળામાં શિક્ષક તરીકે જોડાય છે અને ત્યાં ભારતના ભાવિ વડાપ્રધાન ઈન્દિરાગાંધીના શિક્ષક બનવાનું સૌભાગ્ય પ્રાપ્ત થાય છે. એ દરમિયાન પં. જવાહરલાલનાં સંપર્કમાં આવે છે અને ઈ.સ. ૧૯૩૫માં જર્મનીમાં ફ્યુબર્ગ યુનિ.માં વધુ અભ્યાસ માટે જાય છે ત્યાં પીએચ.ડી.ની ડિગ્રી મેળવે છે અને મ્યુનિક યુનિ.માં મનોવિજ્ઞાનનો પણ અભ્યાસ કરે છે. એ પછી ડેન્માર્ક, બેલ્જિયમ, હૉલેન્ડ વગેરેની મુલાકાત લે છે. એ દરમિયાન વિયેનામાં સુભાષચંદ્ર બોઝ અને પેરિસમાં સયાજીરાવ ગાયકવાડ સાથે મુલાકાત થાય છે. સયાજીરાવ તેમને વડોદરા રાજ્ય તરફથી શિષ્યવૃત્તિ આપે છે અને ઈંગ્લેન્ડમાં વધુ અભ્યાસ માટે મોકલે છે. ત્યાં બીજું વિશ્વ યુદ્ધ ફાટી નીકળતા સ્વદેશ પરત આવી જાય છે. સ્વદેશ પાછા આવ્યા બાદ સ્વ. ક.મા.મુન્શી અને સયાજીરાવ તેમને પોતાની સંસ્થાઓમાં મોટા પગારે નોકરીની દરખાસ્ત મોકલે છે. વડોદરામાં ટીચર્સ ટ્રેનિંગ કૉલેજમાં અધ્યાપન કરાવવાની દરખાસ્ત પણ નકારી દે છે અને અમદાવાદના અતિ પછાત એવા પૂર્વના પરા વિસ્તાર સરસપુરમાં નવેમ્બર ૧૯૪૪માં સરસ્વતી વિદ્યામંડળની સ્થાપના કરે છે. ભારતને આઝાદી મળ્યા પછી સૌરાષ્ટ્રનું અલગ રાજ્ય થતાં તેના પ્રથમ મુખ્યમંત્રી ઢેબરભાઈએ આ યુવાનને સૌરાષ્ટ્ર રાજ્યના ડાયરેક્ટર ઑફ એજ્યુકેશનનો હોદ્દો સંભાળી લેવા વિનંતી કરે છે. આ યુવાને ઉત્તર પાઠવ્યો - 'મારે મન ગરીબ અને પછાત વિદ્યાર્થીઓની કેળવણીનું વિશેષ મહત્ત્વ છે. માફ કરજો, એ છોડીને હું ન આવી શકું.' સામાન્ય શિક્ષક થવા માટે આવા ઉચ્ચ હોદ્દાને છોડનાર આ યુવાન એટલે ડૉ. રઘુભાઈ નાયક. શિક્ષક થવાથી શક્ય સંતોષ અને આનંદનું મહામૂલ્ય તે સમજ્યા હતા.

ડૉ. રઘુભાઈ તથા મુ.શ્રી જશીબહેનના ત્યાગ, બલિદાન, સેવા, કર્તવ્ય, નિષ્ઠા, વફાદારી, દેશપ્રેમ અને સહનશીલતાના ગુણો સમગ્ર શિક્ષક જગતને પ્રેરણાદાયી બની રહે.

સંકલન : જીતુ નાયક, કડી

માલિક : સરસ્વતી વિદ્યામંડળ, સરસપુર, અમદાવાદ-૩૮૦૦૧૮. ફોન : ૨૨૯૨૦૫૩૭
મુદ્રક, પ્રકાશક અને તંત્રી : જ્યોતીન્દ્રભાઈ દવે એ શ્રી ભગવતી પ્રિન્ટર્સ,
૭૯૭, કડિયાવાડ, સરસપુર, અમદાવાદ-૩૮૦૦૧૮. ફોન : ૯૮૨૫૭૫૨૪૩૭માં પ્રકાશિત કર્યું.